શ્રી.

ભાવસારોના બાવીશીના પંચને ઉપયોગી.

સુંદિર સૂર્ય પ્રકાશ.

અસલ.

મહાન્ત પુરૂષોના જુના તમામ રાગ ઉપરથી
નકલ કરી રચેલા.

ગરબા, ગરબીઓ, લાવણીઓ, ઠુમરીઓ અને
ઓચ્છવનાં પદ, વસંત, હોરીઓ, ઝુમાર વીગેરે
નટવર પ્રભુનું. નાટકના રાગથી રચેલું ગાયન
ઇત્યાદી જેને જેવો ભાવ તેને તેવો સ્વાદ
આ સુંદર સૂર્ય પ્રકાશમાંથી મળશે.

ભાગ ૧-૨—૩—૪

રચી પ્રસિદ્ધ કરનાર,
સાંકળચંદ ગિરધરભાઇ ભાવસાર.
મુ૦ નારદીપુર—તા. કલોલ, પ્રાંત કડી.

અમદાવાદ.
યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં
છપાવ્યો.

સંવત ૧૯૬૩. સને ૧૯૦૭.

શ્રી.

ભાવસારના બાવીશીના પંચને ઉપયોગી.

સુંદિર સૂર્ય પ્રકાશ.

અસલ.

મહાન્ત પુરૂષોના જુના તમામ રાગ ઉપરથી શોધ કરી રચેલા.

ગરબા, ગરબીઓ, લાવણીઓ, ઠુમરીઓ અને ઓચ્છવનાં પદ, વસંત, હોરીઓ, ધુમાર વીગેરે નટવર પ્રભુનું, નાટકના રાગથી રચેલું ગાયન ઇત્યાદી જેને જેવો ભાવ તેને તેવો સ્વાદ આ સુંદિર સૂર્ય પ્રકાશમાંથી મળશે.

ભાગ ૧—૨—૩—૪.

રચી પ્રસિદ્ધ કરનાર,

સાંકળચંદ ગિરધરભાઇ ભાવસાર.

મુ૦ નારદીપુર—તા. કલોલ, પ્રાંત કડી.

અમદાવાદ.

યુનિયન પ્રન્ટિંગ પ્રેસ કંપની લીમીટેડમાં છપાવ્યો.

સંવત ૧૯૬૩. સને ૧૯૦૭.



અર્પણુ પત્રિકા.

રાગ ધનાશ્રી.

અર્જ ધરોને ઉર જ્ઞાતિબંધુ, અર્જ ધરોને ઉર ટેક.
ગંગા માંહે કીડા પડશે, કળિયુગ માંહે જરૂર; જ્ઞાતિ૰ ૧
નિર્મળ બુદ્ધિ ભ્રષ્ટ થવાની, એજ કીડાનું મૂળ. જ્ઞાતિ૰ ૨
ગંગા ચલાવા અર્જ કરૂં છું, દ્વેષ કરોને દૂર; જ્ઞાતિ૰ ૩
ગંગા રૂપિ જ્ઞાતિ ચલાવા, રાખોને તમે શૂર; જ્ઞાતિ૰ ૪
બેઉ કરજોડી સાંકો કહે છે, વાસુ છું નારદીપૂર. જ્ઞાતિ૰ ૫

શ્રી

ભાવસારોના બાવીસીના પંચ સમસ્ત જ્ઞાતિબંધુઓ ભક્તિ દયા, ને દાતાર, તથા પવિત્રતા, તથા કિંમતી સંતોષી, ગુણી, અને નિર્મળ મનના જાણી આ લઘુ પુસ્તક સર્વને આપી અર્પણુ કર્યું છે તે માન્ય રાખશો. ભુલચુકની માફ કરશો.

લી૰ તા૰ શેવક,

સાંકળચંદ ગીરધરભાઈ ભાવસાર મુ૦ નારદીપુર.
તા. કલોલ, પ્રાંત કડી. ઠે. મોટી ભાવસારવાડે નવા દરવાજામાં.

શ્રી ભાવસારોની બાવીસીના પંચ તરફથી મંજુર થએલાં ગામ ૧૨ બારના મેમ્બરોનાં નામ તથા ગામ નીચે પ્રમાણે.

મહેરબાન જ્ઞાતિ બંધુઓ આપણા ભાવસારોનાં ગામ ૧૨ બારમાં કોઇ પ્રસંગે અર્જ કરવી હોય ને આપણે તેમનાં સરનામા તથા ગામ તથા લખવાની પદ્ધતિ એ નામ ન જાણતા હોઇએ તો આ લઘુ પુસ્તકમાં લખ્યા પ્રમાણે લખવા.

મુ· વાસણા.

ભાવસાર નથુભાઇ હરખજીભાઈ	ભાવસાર છગનલાલ પાનાચંદ
„ ઝવેરદાસ પ્રેમચંદ	„ ભુદરભાઇ પુરૂષોતમ
„ પુરૂષોતમદાસ નથુભાઇ	„ ગીરધરભાઇ હરીચંદ

મુ૦ નાંદોલ.

ભાવસાર જેઠાભાઈ ગોવરધનદાસ	ભાવસાર શામળદાસ વિઠ્ઠલદાસ
„ કીશોરદાસ કેશવજી	„ કાલીદાસ મુળચંદ
„ મુળચંદ રાયચંદ	„ હરગોવન રણછોડ.

મુ૦ નારદીપુર.

ભાવસાર સાંકળચંદ ગીરધરભાઈ	ભાવસાર પુંજાભાઈ રાયચંદ
„ પોચાભાઈ લલ્લુદાસ	„ નાથાલાલ ઉમેદરામ.
„ ડાહ્યાભાઈ જીવાજી	„ ઉમેદભાઈ માણેકચંદ

મુ૦ પેથાપુર.

ભાવસાર દલસુખભાઈ મગનલાલ	ભાવસાર જેઠાભાઈ વીરચંદદાસ
„ જેઠાભાઈ માણેકચંદ	„ પીતાંબરદાસ ઉમેદદાસ
„ રણછોડદાસ પાનાચંદ	„

મુ૦ સરસપુર.

ભાવસાર મોહનલાલ છગનલાલ ભાવસાર જેઠાભાઈ હરીભાઇ
„ મોતીચંદ પ્રેમચંદ „ મૂળચંદ સામળદાસ
„ ભાઇચંદ વાહાલજી

મુ૦ અમદાવાદ.

ભાવસાર નથુભાઇ ભવાનદાસ ભાવસાર કીશોરદાસ વિઠ્ઠલદાસ
„ ગોપાળદાસ ભાઇચંદ „ પાનાચંદ નથુભાઇ

મુ૦ વસાઇ.

ભાવસાર હરજીવનદાસ લીલાચંદ. ભાવસાર તુલસીદાસ ત્રીકમદાસ
„ ઉમેદરામ રાયચંદ „ ત્રીભોવનદાસ રણછોડદાસ

મુ૦ કઠો.

ભાવસાર દલસુખરામ માનચંદ ભાવસાર મનસુખભાઇ ડોસાભાઇ

મુ૦ ભુવાલડી.

ભાવસાર ખુશાલદાસ ખેમચંદ ભાવસાર નરસીદાસ મોતીચંદ

મુ૦ માણસા.

ભાવસાર પરસોતમદાસ માનચંદ ભાવસાર ભાઇચંદ મુલચંદ

મુ૦ દેહગામ.

ભાવસાર ઝવેરદાસ વીરચંદદાસ ભાવસાર ભગવાનદાસ રણછોડદાસ

મુ૦ બીલોદરા.

ભાવસાર સુરચંદ જયચંદ ભાવસાર રણછોડદાસ ખેમચંદ

મુ૦ રૂપાલ.

બારોટ માધવજી શગલભાઈ ગામ છતરાલ સરકારી ગુજરાતી શાળાના હેડ માસ્તર ને ભાવસારોની બાવીસીના પંચના જામીનદાર.

શ્રી ભાવસારોની બાવીસીના પંચ તરફથી મંજુર થએલા નિયમો નીચે પ્રમાણે.

૧ બાવીશીનું પંચ મળી ઠરાવ કરવામાં આવે છે કે આપણી જ્ઞાતિમાં રૂ. ૮૧) અંકે એંકાસી લેવાનો કન્યા વિક્રયનો ઠરાવ હતો, તે ઠરાવથી કેટલીએક અડચણો આવવાથી તેમજ ગરીબ ગરબાને તેટલામાં ખર્ચ પુરૂં નહિ થવાથી તે ઠરાવ રૂ. ૧૫૧) અંકે એકસોને એકાવન લેવાનો કર્યો છે.

૨ તેમજ સંવત ૧૯૪૮ ની સાલથી તે આજ દીન સુધીમાં એટલે સંવત ૧૯૫૮ ના મહા સુદ ૧ સુધીમાં જે સાટું લહેણું હોય તેણે સાટા બદલ રૂ. ૧૫૧ અંકે એકસો એકાવન લેઇ ચુકાવો કરવો ને તે ઉપરાંત લેવાય દેવાય નહિ.

૩ આ ઠરાવથી ઉપરના જેટલા લેશે તે તમામ નાત લેઈ લેશે એટલુંજ નહિ પણ રૂ. ૧૫૧) અંકે એકસોને એકાવનમાંથી પણ રૂ. ૨૫) અંકે પચીસ વધારાના દંડ તરીકે લેવામાં આવશે એટલે તેને રૂ. ૧૨૬) અંકે એકસોને છવીસનો લાભ મળશે.

૩ જેને કંકુની કન્યા કરવી હશે તેણે આપણી જ્ઞાતિમાં રૂ. ૧૦૧) અંકે એકસોને એકનો પલ્લાનો ઠરાવ છે તેની બદલ રૂ.૨૦૧) અંકે બસેંને એકનું વરનો બાપ પલ્લાના પેટે ઘરાણું આપે, ને તે ઘરાણું નીવાર્શી મીલ્કત થયેથી વરના બાપને પાછું આપવામાં આવશે.

૫ વળી એક ઉપર બીજી સ્ત્રી જેને કરવી હોય, તે નાતને ફરિયાદ કરે એટલે નાત તેનાં યોગ્ય કારણો ધ્યાનમાં લઈ રજા આપશે રજા સિવાય બીજી સ્ત્રી કરશે તો તેનો રૂપિયા ૧૦૧) અંકે

એકસોને એક દંડ કરવામાં આવશે, ને નાતની રજાથી, કરશે તો તેના રૂ. ૨૫) અંકે પચીસ દંડ કરવામાં આવશે બીજી સ્ત્રીની રજા માગવામાં સ્ત્રીની ઉમ્મર વરસ પચીસની થયા છતાં શ્રીમંત ના રહેતું હોય તો તેના પુરૂષને બીજી સ્ત્રીની રજા મળશે, બીજું યોગ્ય કારણો નાતની ધ્યાનમાં આવશે તો રજા મળશે.

૬ વળી બે સ્ત્રીઓ હયાત છતાં જે કોઈ ત્રીજી સ્ત્રી તેને દેશે તો તેનો રૂ. ૨૦૧) અંકે બસોને એક દંડ કરવામાં આવશે.

૭ બીજું મૈયત થયેલી કન્યા તથા વર સંવત ૧૯૪૮ થી તે આજદીન સુધીમાં થયા હશે તે બદલામાં રૂ. ૧૫૧) અંકે એક-સોને એકાવનનો લાભ મળશે નહિ. ને તેના પલ્લાની જણસો પણ રોકવી નહિ ને હવેથી પણ ઉપર પ્રમાણે થશે તો રૂ. ૧૫૧) અંકે એકસોને એકાવનનો લાભ મળશે નહિ ને પલ્લું રોકશે તો નાતનો ગુન્હેગાર થશે.

૮ વિવાહ કયા પછી કોઇપણ માણસ વિવાહ બાગશે તો રૂ. ૫૧) અંકે એકાવન દંડ કરવામાં આવશે.

૯ કોઇ માણસ સાટું કરશે, તો તેના પણ રૂ. ૨૫) અંકે પચીશ દંડ કરવામાં આવશે.

૧૦ કોઇ માણસ નાતરાની સ્ત્રી કરવા જશે ને તેના આગળના પલ્લાનો ચુકાવો કર્યા સિવાય ચુડો પહેરાવશે તો તેનો જવાબદાર તે થશે એટલે સ્ત્રીને લઇ જનાર જવાબદાર થશે.

૧૧ વળી જેણે કન્યા વિક્રય કે સાટું કર્યું હોય તેવાને ઘેર કો-ઇએ અજાણતાં કંકુની કન્યા કરી હોય, અથવા સાટુ કે વિક્રયથી પણ દશવ કર્યો હોય ને હવે તેને કંકુની કન્યા કરવાનો વિચાર થયો

હોય, તો તે આસામીને ઘેર કંકુની કન્યા દેવાનો ઠરાવ નથી. વેવાઈશાળ તોડવાની છુટ છે ને તેમાં ભૂલ માલમ પડશે તો સખત સજા કરવામાં આવશે.

૧૨ જે માણુસો આજ દીન સુધી વિક્રય કે સાટું કર્યું હોય, ને તેના સારા વિચારથી હવેથી કંકુની કન્યા કરવાનો સંકલ્પ થાય તો તેવા આશામી એક કંકુની કન્યા નાતમાં દેશે તો પછી તેને કંકુની કન્યા દેવાને વાંધો નથી ને કંકુની કન્યા મળ્યા પછી તેનાથી સાટુ કે વીક્રય કોઇ વખત થાય નહિ. ને થાય તો તેનો નાત વહેવાર બંધ કરવામાં આવશે.

૧૩ આ સિવાય ઘણી ખરી કલમો બહાર પાડી નથી સાધારણ રીતે મુખ્ય કલમો બહાર પડાવી છે. એજ.

૧૪ મહેરબાન જ્ઞાતિ બંધુઓ આપણી જ્ઞાતિના સુધારાને જોઈ હું ઘણો ખુશી થયો છું ને હવેથી પણ આ પ્રમાણે સુધારા થવા બદલ આ નિયમો છપાવી બહાર પાડ્યા છે તે માન્ય રાખશો આશા છે કે આપણી જ્ઞાતિ આ પ્રમાણે વર્ત્તવાથી દિવસે દિવસે સુધારાને યોગ્ય થશે તેમજ ભ્રષ્ટ બુદ્ધિ દુર થવાથી સારા સદ્દગુણો ગ્રહણ કરશે ને નિર્મળ મન થવાથી સઘળા વિકારો દુર કરી જ્ઞાતિ બંધુઓ સારી રીતે સુધારાનો લાભ મેળવી શકશો એવી મારી આશા છે મહેરબાન આપણા બાળ બચ્ચાંને પણ આવા નિર્મળ મનથી સુધારાની કેળવણી આપવા તસ્દી લેશો જેથી આપણી જ્ઞાતિને કોઇ વખત સંકટ આવી પહોંચશે નહિ એવી મારી આશા છે.

મહેરબાન આ ઉપર બતાવ્યા વિશે મારી ઘણી એક કસુરો હશે, તો પણ ગુસ્સે નહિ થતાં તાબેદાર ઉપર કૃપા દૃષ્ટિ રાખશો. આ જગતમાં પ્રાણી માત્ર ભૂલને પાત્ર છે તોપણ વલ્વક વૃંદ હંસ ન્યા-

યને અનુસરી સારગ્રહી દ્રષ્ટિથી દોષ દ્રષ્ટિ નહિ કરતાં મારો હેતુ જે નૈતિક તેમજ સાંસારિક માનસિક શક્તિઓને ઉત્તેજન કરી તે શક્તિઓનું સંવર્ધન થશે તો મારો પુરૂષાર્થ સિદ્ધ થયેલો સમજી હું કૃતાર્થ થઇશ છેવટ સુજ્ઞ વાચક બંધુઓને મારી નમ્ર પ્રાર્થના એટલીજ છે કે આ મારા પ્રથમના પ્રયત્નને તેમ જ દેશી બંધુને ઉત્તેજન આપી કૃતાર્થ કરશો કે જેથી મારા શુભ પ્રયત્નમાં મારૂ મન તલ્લિન લાગુ રહે. આ લઘુ ગ્રંથમાં મારી જ્ઞાતિ (જે બાવીશીનું પંચ) તેના હિતાર્થે કેટલાક મુખ્ય નિયમો તેમ જ સાધારણ ઉપયોગી બાબતો દાખલ કરી છે.

લી. શેવક
સાંકળચંદ ગીરધર ભાવસાર
મુ. નારદીપુર તા. કલોલ પ્રાંત કડી
ઠે. મોટી ભાવસારવાડ

આજ્ઞાંકિત શેવક,
માધવજી સગલજી બારોટ.
ગામ છતરાલ સરકારી ગુજરાતી શાળાના હેડમાસ્તર અને ભા૦ ની બાવીશીના પંચના જમાનીદાર મુ. રૂપાલ.

જ્ઞાતિ બોધ.

દોહરો.

જેને રૂઠી જક્તામાં, જ્ઞાતિ કોમ જરૂર;
તેને સુખ સ્વપ્ને નહીં, ગંગાનું એ પુર. ૧
મુળ ઉઘાડાં એ કરે, કરે એ ચોખ્ખુ ધુપ;
હાંતે ચડયો જીવ્યો નથી, કોણ ગરીબ કોણ ભુપ. ૨
મુવો પડેલો જાણવો, સજ્જન સાચે સાચ;
મોટાઇની ખોટાઇ કરે, ગંગા રૂઠે કદાચ. ૩
ગંગા ઘેલી ન જાણવી, ગંગા જ્ઞાતિ એજ;
તીરસ્કાર થાએ કદી, તો હરણ કરે છે તેજ. ૪
સજ્જન સાચો દાખલો, તેમાં તો નહી ભુલ્ય:
સુખી ને દુઃખી કરે, કરે તરણની તુલ્ય. ૫
જ્ઞાતિનો હું રંક છું. એ વાતે છે સુખ;
નમન કરીને ચાલવું, તો સ્વપ્ને નહી દુઃખ. ૬
વરતો રૂડા કાયદા, વરતો રૂડી રીત્ય;
તીરસ્કાર થાએ નહીં, એજ કહું છું નીત્ય. ૭
રીતેથી કદી ચાલશો, તો તો શાનું દુઃખ;
ઇશ્વર તો રાજી રહે, રહે સદાએ સુખ. ૮
દુઃખ દારીદ્ર રહે નહી, નીતિ ધરોને અંગ;
સાંકો કહે કરજોડીને, રીઝે જેથી ગંગ. ૯

વાંચો ને વંચાવો.

સજ્જનો જ્ઞાતિને નમીને ચાલવું જ્ઞાતિ એજ ગંગા છે જ્ઞાતિ અમે તેવાને પાવન કરે છે મોટાઇમાં માલ નથી મોટાઇ એજ ખો-

ટાઇ છે, દયા રાખવી, અહંકાર કરવો નહિ, હરખ ને શોક પાસેજ છે કરતા હોય તે કરે ને ભરતા હોય તે ભરે, જ્ઞાતિને નમીને ચાલવું, એ દુવા કોઇએ લેવી નહી. એદુવાથી જરૂર બુરૂ થાય છે જ્ઞાતિ ગંગાનો પ્રવાહ છે સારા નરતાને પાવન કરે છે ભણ્યો ભુલે ને તારો બુડે તેમાં નવાઇ નથી ભુલ તો માણુસની જ થાય છે પણ આપણી ભુલ આપણે જ કબુલ કરી દેવી, ભુલ હોય તો ચુંથાવા દેવી નહી. તુર્તજ કબુલ કરી દેવી ચુંથાવાથી પરીણામે આપણી એબમાં હાની લાગે છે માટે ભુલના પ્રસંગે હાથ જોડીને ઉભા રહેવું ને જ્ઞાતિ નિતીના નીયમે જે ઠરાવે, તે કબુલ કરવું, જ્ઞાતિને કોઇ પ્રકારની તસ્દી આપવી નહિ, જ્ઞાતિની એદુવા લેવી નહી, જ્ઞાતિની એદુવાથી જરૂર બુરૂ થાય છે, જ્ઞાતિ તારે, જ્ઞાતિ બુડાડે, જ્ઞાતિ માથાનો મુગટ છે. જ્ઞાતિને નમીને ચાલવું એજ.

સારી શીખામણો.

સજ્જનો આગળનો વખત ઘણો સારો હતો. તેથી સર્વે સુખી હતા અનાજ વીગેરે રસ કસના ભાવ પણ ઘણા સોંઘા હતા. ખર્ચનો હીસાબ નહોતો દેશ પણ તર હતો જેમ કરતા તેમ ચાલતુ પણ હવે તેમ નથી આ સમય ઘણો બારીક છે વખત વખતને ખાતો આવે છે ખર્ચ વધ્યાં છે કમાણી ઘટી છે ખર્ચ જોઇને કરવું. ને જોઇને કરાવવું, કોઇને આણું તેડવા જવું હોય, કોઇને બહેન દીકરીનો વિવાહ કરવો હોય કોઇને નાતરાનું ઐરૂં કરવા જવાનું હોય તથા શ્રીમંતનો શુભ પ્રસંગ હોય તે સિવાય બીજા ઘણા શુભ પ્રસંગ હોય તો પણ ત્રણ દીવસથી વધારે રહેવું નહિ ને મેમાનગતી પણ ત્રણ દીવસથી વધારે કરવી નહી માણુસ ઘણામાં ઘણાં પાંચથી વધારે થવા દેવાં નહીં પાંચથી ઓછા થાય તો ભલે પણ વધારે થવા

દેવાં નહિ, સમય વિચારો ! સમય વિચારો ! મોટાઇમાં માલ નથી, નમીને ચાલવું. અદેખાઇ કરવી નહી છત તો છેને નથી છત કોઇની છાજી નથી તરણુનો મેરૂ ને મેરૂનો તરણુ કરતાં વાર નથી. ઇશ્વરની ગતી ન્યારીજ છે પણુ પ્રજાને કેળવણી આપવી, છોકરા તથા છોડીઓ સારી રીતે ભણાવી સુધારવી એ પોતે માબાપની ફરજ છે અભણુ કોઇએ રાખવાં નહી. અભણુ બુદ્ધીનો હીણુ હોય છે તે ગંગા ખોદે છે, અભણુ વિચાર કરતો નથી, અભણુને માન્ય મળતું નથી, અભણુ અંતે દુઃખ પામે છે, અભણુ કોઇએ રાખવાં નહીં. વળી માણુસને ખાવું શું અનાજ તો સૌ ખાય છે પણુ અનાજ નહી (ગમ), બોલ્યું સાંખવું, શાન્તી રાખવી, શાન્તીનાં ફળ મીઠાં છે નમીને ચાલવું નમે તે બારે છે શેરથી બશેર નમે છે તો નમે તેજ બારે છે, હીંમત રાખવી, સંકટ આવી પહોચ્યું હોય તો શું ? હીંમત હારવી નહી, ઘરમાં સ્ત્રીની સલાહ લેવી નહી સ્ત્રીની સલાહથી ચાલવું નહી સ્ત્રી ગમે તેવાને ગધેડે બેસાડે છે પણુ મરદને મરદની સલાહથી ચાલવું કમાણી પ્રમાણે ખર્ચ રાખવું. લહેરી સ્વભાવ રાખવો નહિ માબાપને પાળવાં માબાપની સેવામાં હાજર રહેવું માબાપને દુઃખ દેવું નહિ. સંપ ત્યાં સે છે મોટાઇમાં માલ નથી નમીને ચાલવું વ્યસન કરવું નહિ કુચાલોને દુર કરી સદ્દગુણુનો ગ્રહણુ કરવો. એજ. શેવકની કસુર હોય તો પણુ નજરે લાવવી નહી સુધારી લેવી. એજ અર્જ સ્વીકારી આભારી કરશો.

આજ્ઞાંકિત સેવક

સાંકળચંદ ગીરધરભાઈ ભાવસાર.

મુ. નારદીપુર—**તા. કલોલ.**

સહજ સુચના

મારે છપ્પા.

ખોટો થાશે ખેલ, જુઓ આ જુગમા ધારી;
હારી બેઠા સત્ય, કોણ નરને કોણ નારી. ૧
ભારી કરતા ફેલ, ફોગટ નર ફરતા ફૂલ્યા;
જારી કર્મની માંય, જુઓ જન ઝાઝા ડૂલ્યા. ૨
ભુલ્યા જન ભરમાં ભમે, જારી કર્મને કારણે;
સાંકો કહે વળી વહી ગઇ, વનિતાઓ ધણીને બારણે. ૩
વનિતા વીખની વેલ, થઇ આ જુગમાં જાગી;
ભગની રમીને જાર, ભીડ બાંધવની ભાગી. ૪
લાગી લગની એમ, જુઓ સજ્જન આ ટાણે;
નારી મુકી નાવ, સુખ પર નરથી માણે. ૫
વળી રાંડી છાંડી સાધવી, ફરે પર પુરૂષને વારણે;
સાંકો કહે સજીને ફરે, જાર કર્મને કારણે. ૬
જ્યાં ત્યાં રમતી જાર, ભાર પોતાનો ખોઈ;
નાના ભાઇની નાર, રહે મોટાને મોહી. ૭
નવ દશ અગિયાર, વરસની જોડે અંખી;
તોડી પાડે જેમ, ગલોલે ચડીયું પંખી. ૮
એવી રીતે આદરી, ચાલે નેન નચાવતી;
સાંકો કહે સજ્જન સુણો, કલીયુગની એતો ગતી. ૯
સોળ સજી શણગાર, કરે પર નરશું હાંશી;
ઉંચ કોમની નાર, નીકળે નીચ ઘરમાંથી. ૧૦
ખાતી પીતી ખુબ, કરીને તેતો પ્રીતિ;
મન ગમતી માણે મોજ, કહો એ કેવી અનીતિ. ૧૧

ઘરબારે થઈ રહે, કોણ વીપ્ર કોણ વાણિયા;
સાંકો કહે સરખા થયા, બાવા બાબુ બજાણિયા ૧૨
બાવા મારે બહાર, ટીલાં તો લાંબાં તાણી;
ભોળવવાને નાર, ગાયછે જાણી જાણી. ૧૩
મળી નારી દશ બાર, તાબતી પગતો આવી;
કલીયુગ કેરી માંય, વાત બાવાને ફાવી. ૧૪
વળી રાંડી છાંડી સાધવી, મનરંજન બાવા કરે;
સાંકો કહે સજ્જન સુણો, કરાગ સોધતા તે ફરે. ૧૫
કોણ માતને તાત, કોણ ભગનીને ભાઈ;
કલીયુગ કેરી માંય, ગઈ સહુમાંથી સગાઈ. ૧૬
વહાલામાં નથી વહાલ, નથી ગળપણ તો ગોળે;
કળીયુગ કેરી માંય, સજન સહુ દામને ખોળે. ૧૭
દામ દામ ને દામનું, કામ સજ્જન સહુ કરે;
સાંકો કહે તરકટ ઘણું, સુખ તે માંહે શું મળે. ૧૮
તરકટ આડે આંક, કાંક મનને વિચારો;
કરવા ખોટા ખેલ, ફરે છે નર હજારો. ૧૯
કરતા કાળો કેર, મેહેર આણી નહિ જરીએ;
તરકટનો નહિ પાર, ડુબ્યા સહુ દુઃખને દરીએ ૨૦
જુઠાને સાચું કરે, સાચું જુઠું થાય છે;
સાંકો કહે સજ્જન સુણો, કાળ કાળને ખાય છે. ૨૧
ક્યાંથી મળશે સુખ, દુઃખના ડુંગર ડોલે;
કલીયુગ કેરી માંય, ચડે પૃથ્વી ચગડોળે. ૨૨
ડોલે વળી દીગપાળ, હાલ તો તેના ભાગે;
જારી જુગની માંય, શત્રુ થઇને તો લાગે. ૨૩

આ વાતે સુખ શું મળે, દિન દિન દુઃખ આવી પડે;
સાંકો કહે સજ્જન સુણો, પ્લેગ રોગ તેથી નડે. ૨૪

રાગ મારૂ.

કહેતાં અનર્થ નાવે પાર, નથી કરતો નિંદા લગાર;
જેવું દેખું તેવું ભાખું, વળી જીભને વાળી રાખું. ૧
સાચે સાચું કહેતાં આજ, આવે છે મુજને લાજ. ૨
તેથી ટુંકી કરૂં છું અર્જ, નથી નારીને નરની ગર્જ. ૩
પર પુરૂષથી કરે પ્રીતિ, કહો કેટલી એ અનીતિ; ૪
પિતા પુત્રીથી રમે જાર, કાળો કેર કહો આ વાર. ૫
ભાઈ ભગની ન જાણે કોઈ, આથી અનર્થ કેવું હોઈ; ૬
ઘણાં કરે નીચાં કર્મ, બેઠા આદરીને અધર્મ. ૭
ધર્મ નીતિ ન ધારે કોઇ, રાંડી રાંડને દીકરા હોઇ. ૮
એ જારીને પરતાપ, આવી મળીઆં સહુનાં પાપ; ૯
વરતાવ્યો કાળો કેર, પ્લેગ રોગ નડે ઘેરે ઘેર. ૧૦
તે અનર્થને પરતાપ, મન માંહે વિચારો આપ; ૧૧
કહે સાંકો તજોને જાર, સુખ થાશે અપરમપાર. ૧૨

જાહેર ખબર.

સુજ્ઞ સદ્દગૃહસ્થો આ સુંદિર સૂર્ય પ્રકાશ નામનું પુસ્તક મેં મારી ઘણીજ ટુંક બુદ્ધિથી શોધ કરી છપાવી પ્રસિદ્ધ કર્યું છે. તેમાં મારી ઘણી એક કસુરો નજરે આવશે, તો પણ વાંચનાર સજ્જનો સુ-ધારીને વાંચશો.

આ સુંદિર સૂર્ય પ્રકાશ નામનું પુસ્તક, મેં કવિપણું બતાવવા રચેલું નથી. પણ ફક્ત હરિ રસના સ્વાદને વશ થઈ, ઘેલો બની, રસનું ગાન કરવા, અને સઘળા વૈષ્ણવો, અને શોખીલા સમજુ ને શાણા સજ્જનોને માટે રચેલું છે.

સજ્જનો ખરૂં તત્વને મુક્તિનું સાધન, આ સંસારરૂપી સાગ-રમાં તરવાનું નૌકા એજ છે. તો સજ્જનો નૌકા નામે નાવડું હાથ લાગે એવો પ્રયત્ન કરવા લક્ષ રાખશો. અને અહરનિશને હરઘડી પળને પળ દયાળુ પ્રભુને ભજવા, તત્પર રહેશો એવી મારી આશા છે. ને તે ખરા શૂરવીરનું જ કામ છે. કેમ આપણુ જાણતા નથી, કે પ્રભુના નામથી ધ્રુવ, અમરીષ, પ્રલ્હાદ, સુદામા, સુધન્વા વિગેરે ઘણાએક ભકતોના ઉદ્ધાર થયા છે. તો આપણે પણ આવો અમૂલ્ય વખત, શા માટે ફોકટ ગુમાવવો. આવો અમૂલ્ય મનુષ્યા દેહ, ફરી ફરીને મળનાર નથી. તેમ આવો અવસર ફરીને આવનાર નથી. તો આવો અમૂલ્ય વખત હાથ લાગેલો ફોકટ ગુમાવવો નહિ.

મહેરબાન વારંવાર મારી નમ્રતા પૂર્વક વિનંતિ એજ છે કે:— કુચાલો દુર કરી દયાળુ પ્રભુને ભજવા તત્પર રહેશો એવી મારી આશા છે.

લી. સેવક.

સાંકળચંદ ગીરધર.

મુ. નારદીપુર—તા. કલોલ.

શ્રી સુંદિર સૂર્ય પ્રકાશ.

ભાગ. ૧ પહેલો.

અંતર્બહિર્લાપિકા.

રટરટ રામજીને, ચતુરાઈ મુકી તારી;
નાથજીના નામ થકી, રહે સદા સુખકારી. ૧
સાંભળવા હરિગુણ, કાન તમે નીત્ય ધરો;
ગીરીસમ દુઃખ ટળી, રત્ન નામ પેદા કરો. ૨
ધરી ધ્યાન હૃદયમાં, રદયમાં ધારીએ,
જ્ઞાનના વૈરાગમાં, તે હૃદય નીહાળીએ. ૩
ભાવ કરી ભજો તમે, વ્યભીચાર છોડી દઈ;
સાગર ઉતરવાને, રહો રામ નામ લઈ. ૪

લેખ.

લેખ શું ના કરે, લેખ શું ના કરે, લેખ શું ના કરે;
ટાળ્યા નહિ તો ટળે, લેખ શું ના કરે, લેખ શું ના કરે. ટેક.
રંકને રાજા બનાવે, રાજા ભીખીને ભરે.—લેખ. ૧
કુંવર દશરથ રાયના, જુઓ વનમાં ફરે.—લેખ. ૨

અસુરે હરી જાનકી, વણમોતે તો મરે.—લેખ. ૩
મહીપતિ માલવ તણો, જોગી થઇને તો ફરે.—લેખ. ૪
જુઓ ચંદ્રહાસને, મારવો તો અરે.—લેખ. ૫
વીષ હતું એના હાથમાં, વીષયાને વરે—લેખ. ૬
પતંગ દીપક જોતમાં, આવીને બળે.—લેખ. ૭
અનેક ઉપાય કરો કદી, અર્થ સોસરે.—લેખ. ૮
સાંકો કહે લેખે સહુ, આવી તો મળે.—લેખ. ૯

રાગ આશાગોડી.

રામ રામ ગાવોરે, સજન સહુ રામ રામ ગાવો.
અવસર નહિ આવે હાવોરે, સજન સહુ રામ રામ ગાવો.—ટેક.
ધન દોલતદારા સુત દેખી, મન ના મકલાવોરે.—સજન. ૧
કાળ હળાહળ કરશે આવી, મુદ્દત કે જાવોરે.—સજન. ૨
માયા મુકી ગયા માનધાતા, કરતા પરતાવોરે.—સજન. ૩
સુત સગરના નંદનું નાણું, કયાં ગયું બતાવોરે.—સજન. ૪
ધન દોલત દારા સુત દેખી, અંધ નહી થાવોરે.—સજન. ૫
જુઠી માયા જાશે લૂટી, કયાં કરશો દાવોરે.—સજન. ૬
રામ ભજન કરવાને ભાઈ, તતપરતો થાવોરે.—સજન. ૭
અલ્પમતિથી કહું કરજોડી, ગુન્હા નીભાવોરે—સજન. ૮
સાંકો કહે પદ રચના માંહે, અક્ષર એ સ્હાવોરે—સજન. ૯

સ્તુતિ—રાગ મારૂ.

(બ્રહ્માસુત હું નારદ કહાવું, જ્યાં હોય સંપ ત્યાં કુસંપ કરાવું; એ રાગ.)
સેવું તમને કરી હર્ષ ભારી, કસુંબાઈ ગાતા સદા સુખકારી. સે. ટેક.
માગું સુખથી અર્જ સ્વીકારો, નારદીપુરમાં છે વાસ તમારો. સે. ૧

ખડગ ત્રીશળ ગદયા હસ્તે ધારી, ગોખે બિરાજ્યાં ચડીમયુરની સ્વારી. સે.૨
દુષ્ટને હણવા તત્પર રહેતાં, સેવક જનને પડછા દેતાં. સે. ૩
શ્રાવણ સુકલપક્ષની માંયે, પાંચમે હવન હોમ જ્ય થાયે. સે. ૪
નવરંગી નગરીની માંયે, ઘેર ઘેર આનંદ ઓચ્છવ થાયે. સે. ૫
વાજાં વાજે ઘોરજ ગાજે, મેદની આવે દરશન કાજે. સે. ૬
દરશન આવે સુખી થાયે, ગાવે ગુણ દુઃખ દુર કરી જાયે. સે. ૭
મહીમા છે ભારી જાવું વારી, વર્ણન કરતાં જીભ્યા હારી. સે. ૮
સેવક સાંકો કહે કરજોડી, રચ્યો ટુંકેથી ખ્યાલ અર્જ થોડી. સે. ૯

ગરબો પહેલો.

(સહીયર હરીએ ફરીએ, ફુદડી આ ભર ચોકમાં રે.—એ રાગ.)

પ્રથમ ગજાનન ગુણને આરાધીએરે.
કરીને પ્રાતઃકાળે પ્રથમ પ્રણામ;
પ્રેમે પુજીએ શ્રી ગજાનન રાયનેરે.— ટેક.

સાખી.

પ્રથમ એ પ્રણામથી, કામ સકળ સીધ થાય;
દુઃખ વિઘ્ન પરિતાપનો, ભય સમુળો જાય.
એવા દયાળુ દેવની સેવા માગીએરે,
લળી લળી લાગી અહરનિશ પાય.—પ્રેમે. ૧

સાખી.

દુંદાળો દુઃખ ભંજનો, સદાએ બાળેવેશ;
શુભ કાર્યમાં સમરીએ, સંભુ સુત ગણેશ.
શંભુ સુતના ગુણને હું શું ગણુંરે,
લખતાં લખતાં લેખણુ પાટી થાકે હાથ—પ્રેમે. ૨

ગરબો બીજો

(અલબેલીરે અંબે માત, જોવાને જઈએ. એ રાગ.)

સેવું શ્રી સરવસ્તિ માત, ચરણે શીશ નામી;
રટું ગુણ દિનને રાત, ચરણે શીશ નામી.—ટેક.
ચરણે નામી આનંદ પામી, ગાઉં ગુણ મંમાયરે;
મોરને વાહન માતુ મારી, ત્રીપુરારી રાય. ચરણે. ૧
ભવસાગર સાગર તરવામાં, સાચી તું સાક્ષાતરે;
કરુણાકારી માતુ મારી, રટું ગુણ દીન રાત. ચરણે. ૨
સાચી દેવી સરસ્વતિ તું. જુઠી છે જંજાળરે;
ભવસાગર સાગર તરવાને, કરગરતો કંગાળ. ચરણે. ૩
સરસ્વતિજી ચરણે તમારે, લળી લળી લાગું પાયરે;
નિશદિન દેવી હજુર રહેવા, જીભલડી જશ ગાય. ચરણે. ૪
બાળ જાણી સુણી મમવાણી, પુરજો મનની આશરે;
કરગરતો કંગાલ કહે છે, સાંકો તારો દાસ. ચરણે. ૫

ગરબો ત્રીજો.

રાગ—ઉપર પ્રમાણે.

સારૂ સારૂ નારદીપુર ગામ, ધન્ય શોભા સારી;
તેનો વસાવનારો ચતુરસુજાણ, ધન્ય શોભા સારી—ટેક.
નારદીપુરમાં નાગર ઝાઝા, ખારો કુવો કહેવાયરે;
સવારના પહોરમાં નાહી ધોઇને, મહાદેવે દર્શન જાય. ધન્ય. ૧
નાગરવાડામાં મોટું દેવળ, હાટકેશ્વર કહેવાયરે;
મેહેલ્લામાંથી ચોટે જાતાં, ગણપતિ દર્શન થાય. ધન્ય. ૨
બ્રાહ્મણનો ત્યાં મોટો ચોરો, નાગરનું બહુ માનરે;
સજ્જન લોકો ઘણા આવીને, રાતે કરે વિશ્રામ. ધન્ય. ૩

આગળ જાતાં ગામનો ચોરો, રામજી મંદિર પાસરે;
સાધુને સદાવ્રત આપે, રામ લક્ષ્મણનો વાસ. ધન્ય. ૪
ચોરાથી ઉત્તર દિશાએ, ગણપતિ મીલ કહેવાયરે;
દીવાળીના ચાર દહાડામાં, આનંદ ઓચ્છવ થાય. ધન્ય. ૫
હેર તળાવતો મોટું કહીએ, શોભાનો નહી પારરે;
સવારના પહોરમાં સુરજ ઊગતાં, પાણીઆરી લારોલાર. ધન્ય. ૬
એ આરે તો માતા જબરી, વડેચી કહેવાયરે;
નાગરનો ત્યાં બાગ જ કહીએ, ઉજાણી સહુ જાય. ધન્ય. ૭
સરજુદાસનો બાગજ કહીએ, કેળા તણો નહિ પારરે,
સીતાફળ જામફળ દાડમ વીગરે, લીંબુડી અપરમપાર. ધન્ય. ૮
હઠીલા તો હનુમાન કહીએ, ધર્મશાળાની માંયરે;
તે જગ્યામાં કુવો સારો છે, પાણી ભરે સહુ ત્યાંય. ધન્ય. ૯
જોશી બાવાના મહાદેવ કહીએ, શોભા તેની સારીરે;
કરજોડીને કરૂ વિનતિ, અંબે મોરી માડી. ધન્ય. ૧૦
રામજી મંદિર આગળ થઇને, વાણીઆવાડ જવાયરે;
વાણિયા લોકો ત્યાં વસે છે, હનુમાન પીઠ કહેવાય. ધન્ય ૧૧
હનુમાન પીઠની પાસે કહીએ, મનોરગરનો મઠરે;
મહાદેવની ત્યાં સેવા કરીએ, કામ થાય છે ઝટ. ધન્ય. ૧૨
ગાંધી શેરી આગળ થઇને, ભાગોળે જવાયરે;
તે ભાગોળની શોભા સારી, બળિયાની કહેવાય. ધન્ય. ૧૩
બળિયાની તો પાસે કહીએ, ધોળેશ્વર મહાદેવરે;
કરજોડીને કરૂ વિનતી, કરૂ તમારી શેવ. ધન્ય. ૧૪
બાળકને તો માતા નીકળે, આવે બળિયા પાસરે;
ઘણા ગામના લોક જ આવે, સહુની પુરે આશ. ધન્ય. ૧૫

બળિયાનું તો મહાતમ જબરૂ, લોક આવે ત્યાં ઝાઝારે;
બાળકનો ઉપકાર કરે, સર્વની રહેછે માઝા. ધન્ય. ૧૬
સર્વે કરતાં પાણી મીઠું, ખારો કુવો કહેવાયરે;
રોકડીઆ ત્યાં હનુમાન કહીએ, દેવાલયની માંય. ધન્ય. ૧૭
બળિયે થઇને ભીમનાથ જઇએ, શીવજી પુરે આશરે;
તે જગ્યામાં મેળો ભરાય છે, કહીએ શ્રાવણ માસ. ધન્ય. ૧૮
કોઠીઆની ભાગોળે કહીએ, કસુંબાઇનું ધામરે:
ખરા મનથી સેવા કરીએ, તુર્ત થાય છે કામ. ધન્ય. ૧૯
કસુંબાઇના બાગજ પાસે, આવ્યો મીઠો કુવોરે;
સર્વે લોકને કરૂ વિનંતી, જુગતેથી તમે જુઓ. ધન્ય. ૨૦
જોશી બાવાના ડેહેલા મધ્યે, બાલાજીનું ધામરે;
બાલાજીની મહેર વડેથી, દુઝે કોલવડુ ગામ. ધન્ય. ૨૧
ભાવસારવાડને ગરાશિયાવાડ, એક મહેલ્લો કહેવાયરે;
ભાવસાર લોક રંગાટ કરે છે, રંગાટીઆ કહેવાય. ધન્ય. ૨૨
જોષાંના તો મહાડની પાસે, ચબુતરો કહેવાયરે;
બાર માસી ત્યાં દાણા નાખે, પુણ્ય ઘણેરૂં થાય. ધન્ય. ૨૩
ચબુતરાની અંદર કહીએ, બહુચર મોરી માયરે;
વાંઝીઆને પારણાં બંધાવે, દરદીનાં દુઃખ જાય. ધન્ય. ૨૪
એક આશરો અંબીકાનો, બીજો બહુચર બાળીરે;
ત્રીજો તો કસુંબાઈ કેરો, ચોથો છે મહાકાળી. ધન્ય. ૨૫
સંવત ઓગણીસ છેતાલામાં, ગરબો ગાયો પુરોરે;
ભાવ કરી સાંભળજો ભાઈ, હવે નથી અધુરો. ધન્ય. ૨૬
આસો સુદી આઠમ કહીએ, કહીએ રવીવારરે;
બે જણાએ પુરો કીધો, વીગતે વારંવાર. ધન્ય. ૨૭

જ્ઞાતે તો ભાઈ નાગર કહીએ, કહીએ ભાઇ ભાવસારરે;
ભાવ કરીને ગરબો ગાયો, સાંભળો નરને નાર. ધન્ય. ૨૮
ભાવ કરીને ગરબો ગાયો, કોઇના દેશો ખોડરે;
ગણપતિ મહારાજની મહેરવડેથી, અમર રહો આ જોડ. ધન્ય. ૨૯
અલ્પ મતિથી ગરબો ગાયો, રૂડું કીધું કામરે;
ભાઇચંદને સાંકળચંદ એ, રહે નારદીપુર ગામ. ધન્ય. ૩૦

ગરબો પહેલો.

(મહોલે પધારો માહારાજ માણીગર મોહોલે પધારો. એ રાગ.)

અર્જ ધરોને ઉર, ગવરી પુત્ર ગણેશા;
વસો છો નારદીપુર, ગવરી પુત્ર ગણેશા. ટેક.

સાખી.

ગવરી પુત્ર ગણેશ હું, લાગું તમને પાય;
મંડપ રચીઓ મોખરે. જુઓ નાગરવાડા માંય. ગવરી૦
અર્જ ધરોને ઉર ગવરી, વાસોછો નારદીપુર. ગવરી૦ ૧

સાખી.

નાગર તો નિરખી રહ્યા, રચનાનો નહિ પાર:
કુંભી ભરણાં લગ પાટડી, શોભે મહાવત માઝાદાર. ગવરી૦
અર્જ ધરોને ઉર, ગવરી૦ વાસો છો નારદીપુર. ગવરી૦ ૨

સાખી.

મહાવત શોભે મોખરે, માર્યો ઝાઝો ઠાઠ;
કેવાલ ગીલતો કાંગરી, કુંભી ભરણાં શોભેછે આઠ. ગવરી૦

અર્જ ધરોને ઉર, ગવરી૦ વાસો છો નારદીપુર. ગવરી૦ ૩

સાખી.

આઠે આઠ તો ઘોડિયાં, આઠે આઠ દુ સોળ;
ચોવીશ ગણુતાં થાંભલા, છજ્જે શોભે કઠેરાની કોર. ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વાસો છો નારદીપુર. ગવરી૦ ૪

સાખી.

કોરી કીધી કાંગરી, રવશ રાખી બહાર;
છજ્જા મધ્યે અષ્ટ પુતળી, તેતો સુંદિર નારમડાર. ગવરી૦
અર્જ ધરોને ઉર, ગવરી૦ વાસો છો નારદીપુર. ગવરી૦ ૫

સાખી.

મડાર મોહી મોખરે, છજ્જે છાજલી સાર;
સાઇટ કામ શોભે ઘણું, તેમાં વળીઓ છે કોડી અઢાર. ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વસો છો નારદીપુર. ગવરી૦ ૬

સાખી.

અઢાર કોડીએ ગણી, વંજી બારી તેર;
દોરીઆં તેમાં દશ ગણ્યાં, નથી ચુકો લોખડનો મેળ. ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વાસો છો નારદીપુર. ગવરી૦ ૭

સાખી.

મેળે મેળ ત્યાં મેળવી, પાડયો તેનો ચોક;
નકશો નિરખું તે તણો, ઇંદ્ર આરંભી કરતા શોખ. ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વાસો છો નારદીપુર. ગવરી૦ ૮

સાખી.

શોખ સોની બજારની, ગણુપતિ બજારની પાસ.
બારીએ બિલ્લું મહેરાપ જોઇ, વિસ્મે પામ્યા નારદમુની બ્યાસ. ગ૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વસો છો નારદીપુર. ગવરી૦ ૯

સાખી.

બ્યાસ ત્યાં વિસ્મે થઇ, હરખ્યા મનની માંય;
રચના વિશ્વકરમા તણી, બ્રહ્મા જોવા આવ્યાછે ત્યાંય. ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વસો છો નારદીપુર. ગવરી૦ ૧૦

સાખી.

બ્રહ્મા ત્યાં આવી ભણે, નારદ ઉભા પાસ;
સવંત ઓગણીસ પંચાવને, પુર્ણ કીધું છે શ્રાવણ માસ. ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વસોછો નારદીપુર. ગવરી૦ ૧૧

સાખી.

શ્રાવણ માસ સોહામણો, દીવાસાનો દન;
બાવટો ચડાવી સજ્જન સહુ, મન થયાછે પ્રસન્ન ગવરી૦
અર્જ ધરોને ઉર. ગવરી૦ વસોછો નારદીપુર. ગવરી૦ ૧૨

સાખી.

પ્રસન્ન થયા સહુ દેવતા, પહોંચ્યા મનના કોડ;
દાસ સાંકો કરે વિનતિ, તેમાં કોઇએ ના દેવી ખોડ. ગવરી૦ ૧૩

ગરબો બીજો.

રાધા કૃષ્ણુનો સંવાદ—(રાગ ઉપર પ્રમાણે)

રોકો નહિ મુને આજ, જમુનાં જાવું છે પાણી;

આવી મુકી ઘણાં કાજ, નિર્લજ નંદના દાણી.
કરગરી કહું આજ, જમુનાં જાવું છે પાણી. ટેક.

રાધાજી–સાખી.

જમુનાં જાવું જાદવા, જળ ભરવાને કાજ.
મારગ મારો મુકી રહો પરા, હું તો રાખું છું હજુ સુધી લાજ. જુ.
મુકી દો બાઝાબાજ, જુમ૦ ઠીક કહું છું આજ. નિર્લજ. ૧

કૃષ્ણજી–સાખી.

લાજ મુકી લોકની, બોલે બોલ કઠોર;
નજરે પડી ક્યાં જાય તું, તારા હૈડામાં ટકે મોર. વ્રીજની નારી ધુતારી.
મુકી દે સોર બકોર, વ્રીજ૦ જોયું મેં તારૂ જોર. વ્રીજ૦
સાંભળ અમારી વાત, વ્રીજ૦ આવીછે મારે હાથ. વ્રીજ૦ ૨

રાધાજી—સાખી.

હાથ આવી આજે અહીં, ખાલી મારી માણ્ય;
ઝાઝું કહીશું ઝગડો લાગશે, મારી સાસુજીને થાશે જાણ્ય. જુ.
મુકી દો તાણા તાણ્ય જુમ. માંણુની થાશે હાંણ્ય. નિર્લજ. ૩

કૃષ્ણજી—સાખી.

સાસુ તારી શું કરે, સાસુના શા ભાર;
ઘેરી ગોરી એકલી, આજે તોડું આ નવસર હાર. વ્રીજ.
તારા તે શા ભાર, વ્રીજ૦ ખરી વાતે શો ખાર. વ્રજની. ૪

રાધાજી—સાખી.

હાર ઓપે હીરા તણો, ઓપે દક્ષિણિ ચીર;
પણ ભલી ઓપે તને કાંબળી, ઓછી જાત આહીર. જુમનાં.
કાળુમેશ શરીર, જુમનાં૦ લજાવી જુમનાં તીર. નિર્લજ. ૫

કૃષ્ણજી—સાખી.

કાળો જોને કામની, ગગને મેઘ મલાર;
રૂપાળી રખડે ઘણી, પરજાપતને દ્વાર. વીજ.
મારૂં આજે માર. વીજ. કોણ કરે છે વહાર. વીજ.
દાણ ચુકાવો આ વાર; વીજ. વાર ન કરશો લગાર. વીજ. ૬

રાધાજી—સાખી.

ભુલી આજે ભામની, વીજવાસી તું જાણ;
ઘેલા થઇ ગોવાળિયા, તમે શાનાં માગો છો દાણ. જુમનાં.
જોયું તમારૂં પ્રમાણ, જુમ. આજે થયા અજાણ. જુમનાં. ૭

રાધાજી—સાખી.

સ્વપ્ને પણ દેખ્યાં નથી, એવું કીધું કાન;
પણ કાલે કરીતી ગોઠડી, આજે થયા બે ભાન. જુમ.
નથી હું તો નાદાન, જુમ. જોઇ મેં તારી પિછાન. નિર્લજ.
કદી ના કરશો સાન; જુમ. થાએ મારૂં અપમાન. નિર્લજ. ૮

કૃષ્ણજી—સાખી.

ભાન રાખું ભામની, રાખું વળી વિવેક.
પણ ઘેલી સંગે ગોઠડી, અંતે ચુકો અનેક. વીજ.
બોલી તું મુને છેક, વીજ. બળ્યો તારો નેક. વીજની.
જોઇ મેં કાજળરેખ, વીજ. મુક્યો છે મનનો ટેક. વીજ. ૯

કૃષ્ણજી—સાખી.

ગોરી તારી ગોઠડી, મીલાવી નેણોનેણ;
પણ બોલી માઠો બોલી એ, મને સાલે છે તારાં વેણ. વીજ.
કીધાં તેં કાઠાં કેણ, વીજ. સાલે છે તારાં વેણ. વીજ. ૧૦

રાધાજી—સાખી.

છલકાશે ખાબોચીઆં, સાગર માઝા સાથ;
અબળા બોલી અદકી ઘણી, હું તો જોડું છું તમને હાથ. જીુમ.
શ્રીત્યા દિનાનાથ, જુમ. ઝાલો અમારો હાથ. જીુમ. ૧૧

કૃષ્ણજી—સાખી.

ચાતુરી અબળા તણી, બોલે કેવી સાફ;
રાડ ભાગી રસ વાધીઓ, આજે દાખુ તમારાં માફ. ઝીલ.
માફ કહું છું માફ. ઝીલ. કેવી બોલે સાફ. ઝીલની. ૧૨

રાધાજી—સાખી.

એડું ભરીયું બાવરી, રીઝયા જાદવરાય.
સુખેથી સુખ માણીયું, દાસ સાંકાની કરશો સાય. જીુમ.
અરે ઓ જાદવરાય, જુમ. કરશો સહાય સદાય. જીુમનાં. ૧૩

ગરબો પહેલો.

(મા ચાચર રમવા નીકળ્યાં, અન્નદેવી અન્નપુરણા. એ રાગ.)

મા આરાતેસુરની અંબીકા, ગાવો ગુણ બહુચરના.
મા વાસ્યાં જઈ સરસ્વતિ તીરરે, ગાવો ગુણ બહુચરના. ટેક.
મા નવરાત્રી નવ દહાડલા, ગાવો. મા ચાચર રમતાં ચોકરે. ગા. ૧
મા સોળ સજ્યા સોળ શોભતા; ગા. મા શોભે આરાસુર માયરે. ગા. ૨
મા ચુવાળ ચોકથી પરવર્યાં, ગા. મા સાથે છે સઘળા વીરરે ગા. ૩
મા ચોસટ જોગણી સંગમાં, ગા. મા સંગે ગબ્યાં કાળકાયરે. ગા. ૪
મા તુળજ્યા ભવાની પરવર્યાં, ગા. મા મળીઆં ત્યાં એની ચારરે. ગા. ૫
મા ચારે મળી રમે ચોકમાં, ગા. મા ચોસટ એની સાથરે. ગા. ૬

મા દુંદભી નગારાં ગરગડે, ગા. મા ઘુઘરડી ઘમકારરે. ગા. ૭
મા નેપુર બાજે પાવલે, ગા. મા ગાજે ગગન મોઝારરે. ગા. ૮
મા દેવ વૈમાન ચડી આવીઆ. ગા. આવ્યા ઇંદ્ર આરંભી ત્યાંયરે. ગા. ૯
મા વૃષ્ટી કીધી પુષ્પો તણી, ગા. દેવ કરતા ત્યાં જયજયકારરે. ગા. ૧૦
મા નારદ વેણા વગાડતા, ગા. આવ્યાં જોવા નવદુર્ગાયરે. ગા. ૧૧
મા નવદુર્ગા નિર્ભે થયાં. ગા. મુક્યા દેવોએ મનના મરોડરે. ગા. ૧૨
મા ગરબો ગાયો નવરાત્રી, ગા. દાસ સાંકો કહે કરજોડરે ગા. ૧૩

ગરબી—પહેલી.

(મથુરાંના તે મારગ મેલરે, મોહન અલબેલા. એ રાગ.)
મથુરાંનો મારગ મુકી જાને, તું શામળા રહે છાંનો,
નીકર કહીશું જશોદા માને, તું શામળા રહે છાંનો. ૧
બોલ બોલે શું મુખથી વાણી, તું શા.
રાજ કપરૂં કંસનું જાણી; તું શા. ૨
જતાં વાટે શું નિર્લજ થાતો, તું શા.
નથી રાજ કાંય તારૂં આતો. તું શા. ૩
નથી બાપડી આ રાધીકા નારી, તું શા.
તું તો ગાયો જાણે ચારી, તું શા. ૪
અધ વચ્ચે હું રસ્તે ઝૂલી, તું શા.
આજ જાવાનો ખોડ તું ભૂલી, તું શા. ૫
સાચી માની લે વાત આ મારી. તું શા.
આજ થાશે ફજેતી તારી. તું શા. ૬
નથી મળવાનું દાણ આ વાટે, તું શા.
દાસ સાંકો કહે શીરને સાટે, તું શા. ૭

ગરબી—બીજી.

રાગ—ઉપર પ્રમાણે.

રોકી બેઠાવિના બીજનારી, તું જાદવા જાવાદે.
જાણ થાશે આ બીજગાં મારી, તું જાદવા જાવાદે. ટેક.
કોક કરતાં આ વાત બીજ થાશે, તું જા.
તો આજ લાજ આપણી જાશે:— તું જા. ૧
લાજ જાશે તારીને મારી, તું જા.
સાસુ કરતાં છે નણુદ નઠારી. તું જા. ૨
માટે વાટે શું કરતો આડી. તું જા.
મહી વેચે છે કાંના તારી માડી. તું જા. ૩
હવે તેં તો કરી મને તોછી, તું જા.
સાત તો પણ જાત તારી ઓછી. તું જા. ૪
બોલ સઘળા કઠણુ સહી લીધા, તું જા.
કરી રીસ તહીં દંડ બહુ દીધા. તું જા. ૫
રીસ કરીને પ્રભુ પડયા દુટી, તું જા.
દાસ સાંકો કહે દાણ લીધાં લૂટી. તું જા. ૬

ગરબી—પહેલી.

(કાળજાની વાત કોને કહીએ, ગોવાળીએ ઘેલાં કીધાં રે. એ રાગ.)
જાવા દે જુમનાં પાણી, શું રોકતો તું દાણી મુંનેરે. ટેક.
પાણીનો દાણી તું ક્યારનો થયો છે,
મનનો મેં ભેદ લીધો જાણી, શું રો. ૧
સાબ સોનાનું કાના બેડું છે મારૂ,
રત્ન જડેલ છે ઉઢાંણી. શું રો. ૨

વાટે જતાં શું કાના આળ કરો છો,
દેખે છે સઈયર સમાણી. શું રે. ૩

નવી નવી રીત નિત ક્યાંથી તું લાવતો,
આવતો જાણી જાણી. શું રે. ૪

દામ લેવો રોકડો, ન આપું હું તો દોકડો;
ખોટી વદે છે કેમ વાણી. શું રે. ૫

માત પિતા તારાં વરધ થયાં છે,
લેશે કોક જીભ તાણી. શું રે. ૬

સાંકો કહે છે શરણે શામળિયા,
જાવા દે જમુનાં પાણી. શું રે. ૭

ગરબી—બીજી.

રાગ. ઉપર પ્રમાણે.

મનમાં શું જાણતી આજે, ગોકુળની ગોવાલણીરે. ટેક.

દાણની રીત નિત લેવી આ મારે,
પ્રગટયો દાણની કાજે. ગોકુ. ૧

મનમાં શું જાણતી વિચાર નથી આણતી,
બોલું તો ભણુભાણુ લાજે. ગોકુ. ૨

ધન જોબન અભિમાન શું જણાવતી,
છોડું નહિ તુને આજે. ગોકુ. ૩

સાંકાના સ્વામી કહે જોર શું જણાવતી,
આજે તત્પર થાજે. ગોકુ. ૪

ગરબી ત્રીજી.

રાગ—ઉપર પ્રમાણે.

ઘેલી બની છે વ્રીજનારી, ગોકુળના ગોવાળિયારે. ટેક.
આહીરની જાત અમે સઘળી અજાણી,
ભુલ્યો ઘણી હશે મારી. ગોકુ. ૧
હાથ જોડી પ્રભુ પડું પાવલે તમારે,
સદાએ દાસી તમારી. ગોકુ. ૨
મોટા સાગર જુઓ નાનાં ખાબોચીઆં,
છલકાશે વારંવારી. ગોકુ. ૩
નવસેં નવાણું જેમાં નદીઓ સમાતી,
નોંધારાંના આધારી. ગોકુ. ૪
સાંકો કહે છે શરણે શામળિયા,
ચરણ કમળ બલહારી. ગોકુ. ૫

ગરબી ચોથી.

રાગ—ઉપર પ્રમાણે.

કાંનાને છેતરે છે કેવી, ગોકુળની ગોવાલણીરે ટેક.
પળ એકમાં કેવી શાણી બની છે,
શાણી શીયાળના જેવી. ગોકુ. ૧
હામ ઘણી મન તણી બણી કેવી બોલતી,
કપટી આંખની એવી. ગોકુ. ૨
બોલ તારા સારા મુને પ્યારા અતિ લાગતા,
મમતા મુકી દેવી. ગોકુ. ૩

રહે સાથ બીડી બાથ હાથ ઝાલું તાહરે,
દાણની રીત નથી લેવી. ગોકુ. ૪
સાંકાના સ્વામી કહે વદન મનોહર,
નહિ કોઇ તારા જેવી. ગોકુ. ૫

ગરબો પહેલો.

દાણ લીલા.

(પાલવડો મેલો મોહનજી, મારગડે મને જાવા ધો. એ રાગ.)

કાન કુંવર તું ઘેલો થઇને, દાણ આ શાનાં માગે છે;
મહી વેચંતાં મારગે રોકે, એ આશ્ચર્ય લાગે છે. ૧
અલી દાણ દધીનું લેવું મારે, આપોને મન વિચારી;
ખોટી થાશો વારજ લાગે, ફજેતી થાશે તારી. ૨
ફજેતી તું તો શું કરતો, સામો થઇ જા તૈયારી;
હવડાં જઇને કંસને કહું છું, તુજ માંથાની મહીયારી. ૩
અલી મહીયારી મીજાજ મુકી દે, કંસ કુબુદ્ધિ નર તારો;
ઘણે દહાડે હાથ આવી તું, લાગ લઇશું અમારો. ૪
અલ્યા હાથ આવે તે શુ વાળવાનું, ચારી જાણે તું ગાયો;
પાલવ મૂકીને અહીંથી જાને, વ્રીજમાં ચોર તું સંતાયો. ૫
અલી સંતાયો જશોદાને ભાવ્યો, આવ્યો તે અબળા ભાખું;
નંદાજીના નામ પ્રતાપે, પળમાં છેદી કંસ નાખું. ૬
છેદી શું નાખે ગોવાળા, કંસ સરીખો તું કયાંથી;
દાસ સાંકો કહેછે કર જોડી, ચોર બન્યા નાશી ત્યાંથી. ૭
અલી નાશી નાશી કરતી રહેજે, મેણાં દેતી મહીયારી;
અવનીનો હું ભાર ઉતારૂં, અભિમાન ના કર નારી. ૮
અલ્યા અભિમાનમાં અવળું ભાંખે, એતો મોટો અંન્યાએ;

પરઘેર રહીને તું પેટ ભરંતો, તેથી ન પાસ્યો કન્યાએ. ૯
અલી આહીરની કન્યા શું કરીએ, અમે બાળા બ્રહ્મચારે;
પાછી રહે પડછાયો પાડે, ધાબળીઓની ઓઢનારે. ૧૦
અલ્યા ઓઢણુ મારૂં લાખ ટકાનું, હાર હીરાનો જડીઓછે;
આછી પટોળી પેરણુ મારે, તારૂં ઓઢણુ કાંબળીઓ છે. ૧૧
અલી બ્રહ્માએ જેનો તાણો તણીઓ, શંકર સરખો વણનારે;
તેતો ઓઢણુ કાંબળી મારી, શેષ ના પામે તે પારે. ૧૨
અલ્યા શેષના સરખું તન તારૂં છે, ચંપક વરણી હું નારે;
કાચ કનકને વહેરજ વાધ્યું, પશુ તણો તું પીડારે. ૧૩
અલી પશું તે તું શું બોલે છે, વીજનારી વરવે ઢંગે;
દાણ ના મેલું દોકડલો હું, કોણ ચડે તારી સંગે. ૧૪
અલ્યા તીલક જાણે ચીપીયા સરખું, ઢંગ દીશે ખોટા તારા;
દાસ સાંકો કહેછે કરજોડી, ઝાઝુ શું કહીએ કાળા. ૧૫
અલી ઝાઝું તે શું મુજને કહેતી, બેશી રહે ઘરમાં જઈને;
પિતા તારો દોલત વાળો, શીદ વેચેછે મહી લઈને. ૧૬
અમે સદા મહી વેચતાં, જશોદાને જઈ પૂછો;
બાંધી મુઠી લાખ રૂપૈયા, ઉઘેડે ખાલી મૂઠો. ૧૭
અલી ગોરસ તારૂ લેવું મારે, ચાખી જોવું પ્રેમ કરી;
ખાટું હશે તો પાછું આપીશ, એતો બોલી રીત ખરી. ૧૮
અલ્યા ગોરસ કેરૂ કોણ ગજુછે, લાખ રૂપૈયા લેવાની;
પહેલા તો પરખાવી લેવું, પછે ગોરસ દેવાની. ૧૯
અલી લેને તુંતો લાખ રૂપૈયા, ગોરસ તારૂં અલી લાવે;
વહારે તારી કોણુ ચડે છે, સંદેશા તુંતો કહાવે. ૨૦
અલ્યા વેચીને તો વહેરજ વાધ્યું, ઘણો દીસે તું રીસાળે;
દાણુને કાજે પાયે પડતાં, પ્રેમ ધરી તું રસ આલે. ૨૧

અલી એશું બોલી અબળા આજે, દાણુના મેલું જો અલિયાં;
હમણાં તું તો મેહેણાં દેતી, શું ફોસલાવેછે છૈયાં. ૨૨
અલ્યા માગ્યાં તો મુકતાફળ મળતાં, રાખે શું મનમાં ટેકી;
દાસ સાંકો કહેછે કરજોડી, કાન કુંવર નહિ વિવેકી. ૨૩
અલી વિવેક ઘણો છે મનમાં મારા, નહિ જાવા દેઉ નિરધારે;
આપ્યા વિના કેમજ છુટે, મનમાં તું તો વિચારે. ૨૪
અલ્યા તારા મનનો ભેદ મેં જાણ્યો, શીદ કરોછો હઠ ઝાઝી;
મોહનજી મુકીદો મમતા, દુધ પીઓ થાઓ રાજી. ૨૫
અલી રાજી તે મુજને શુ કરતી, વાંક દિસેછે આ તારો;
દુધ કઢી ગલી સાકર નાંખી, નંદ તણે ઘેર પીનારો. ૨૬
રાકને ભાગી રસજ વાધ્યો, પ્રભુજી અમને તાર્યાં;
દાણ દધીનું માફ કરાવી, તમે જીત્યા અમે હાર્યાં. ૨૭
અલી મીઠા બોલી મુજ પાસે રહે, કોલ તને કરમાં આપું;
સાકર સરીખા બોલ છે તારા, દાણ નહિ લેઉં દાપું. ૨૮
દાણ લીલા તો પુરી કીધી, પ્રભુ સાથે પ્રીત કરી;
દાસ સાંકો કહેછે કરજોડી, મુખે ગાવા હરિ હરિ. ૨૯

ગરબી પહેલી.

(ઓધવજી સંદેશો કહેજો શામને. એ રાગ.)

મોહનજી મારગ અમારો મેલજો, જાવું મારે જમુનાં ભરવા નીરજો;
સાળુનો છેડીલો મારો ફાટશે, ફાટે મારૂ નવરંગી આ ચીરજો. મો૦ ટેક
હાર અમારો તુટે સવા લાખનો, તુટે મારો રેશમ કેરો તારજો;
વાટે શું વળગોરે મારા વાલમા,વિઠ્ઠલ વાટે લાગે મુજને વારજો. મો૦૧
સાસુજી પુછે શો ઉત્તર દીજીએ, નણદલ મારી દેશે મુજને ગાળજો;
લોકડીઆની લજ્યા ઉરમાં ધારીએ, કાંન મારો કથ કરે તકરારજો.મો૦૨

વિચારી જવા ઘો નંદ ગોવાળીયા, મુકી હુંતો આવી ઘરનું કામજો;
પ્રીતલડી પડદે એ કાંના રાખીએ, લોકડીઆને દેખાડી શું કામજો.મો૦૩
સાંકો કહેછે એક કરજોડી શામળા, તમથી ગારે વાસેરૂછે કોણજો;
વાટલડી ના રોકો મારા વાલમા, થાશે મારી સાસુજીને જાણજો. મો૦૪

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

એવુ શું બોલી રે વ્રિજની વિનતા, લેવાં ગારે પાણી આરે દાણજો;
પાણીના મટકાં રે નહિતો ફોડશુ,થાશે તારે લાખ ટકાની હાણજો. એ ટેક.
મીઠી શી વાણીરે મુખથી બોલતી, બોલી ફોસલાવે શું નાનાં બાળજો;
નાનો ના જાણે ગોકુળ ગોવાલણી,દાણને સાટે લેવો નવસર હારજો. એ.૧
આંખલડી કામણગારી શુ છેતરે, છેતરવાનો નહિ આ નંદનો લાલજો;
છેતરવાના નરતું બીજા જાણજે, જાણ્યુ મેંતો આજે તારૂ વાલજો.એ.૨
ખોટી શું કરતી રે જાવું ઘેનમાં, તું કામાળી બીજા ન કામાયજો:
મુખ સાંભળી બોલે તુ તો રાધીકા,નહિ જાવા દેઉ વેળાવિતી જાયજો. એ ૩
સાંકાના સ્વામી કહે સમજી રાધીકા, ઝટ કરે તું થાતી મુજને વારજો;
પાણીના દાણી તું અમને જાણજે, શાછે જુમનાં આરેતારા ભારજો એ.૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

માઝા શું મુકોરે નંદ ગોવાળીયા, અવળાં બાંધ્યા બોલી અમને બોલજો;
જુમનાના ઘાટે આ દુરિજન દેખતાં, જાશે કાંના આજે તમારો તોલજો મા. ટેક.
વાટલડી વળગો શું અમને વીઠુલા, પાણી છાંટી ભીંજે ચોળી ચીરજો;
કાજળીયાં રોળાશે કાંના માયરાં, કહુંછું માનો નણદલ વીરજો, મા.૧
સાળુનો છેડીલો છોડો શામળા, છોડો મારૂ નવરંગી આ ચીરજો;
જુમનાંના ઘાટે આ રોકી રાધીકા, સોંઘું દીઠું પાણી તે આહીરજો.મા.૨

આવોને આંગણીએ કાંના માયરે, રમીએ આપણ રંગે માઝમ રાતજો;
ભોજનીઆં જમાડું રૂડી પેરનાં,અહીઆં કાંના થાશે મારી વાતજો.મા.૩
સાંકો કહે છે બેઉ કરજોડી શામળા, થાકી હુંતો જોડું તમને હાથજો;
અબળાની અરજી છે કાંના એટલી,રહેવું મારે સદાચરણમાં નાથજો.મા.૪

ગરબી ચોથી—રાગ ઉપર પ્રમાણે.

ધુતારી ઠગારી રાણી રાધીકા, જાણી મેંતો આજે તમારી પેરજો;
કામને કારણ કંથ કહી તું બોલતી, જાવા માટે અહીથી તું તો ઘેરજો.
ધ્રુ૦ ટેક.

દહાડી તું દીલાસા ખોટા દઈ જતી, અતિ હરખ્યું આજે મારૂં મનજો;
કાંનાને કારણ તું આવી એકલી, ચોરી કરતી ગોરી રાધે વનજો. ધ્રુ. ૧
ચોરી તું મુકી દે ગોરી રાધીકા, રાણી જાણી રાખું મારી પાસજો;
શીખામણ દઉંછું તે ઉરમાં ધારજો,વાસું હુંતો આવી તારેવાસ જો.ધ્રુ૦૨
બોલી તારી મીઠી મુજને લાગતી, લાગે મુજને બોલી તારી સાફ જો;
સુખેથી જળ ભરી લ્યો રાંણી રાધીકા, આજે તમારા દાણી કીધાંછે
માફ જો. ધ્રુ૦

સાંકો કહે છે બેઉ કરજોડી રાધીકા, રમીયાં જમુનાં આરે કાંના સંગજો;
બેડીલું લઈને ગોવાલણ સંચર્યાં, આનંદ પ્રગટયો રાંણી રાધે અંગજો.
ધ્રુ૦ ૪

ગરબી પહેલી.

(રૂડા ગરબે રમે છે દેવી અંબીકાજો—એ રાગ.)

વારી જાઉંરે ગણુપતિ તારા નામને જો,
પાવન કીધું નારદીપુર ગામને જો—વારી. ટેક.
ધન્ય દીવાળી દંન ઘણા ઓપતા જો,
દેવ દુંદાળા સનમુખ શોભતાજો—વારી. ૧

ચાર દહાડા આનંદ ઘણો થાય છે જો,
આવી સેવક સનમુખ ગાય છે જો—વારી૦ ૨
ગાય ગીતાં લે હાથ મહી તાળીઓ જો,
ઘાલી ચોફેર ફરતી જાળીઓ જો—વારી૦ ૩
ઘાલી મોડવોને જરીયન છાવીઓ જો,
ખુશાલ મેરાઈ વાઘા શીવી લાવીઓજો—વારી૦ ૪
કરી દીપમાળ રોશની રંગમાં જો,
વાગે નોબત નગારાં રૂડા સંગમાં જો—વારી૦ ૫
શોભે નેજાં નિશાનને મોડીઓ જો,
પાસે પોલીસ ઉભા લઈ ગેડીઓ જો—વારી૦ ૬
ગામ ગામોના લોક ઘણા આવતા જો,
હવે સાંકળચંદ મન ભાવતા જો—વારી૦ ૭
આવી કરજોડી પગે લાગતા જો.
ત્યાંતો છત્રી વાજાંના શબ્દ વાગતા જો—વારી૦ ૮
રચી રચના મંડપની શોહામણિ જો,
જોયા જેવી શોભા રોશની તણી જો—વારી૦ ૯
અતિ આનંદ પ્રગટયો ઉરમાં જો,
ધામધુમ થાય નારદીપુરમાં જો—વારી૦ ૧૦
વર્ણુન કરતાં આ જીભ હારી જાય છે જો,
દાસ સાંકો મુખે ગુણ ગાય છે જો—વારી૦ ૧૧

ગરબો બીજો.

(રાગ. ઉપર પ્રમાણે.)

સતિ સીતા અસુર રાવણે હર્યાં જો,
વાગ્યાં હૈયે જુઓ હાથનાં કર્યાં જો—સતિ ટેક.

રમી શીકાર રામ મઢી આવીઆ જો,
સુની મઢીએ મૃગ મારી લાવીઆ જો—સતિ૦ ૧
મૃગ મારી નાખ્યો છે મઢી બારણે જો,
સીતા ગુમાવ્યાં છે કંચુકીને કારણે જો—સતિ૦ ૨
કહે લક્ષ્મણ ઘેલું વદો નહિ જો,
સીતા લાવીશું એક પળની મહી જો—સતી૦ ૩
કરી સભા બીડું ફેરવે તહીજો,
કોઇ સીતાની સુદ્ધ લાવો આહી જો—સતી૦ ૪
બીડું સભા મધ્યે ફરી આવીયું જો,
હાક મારી હનમાનજી ઉઠાવીયું જો—સતી૦ ૫
કહે હનુમાન સુદ્ધ કેવી લાવીએ જો,
બાળી લંકા પાછા અહી આવીએ જો—સતી૦ ૬
રામચંદ્રજી સૈન્ય મેળવે તહી જો,
લીધાં અઢાર પદ્મ વાંદરાં મહી જો—સતી૦ ૭
માંહી યોદ્ધા નલ નીલ જાંબુવંત છે જો,
ક્રોડ છપ્પન રીંછ મોટા દંત છે જો—સતી૦ ૮
મહા વીકાળ રૂપ મોટાં પૂછડાં જો,
પાડે ચીસો વીકટ રૂપ રીંછડાં જો—સતી૦ ૯
બાંધી પાએગ સાગર ઉતરી પડયા જો,
ત્યાં તો રામનામથી પથરા તર્યા જો—સતી૦ ૧૦
કહે મનોહરી કંથજી તમો જો,
સોંપી સીતા જઇ ચરણે નમો જો—સતિ૦ ૧૧
કહે રાવણ ધીક ધીક છે તુને જો,
માર્યાં બાણ છાતીએ તેં તો મુને જો—સતિ૦ ૧૨

કુંભકરણુ વીભીક્ષણભાઇ છે જો,
કોટ લંકા સરીખો પુંઠે ખાઈ છે જો—સતિ૦ ૧૩

કહું તમને નિશ્ચે કરી જાણજો,
તમે રાજ હવે થોડા દિન માણજો જો—સતિ૦ ૧૪

કહે રાવણ સાંભળ તુંતો કામની જો,
મારી રામને રાખુ એ ઘેર ભામની જો—સતિ૦ ૧૫

નહિ માન્યું અભિમાનમાં ચડયો જો,
શૂરો ઈંદ્રજીત ત્યાંતો પડયો જો—સતિ૦ ૧૬

ભેર ભુગોળા નોબત તહી નાદછે,
માર બાણુનો ત્યાં વરસાદ છે જો—સતિ૦ ૧૭

શૂરા સર્વે હણ્યા રણની મહી જો,
માર્યો રાવણ રામબાણુથી તહી જો—સતિ૦ ૧૮

દેવે વૈમાને ચડી જશ આપીઓ જો,
રાજગાદી વીભિક્ષણ સ્થાપીઓ જો—સતિ૦ ૧૯

રાય ઈંદ્ર આકાશમાં આવ્યા ભણી જો,
આવી વૃષ્ટી કીધી પુષ્પો તણી જો—સતિ૦ ૨૦

રામ રામ રામ રામ રણુંકાર છે જો,
દેવ મુખે જય જય જયકાર છે જો—સતિ૦ ૨૧

લેઇ સીતા અવધપુર આવીઆ જો,
માતા કૌશલ્યાને મન ભાવીઆ જો—સતિ૦ ૨૨

અતિ હર્ષ થયો ઉરની મહી જો,
દાસ સાંકો કહે શરણે રહી જો—સતિ૦ ૨૩

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

સખી આજે આનંદનો દન છે જો,
માની ભક્તિ કરે તેને ધન્ય છે જો; સખી૦ ટેક.
નવ નોરતાં આનંદ રૂડી પેરથી જો,
ગાઓ ગરબો માતાજીની મહેરથી જો; સખી૦ ૧
ગાવા ગરબો આનંદ અંગ થાય છે જો,
ગરબો ચોસટ જોગણી ગાય છે જો; સખી૦ ૨
ગાય ગરબો આભુષણ ઓપે અંગમાં જો,
દેવી અંબીકા શોભે રૂડા સંગમાં જો; સખી૦ ૩
દેવી બહુચરા સુવાળથી આવીઆં જો,
સાથે બટુક ભૈરવ તેડી લાવીઆં જો: સખી૦ ૪
દેવ તેતરીસક્રોડ આવીયા તહી જો,
આવ્યા બાવનવીર સંગની મહી જો; સખી૦ ૫
ધન્ય ધન્ય કહે આજની ઘડી જો,
આવ્યા ઇંદ્ર આકાશમાં ગરગડી જો; સખી૦ ૬
આવી વૃષ્ટી કીધી છે પૂષ્પો તણી જો,
દાસ સાંકો કહે ગુણને ગણી જો: સખી૦ ૭

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

સુખદાઇરે કસુંબઇ મારી માવડી જો,
પ્રથમ પુજું માતાજીની પાવડી જો; સુખ૦ ટેક.
માજી મોસમ ગામથી પધારીઆં જો,
તરગાળાની સાથે આવીઆં જો; સુખ૦ ૧

મહેર કરી નારદીપુર આવીઆં જો,
સહુ શેવકને મન ભાવીઆં જો; સુખ૦ ૨
માજી પડછો આપીને પ્રકાશીઆં જો,
પ્રથમ પીંપળાના થડ તળે વાસીઆં જો; સુખ૦ ૩
સાચ જુગસ ચરાચર જાણીયું જો,
દહેરૂં કરી પધરાવા પ્રમાણીયું જો; સુખ૦ ૪
ધામધુમથી પધરામણી થાય છે જો,
અતિ હર્ષ ભર્યા લોક ગાય છે જો; સુખ૦ ૫
તાલ પખાજ ઝાંઝ ઝમકાર ઘણો જો,
ઘનઘોર અતિ થાય ભૂગળો તણો જો; સુખ૦ ૬
વીપ્ર વેદ પુરાણ મુખથી ભણે જો,
હોમ અરૂપથી ગુણ માના ગણે જો; સુખ૦ ૭
બ્રહ્મ ભોજન કરાવ્યું રૂડી પેરથી જો,
કરી પ્રતીષ્ટા માતાજીની મહેરથી જો; સુખ૦ ૮
સવંત ઓગણીસ બત્રીસની સાલ છે જો,
શ્રાવણ સુદ પંચમીને રવીવાર છે જો; સુખ૦ ૯
ઘંટ ત્રિશૂળ દેહેરાની માંય છે જો,
ઉપર આસોપાલવની છાંય છે જો; સુખ૦ ૧૦
નિત્ય પાઠ પૂજા આરતી થાય છે જો,
બટુક ભૈરવ માજીના ગુણ ગાય છે જો- સુખ૦ ૧૧
ધુપ નઇવેદ રોજ તહી થાય છે જો,
પ્રસાદ લીધેથી દુઃખ સહુ જાય છે જો; સુખ૦ ૧૨
રોગચાળો પ્રગટ જ્યારે થાય છે જો,
માજી ત્રીશૂળ લેઇને ધાય છે જો; સુખ૦ ૧૩

પહેલો પડછો આપ્યો જગમાલને જો,
બીજો પડછો આપ્યો ગોપાળને જો; સુખ૦ ૧૪
મહેર કીધી પુરણ આ ધામને જો,
પાવન કીધું નારદીપુર ગામને જો; સુખ૦ ૧૫
દેશ પરદેશના લોક માનતા કરે જો,
તેનાં દુ:ખને વિઘ્ન માજી હરેજો; સુખ૦ ૧૬
ગરબો ગાયને જે કોઈ સાંભળે જો,
તેનાં જન્મ મરણ દુ:ખડાં ટળે જો; સુખ૦ ૧૭
વર્ણન કરતાં આ જીભ હારી જાય છે જો,
દાસ સાંકો મુખે ગુણ ગાય છે જો; સુખ૦ ૧૮

ગરબી પાંચમી.

રાગ ઉપર પ્રમાણે.

કડી પ્રાંતે નારદીપુર ગામ છે જો,
તેમાં બળિયાકાકાનું ધામ છે જો; કડી૦ ટેક.
મોટાં માતા પ્રગટ જ્યારે થાય છે,
ત્યારે બળિયાકાકાના ગુણ ગાય છે જો; કડી૦ ૧
ઓરી અછબડા પ્રખ્યાત છે જો,
તેમાં ઓરી છ માસ સુધી ઘાત છે જો; કડી૦ ૨
બાધા રાખેથી આરામ થાય છે જો,
ઘણાં બાળક ત્યાં ગોળથી જોખાય છે જો; કડી૦ ૩
સાચ જુગસ ચરાચર ચાલતું જો,
આજે માનતા એ લોક ઘણા ફાલતું જો; કડી૦ ૪
કરી ઉપકાર દુ:ખ ભાગતા તમે જો,
રહે માઝા આવી ચરણે નમે જો; કડી૦ ૫

મહા મહાતમ છે બળિયા તણું જો,
આવે મુસાફરી લોક ત્યાં ઘણું જો; કડી૦ ૬
દેશ પરદેશના લોક ઘણા માંનતા જો,
તર્ત પારખું થાય છે શાંનતા જો; કડી૦ ૭
આવે માંનતાએ લોક તુજ મહેરથી જો,
બ્રહ્મ ભોજન કરાવે રૂડી પેરથી જો; કડી૦ ૮
માથે શગડી મુકે ખાસડાં ધરે જો,
આવી ધાંણી તોઠાની માનતા કરે જો; કડી૦ ૯
પાસે મહાદેવ ધોળેશ્વર ધામ છે જો,
ધર્મશાળા તણો વિશ્રામ છે જો; કડી૦ ૧૦
વર્ણન કરતાં આ જીભ હારી જાય છે,
ધર્મશાળા દક્ષિણ દિશા માંય છે જો; કડી૦ ૧૧
દાસ સાંકો સુખે ગુણ ગાય છે જો,
તેતો નારદીપુરની માંય છે જો; કડી૦ ૧૨

ગરબો પહેલો.

(બહુચરમા ગરબે ખેલોને માત બાળી—એ રાગ.)

ગોવાળીઆ રોકે શું વ્રીજની નારી,
તું તો ગાયો જાણે ચારી; ગોવા૦ ટેક.
છોડ સાડીનો છેડલો તું મારો,
રાજકંસનું હકશો તારો; ગોવા૦ ૧
કંસ કરતાં તું કયારનો મોટો,
તેના વાદે શું ડોળ કરે ખોટો; ગોવા૦ ૨
તારા મનમાં શું જાણતો અહીંઆં.
ખસ નિર્લજ છોડ મારી બહીઆં; ગોવા૦ ૩

તુંતો આવ્યો છે દાણ અહી લેવા,
નથી દાણમાં દોકડો દેવા; ગોવા૦ ૪
અહી ખોટા શું કરતો ચાળા.
તને કોણ બોલાવે કાળા; ગોવા૦ ૫
દાસ સાંકો કહે સમજાવી,
દાણ આપીશું વળતાં આવી; ગોવા૦ ૬

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

દેવાળીઆ દાણની રીત આ ક્યાંની,
કેમ રોકી વહુવારૂ નાની; દેવા૦ ટેક.
દાણ દહાડી તું માગતો આવે,
કેમ સાથે નહિ ગોદડું લાવે; દેવા૦ ૧
અહી આવ્યો તું દાણને સારૂ,
અલ્યા જોયું નાણાવટું તારૂ; દેવા૦ ૨
દાણ લેવા તું આવતો દહાડી,
મહી વેચે છે કાંન તારી માડી; દેવા૦ ૩
તું તો રોકે શું મનમાં જાણી,
નથી બાપડી આ રાધીકા રાણી; દેવા૦ ૪
દાસ સાંકો કહે સમજાવી,
દાણ આપીશું વળતાં આવી; દેવા૦ ૫

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

ગોવાલણી દાણની રીત દઈ જાને,
તુંતો કેજે જઈ કંસ રાજાને; ગોવા૦ ટેક.

દાણ લેવું આ મહી મારે લૂંટી,
બાળપણની પ્રીત જશે તૂટી; ગોવા૦ ૧
બાળાપણની પ્રીત આજે તોડું,
દાણ લીધા વિના નહિ છોડું; ગોવા૦ ૨
બોલ બોલી તું કડવાં ભારી,
દાણ લેવું આ ગોરસાં ઉતારી; ગોવા૦ ૩
હામ રાખી તું કંસની આણી,
કેમ સાથે નહિ તેડતી લાવી; ગોવા૦ ૪
નથી રહેવાની આજ અહીં માઝા,
અમે કંસથી મોટા રાજા; ગોવા૦ ૫
કંસ કુબુદ્ધિ નર છે તારો,
વંન માંહે લાગ છે મારો;—ગોવા૦ ૬
દાસ સાંકો કહે રીસ રહી વ્યાપી,
નહી છોડું તું દાણ જા આપી; ગોવા૦ ૭

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

મોહનજી આવજો આંગણે હમારે,
મહી લાવી છું વાસ્તે તમારે; મોહ૦ ટેક.
નથી દાણનું આંય કાંય આડું,
ઘેર આવો તો જુગતે જમાડું; મોહન૦ ૧
આપું પેર પેર પકવાન મેવા,
ખાટી છાશમાં શું આવ્યા લેવા; મોહ૦ ૨
તમે રોકો શું વંનની વાટે,
લાવી મહીડાં હું આપની માટે; મોહ૦ ૩

વેર વાધ્યું આ વાંક છે અમારો,
મારાં મહીડાં લ્યો ગોરસાં ઉતારો; મોહ૦ ૪
સમ મારા લ્યો ગોરસાં ઉતારી,
પ્રભુ જાણ્યા નહિ ભુલ છે આ મારી; મોહ૦ ૫
બોલ મીઠા અમ્રીત સમવાણી,
થયા લબ્ધ તેહી નંદના દાણી; મોહ૦ ૬
થઈ લબ્ધ તહી કામ પ્રભુ કીધું,
દાસ સાંકો કહે દાણ મુકી દીધું; મોહ૦ ૭

ગરબી પહેલી.

હાંરે દાણ માગેરે દાણ માગે—એ રાગ.

હાંરે મહી ઢળશેરે મહી ઢળશે;
હાંરે કાંના તારા માથાની કોક મળશેરે. મહી૦ ટેક.

હાંરે મહી વેચવાને દુર મારે જાવું,
હાંરે શીદ રોકો છો કાંના ખોટી થાવુંરે; મહી૦ ૧

હાંરે વંદ્રાવંનને મારગ જાતાં દહાડી,
હાંરે નવી રીત કાંના દાણની કહાડી; મહી૦ ૨

હાંરે કાંના વંનમાં તેં એકલી જાણી,
હાંરે તુંતો ખોટી વદે છે કેમ વાણીરે; મહી૦ ૩

હાંરે કાંના તારે લેવું છે મહી લૂટી,
હાંરે તુંજ સરખા ગયા છે કહીક ઉઠીરે; મહી૦ ૪

હાંરે દાસ સાંકો કહે શું પ્રીતિ તોડો,
હાંરે કહ્યું માની મારગડા છોડોરે; મહી૦ ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

હાંરે મહીયારીરે મહીયારી,
હાંરે નથી રહેવાની આજ ભદ્રયારીરે; મહી૦ ટેક.

હાંરે દાણ લેવું છે મહીનું મારે,
હાંરે તુંતો બોલી છે દુકારેરે; મહી. ૧

હાંરે નહી દોકરો એકે છોડું,
હાંરે બાળાપણુની પ્રીતિ આજે તોડુંરે; મહી૦ ૨

હાંરે હાર તોડું હીરાનો આજે,
હાંરે ફોડું ગોરસાં દાણની કાજેરે; મહી૦ ૩

હાંરે શું જોર જણાવે છે તારૂ,
હાંરે ડંડ ગ્રહી તુંને માર હું મારૂંરે; મહી૦ ૪

હાંરે વંદ્રાવનમાં કરૂ વલે તારી,
હાંરે દાસ સાંકો કહે ચોકારીરે; મહી. ૫

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

હાંરે કાંન કાળારે કાંન કાળા,
હાંરે તમે શીદ કરો આવડા ચાળારે; કાંન૦ ટેક.

હાંરે તારા ચાળાજો લોક દેખે,
હાંરે તો તો કોક કરે વાત વ્રીજ માંહીરે; કાંન૦ ૧

હાંરે વાત થાશે વ્રીજમાં મારી,
હાંરે સાસુ કરતાં છે નણુદી નઠારીરે; કાંન૦ ૨

હાંરે સારુ કરતાં લોકોની ઘણી શૂળી,
હાંરે કાના આજ તમે ખોડ જશો ભુલી રે. કાન૦ ૩
હાંરે તમે વાટે શું રોકતા જાણી,
હાંરે તમે સમજી જવા ઘો દાણી રે. કાન૦ ૪
હાંરે દાસ સાંકો કહે સરવેથી,
હાંરે દાણ દોકડો મળવાનો નથી રે. કાન૦ ૫

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

હારે વ્રીજનારી રે વ્રીજનારી,
હારે લેઉ ગોરસાં આજે ઉતારીરે. વ્રીજ૦ ટેક.
હાંરે તારા તાતને તું કર ફરિયાદી,
હાંરે નથી તારે ઘેર રાજની ગાદી રે: વ્રીજ૦ ૧
હાંરે અમે કંસ રાયથી પણ મોટા,
હાંરે તુંતો ડોળ કરે તે બધા ખોટા રે; વ્રીજ૦ ૨
હાંરે નથી ડરતો આહીરોને દેખી,
હાંરે ભલે લોક કરતા અદેખી રે, વ્રીજ૦ ૩
હાંરે દાણ લીધા વિના નહિ છોડું,
હાંરે કેવું રાધેકૃષ્ણનું શોભે જોડું રે; વ્રીજ૦ ૪
હાંરે તારા મનમાં તું સમજી લેને,
હાંરે કહે સાંકાના સ્વામી દાણ દેને રે; વ્રીજ૦ ૫

ગરબી પાંચમી.

રાગ ઉપરે પ્રમાણે.

હાંરે ગોવાળા રે ગોવાળા,
હાંરે મોહ પામી છે વ્રીજની બાળા રે; ગોવા૦ ટેક.

હાંરે મોહ પામી છે મોરલી નાદે,
હાંરે કહો ત્યાં હું આવીશ એક સાદે રે; ગોવા૦ ૧
હાંરે સાદ એક તમે કરજો વહાલા,
હાંરે પ્રાણજીવણ નંદના લાલા રે; ગોવા૦ ૨
હાંરે તમો વિયોગે પ્રાણ આ જાય,
હાંરે વાંસે ફરતાં વજારત થાય રે; ગોવા૦ ૩
હાંરે વાંસે ફરીએ તેમાં શો માલ,
હાંરે ઘણું લોકડીઆનું છે સાલ રે; ગોવા૦ ૪
હાંરે માટે સાનમહી સમજો મારી,
હાંરે મોહી અણિયારી આંખડી તમારી રે; ગોવા૦ ૫

ગરબી છઠ્ઠી.

રાગ ઉપર પ્રમાણે.

હાંરે સમજાવે રે સમજાવે,
હાંરે નંદલાલ નહિ તારી હાથે આવે રે. સમ૦ ટેક.
હાંરે સમજાવે કરી તું ડોળ ખોટા,
હાંરે નથી મારે ઘેર કાંઇપણ ટોટા રે. સમ૦ ૧
હાંરે ખાવા પીવાને ખુબ રીતે ખાવું,
હાંરે નંદરાયજીની ધેનો ચરાવું રે. સમ૦ ૨
હાંરે માત જશોમતિ છે મારી,
હાંરે મને માંખણનો પીંડો દેનારી રે. સમ૦ ૩
હાંરે તું તો ડોળ કરે છે જુઠો;
હાંરે ઘણીવાર પડયો તારી સંગ ભુંઠો રે. સમ૦ ૪
હાંરે નહિ આવું હું નવલખ મેલી,
હાંરે કહુ સાચે સાચું અલબેલી રે. સમ૦ ૫

હારે તું તો મુકી દે દાણુ અહી મારૂં;
હારે કહે સાંકાના સ્વામી સારૂં રે. સમ૦ ૬

ગરબી સાતમી.

રાગ ઉપર પ્રમાણે.

હારે નંદલાલા રે નંદલાલા,
હારે નથી કુંવર નંદના કાલા રે. નંદ૦ ટેક૦
હારે કાલાવાલા હું તમને કરતી,
હારે તમો વિના હું ડગ નથી ભરતી રે. નંદ૦ ૧
હારે તમો વિના જરા નવ ચાલે,
હારે તારા મીઠડીના બોલ મને સાલે રે. નંદ૦ ૨
હારે અણિયાળી હું આંખડી લોભાણી,
હારે તારી લાલચમાં લપટાણી રે. નંદ૦ ૩
હારે ઘનશ્યામ પ્રભુ મુકી દ્યો ચાળા;
હારે આવો રમવાને રૂપાળા રે. નંદ૦ ૪
હારે આવો શેરીએ અમારી માવા,
હારે દાસ સાંકો કહે લીધા લાવા રે. નંદ૦ ૫

ગરબી આઠમી.

રાગ ઉપર પ્રમાણે.

હારે વાત સાચી રે વાત સાચી,
હારે આતો કાયા છે આપણી કાચી રે. વાત૦ ટેક.
હારે રચી કાયા માયા સર્વે આતો જુઠી,
હારે મૃત્યુ લોકમાં આ કૈંક ગયા ઉઠી રે. વાત૦ ૧
હારે રૈન અડધીનું સ્વપ્નું આ જાણો,
હારે તેમાં કંઇક થયા રંકને રાણો રે. વાત૦ ૨

હાંરે સગું નથી તારૂં મારૂં દેજો મૂકી,
હાંરે જુઠી માયા કાયા દેશે તારી ફૂંકી રે. વાત૦ ૩
હાંરે મોહ લોભ મુકી દયા દિલ રાખો;
હાંરે ગયા પ્રાણી જો હજાર લાખો રે. વાત૦ ૪
હાંરે તન મન ધન સર્વે છે આ ખોટું,
હાંરે તેમાં રામ નામ સર્વેથી છે મોટું રે. વાત૦ ૫
હાંરે કીધી સીધી વાત શાસ્ત્રથી આ કેવી,
હાંરે દાસ સાંકો કહે પ્રભુ લેજો સેવી રે. વાત૦ ૬

ગરબી પહેલી.

(ભજન કરી લ્યો રે હો ભાઇઓ. એ રાગ.)

માતા મારી રે હો સાચી, અંબે ચરણે આવ્યો નાચી; માતા૦ટેક.
બહારે ધાજો રે હો દેવી, જુક્તિ તારી જોવા જેવી. માતા૦ ૧
મોહ્યું મનડું રે હો મારૂં, કરમાં ત્રિશૂળ છે ત્રણ ધારૂં; માતા૦ ૨
ખડગને ઢાલડી રે હો સારી, નાખ્યા રણમાં દહીતને મારી. માતા૦૩
ભાલો ગ્રહી રે હો હાથે, ચોસટ જોગણી છે તુજ સાથે; માતા૦૪
બાવન બળીઆ રે હો આવ્યા, સાથે ભઇરવ ભૂતને લાવ્યા. મા૦ ૫
ઈંદ્ર આવ્યો રે હો ગાજી, નવકુળ નાગણી થઇ છે રાજી. માતા૦ ૬
બ્રહ્મા ભાવે રે હો ભણતા, વિષ્ણુ ગુણ તારા નિત્ય ગણતા. માતા૦ ૭
મળીયા દેવતા રે હો આવી, નવ દુર્ગા દુધ દોહીને લાવી. માતા૦ ૮
એવી દેવી રે હો મારી, રાખો ચરણે જાઉ બલિહારી. માતા૦ ૯
અરજી મારી રે હો એવી, ભૂલ્ય ચૂકની માફી દેવી. માતા૦ ૧૦
ગાંડું ઘેલું રે હો ગાયો, અંબે ચરણે તારે આવ્યો. માતા૦ ૧૧
ગાય સાંકો રે હો શરણે, અંબે રહેવા તારે ચરણે. માતા૦૧૨

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

મોહન મારગ રે હો જાતાં, ખોટી તુજને દેખી થાતાં મોહન૦ ટેક.
ગાતાં ગુણને રે હો તારા, કોણ બોલાવે તુજને કાળા. મોહ ૧
કાળા બોલી રે હો મીઠી, નવખંડ પૃથ્વીમાં નહિ દીઠી. મોહ. ૨
સાળુ મારો રે હો છોડી, જાને આહીર પ્રીતિ તોડી; મોહ. ૩
છોડી તું તો રે હો જાને, નહિ તો કહીશું તારી માને. મોહ. ૪
દુરીજન દેખે રે હો અમને, નિર્લજ ઝાઝું શું કહું તમને મોહ ૫
અબળા સાથે રે હો આડી, મોહન મારગે રોકો દહાડી. મોહ. ૬
જાવા દોને રે હો ગોપી, નિર્લજ થઇ શું લજ્જા લોપી. મોહ. ૭
ઓપી જમુનાંની હો ઝાડી, સાંકો કહે શું કરતા આડી. મોહ. ૮

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

કાના કારણ રે હો આવી, આવી મનમાં લાજ ગુમાવી. કાના૦ટેક.
ફાવી તુજને રે હો આતો, કાના થાશે વ્રીજમાં વાતો. કાના૦ ૧
વાતો વ્રીજમાં રે હો થાશે, કાના લજ્યા મારી જાશે. કાના૦ ૨
સાસુ કરશે રે હો લટકો, નણદલ મારી વિંછુ ચટકો. કાના૦ ૩
માટે વાટે રે હો વાહાલા, અબળા કરતી કાલાવાલા. કાના૦ ૪
સાંકો કહે છે રે હો નામી, સમજી જાઓ અંતર જામી. કાના૦ ૫

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

સખણા રહોને રે હો વહાલા, કુંવર નંદના કેમ થાઓ કાલા સ૦ટેક.
કાલા થઇને રે હો ફરતા, મન ગમતી મશ્કરીઓ કરતા. સખ૦ ૧

ભરતા બાથો રે હો ભારી, બીવરાવો તે બીજી નારી. સખ૦ ૨
જરૂર જીવણુ રે હો જાણો, શું સમજીને સાળુ તાણો. સખ૦ ૩
બેડું ફૂટે રે હો મારૂ, વિઠ્ઠલ હું તો તમને વારૂ. સખ૦ ૪
આહીર દેખે રે હો આજે, મોહન મારી માતા લાજે. સખ૦ ૫
મારગે મુકો રે હો આડી, મોહન બોલો મુખ સંભાળી. સખ૦ ૬
સાંકો કહેછે રે હો નામી, સમજી જાઓ અંતરજામી. સખ૦ ૭

ગરબી પાંચમી.

રાગ. ઉપર પ્રમાણે.

મંદિર આવો રે હો મારે, અમથા આવો જમુનાં આરે. મંદિ૦ ટેક.
માખણ આપું રે હો તમને, ગિરધારી ગોઠે નહિ અમને. મંદિ૦ ૧
આપું તમને રે હો મેવા, શામળિયા આવો સુખ લેવા. મંદિ૦ ૨
ભોજન કરીએ રે હો ભાવે, આવજો મોહન દાવે દાવે; મંદિ૦ ૩
બેસું બારી રે હો વહાલા, એકલા આવજો નંદલાલા. મંદિ૦ ૪
સાચું તમને રે હો કહું છું, જળ ભરવા ઘો આગળ જાઉછું. મં૦૫
જળ ભરવા ઘો રે હો અમને, નાવો મારા સમછે તમને; મંદિ૦ ૬
સાંકો કહેછે રે હો નામી, અળગા રહોને અંતરજામી. મંદિ૦ ૭

ગરબી છઠ્ઠી.

રાગ ઉપર પ્રમાણે.

હળવા હળવા રે હો આવો, નહિ તો મારી આગળ થાવો. હળ૦ટેક.
પતિજ નાવે રે હો તમને, ગિરધારી ગોઠે નહિ અમને. હળ૦ ૧
સાચું કહું છું રે હો આજે, આવી કાના મળવા કાજે. હળ૦ ૨
પાણીનું બહાનું રે હો લાવી, મોહન મળવા તમને આવી. હળ૦ ૩
ઘેનો દેખી રે હો તારી, ધીરજ મુજને ના રહી ધારી; હળ૦ ૪

પગલે પગલે રે હો આવી, તોએ તમને પતીજ નાવી. હળ૦ ૫
જળ ભરવા ઘો રે હો વહાલા, જરૂર આવજો નંદનાલાલા. હળ૦ ૬
સાંકો કહે છે રે હો સ્વામી, આવજો મોહન શેરીએ સ્વામી. હળ૦ ૭

ગરબી સાતમી.

રાગ ઉપર પ્રમાણે.

જળ ભરવા ઘો રે હો વહાલા, ધીરજ રાખો નંદના લાલા. જળ. ટેક.
વહાલા લાગો રે હો અમને, વારંવાર શું કહીએ તમને. જળ૦ ૧
મોહન મોહી રે હો લટકે, મોહી તારા પીળે પટકે. જળ૦ ૨
ઝટકે મારી રે હો વહાલા, અબળા કરતી કાલાવાલા. જળ૦ ૩
નણદલ મારી રે હો નડશે, સાસુ મારી મુજને લડશે. જળ૦ ૪
દીયર મારો રે હો નબળો, નણદલથી છે તે તો જબરો. જળ૦ ૫
જાણે જરીએ રે હો તેતો, આવે પાછળ પગલાં જોતો. જળ૦ ૬
જળ ભરવા ઘો રે હો વહાલા, વાર થઇ છે નંદના લાલા જળ૦ ૭
સાંકો કહેછે રે હો નામી, રીઝયા વહાલો અંતરજામી. જળ૦ ૮

ગરબી પહેલી.

(શા રે ગુનામાં લૂટી વાલીડે મને શા રે ગુનામાં લૂટી. એ રાગ.)

જય જય જય જય જયકારી, કસુંબાઇ મા જય જય જય જય જયકારી. ટે
નારદીપુરમાં વાસ તમારો, મંડપની શોભા સારી. કસુંબાઇ૦ ૧
આસોપાલવની છાંય તમારે, દ્વારે જડી છે જાળી. કસુંબાઇ૦ ૨
ખડગ ત્રિશુળ મૈયા હસ્ત બિરાજે, મયુર તણી છે સ્વારી. કસુંબાઇ૦ ૩
ચંદન આરતી પુષ્પ ચડાવી, જાપ જપે નર નારી. કસુંબાઇ૦ ૪
સાંકો કહે છે શરણે તમારે, ચરણ કમળ બલહારી. કસુંબાઇ૦ ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

જાવા દે જમુનનાં પાણી, તું જાદવા જાવા દે જમુનનાં પાણી. ટેક૦
જમુનનાંની તીરમાં આવી શું રોકતો, રોકી શું મનમાં જાણી. તું જા૦૧
લાખ ટકાની છે માણુ અમારી, રત્ન જડીત છે ઉઢાણી; તું જા૦૨
વાટેને ઘાટે આવી શું વળગે, વળગે ચુંદડી તાણી. તું જા૦૩
નંદનું નાણાવટું નથી રે અજાણ્યું, કયારનો તું થયો દાણી. તું જા૦૪
તમારા સંગમાં ઉભી રહેવાથી, સાંકો કહે શરમાણી; તું જા૦૫

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

માણ્યમાં નહિ કાંઇ લેવા, મોહનજી માણ્યમાં નહિ કાંઇ લેવા. ટેક.
લેવું જો હોય તો આવો આંગણીએ, આપીશું પકવાન મેવા, મોહ૦૧
વાટે ઘાટે શું રોકતા ફરો છો, ખોટી પડીછે કેમ હેવા; મોહ૦૨
લાકડીઆની લજ્યા શું લોપતા, જોયા મેં કંઇક તુજ જેવા; મોહ૦૩
અહીઆં રોકે શું મળશે તમોને, અહીં કાંઈ નથી લાવી દેવા;મોહ૦૪
સાંકો કહેછે શરણે શામળિયા, ઘેર જઇ ઘો મને કહેવા. મોહ૦૫

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

કહેવા દે માતને તારી, મોહનજી કહેવા દે માતને તારી. ટેક૦
વગર વાંકે શું આવીને વળગે, ઝગડો થાશે આજ ભારી; મોહ૦ ૧
ઘેરથી આવી રસ્તે રોકાણી, સાસુ છે મારી નઠારી. મોહ૦ ૨
અબળાથી અળગા રહોને મોહનજી, તમે જીત્યા હું હારી.મોહ૦ ૩
કરજોડી કહું કાંના તમોને, જાવા ઘો અબળા નારી; મોહ૦ ૪

એટલામાં હરી હશીને કહે છે, રહે તું સંગમાં મારી. મોહ૦ ૫
સાંકો કહે છે શરણે શામળિયા, ગોપી કહે ગિરધારી; મોહ૦ ૬

ગરબી પહેલી.

શ્રી દાણ લીલા.

(હાંહાંરે મીઠડાં ગોરસ લ્યો, ગોરસ લ્યો. એ રાગ.)

હાંહારે જાદવા જાને દો, જાને દો.
કેમ રસ્તે કરો રોકાણ રે, જાદવા જાને દો; જાને દો.
કોક કરશે આ કંસને જાણ રે, જાદવા જાને દો જાને દો;

રાધાજી— **સાખી.**

મારગ જાતાં માવજી, રોકી ચતુર સુજાણ;
ઘેલા થઇ ગોવાળિયા, હાંરે તમે શાનાં માગો છો દાણ રે જાદવા.
કેમ રસ્તે કરો રોકાણ રે, જાદ૦ દાણ આપીશું થવા ઘો વેચાણરે જા૦
કોક કરશે આ કંસને જાણરે, જાદવા જાને દો જાને દો. ૧

કૃષ્ણજી— **સાખી.**

દાણ દધીનું લીજીએ, ગઢ ગોકુળની નાર;
છોડું નહિ હું દોકડો, હાંરે તું તો શાને કરે છે વાર રે:
દાણ હું લેનારો લેનારો, મારે લેવી આ મહીની માણરે. દાણ હું૦
તારા કંસને કરજે જાણ રે, દાણ હું લેનારો લેનારો. ૨

રાધાજી— **સાખી.**

દાણી તું તો કયારનો, રાખું નહિ હું માન;
કઠણ રાજ છે કંસનું, હાંરે તમે જાવા ઘો કાળા કાનરે જાદુવા૦
કેમ રસ્તે કરો રોકાણ રે, જા૦ દાણ આપીશું થવા ઘો વેચાણરે જા.
કોક કરશે આ કંસને જાણ રે, જાદવા જાને દો જાને દો, ૩

કૃષ્ણજી— સાખી.

હિમ્મત હોય જો કંસની, સાથે તેડી લાવ્ય;
અમને તું નવ ઓળખે, હાંરે અમે કંસથી મોટા રાય રે; દાણ હું.
તુંતો નિશ્ચે કરીને જાણરે, દાણ૦ મારે લેવી આ મહીની માણ રે, દા૦
તારા કંસને કરજે જાણ રે દાણ હું લેનારો લેનારો; ૪

રાધાજી— સાખી.

મોટો તુંતો ક્યારનો, ચારે વનમાં ઢોર;
અડધી રાતે આવીઓ, હાંરે જુઓ મેઘલીઓ ઘનઘોર રે, જાદવા૦
કેમ રસ્તે કરો રોકાણ રે, જાદ૦ દાણ આપીશું થવા દો વેચાણ રે. જા.
કોક કરશે આ કંસને જાણ રે જાદવા જાનેદો જાને દો. ૫

કૃષ્ણજી— સાખી.

એ શું બોલી પ્રેમદા, સાંભળ મારી વાત;
આહીરની તું છોકરી, હાંરે ઓછી દીસે છે તારી જાત રે. દાણ હું.
તુંતો નિશ્ચે કરીને જાણ રે, દાણ હું. મારે લેવી આ મહીની માણ રે.
તારા કંસને કરજે જાણ રે, દાણ હું લેનારો લેનારો. ૬

રાધાજી— સાખી.

આહીરની હું છોકરી, રાધા મારૂ નામ;
પિતા તારો શેઠીઓ, હાંરે જઇ પૂછોને ગોકુળ ગામ રે. જાદવા૦
કેમ રસ્તે કરો રોકાણ રે, જાદ. દાણ આપીશું થવા દો વેચાણરે. જા.
કોક કરશે આ કંસને જાણ રે. જાદવા જાને દો જાને દો. ૭

કૃષ્ણજી— સાખી.

શેઠ સરીખા જાણજે, બેટી બ્રખુભાણ;
હોડે કાળી કાંબળી, હાંરે તેમાં આવડો શો ગુમાન રે. દાણ હું૦
તુંતો નિશ્ચે કરીને જાણરે, દાણ૦ મારે લેવી આ મહીની માણ રે. દા૦
તારા કંસને કરજે જાણ રે, દાણ હું લેનારો લેનારો. ૮

રાધાજી— **સાખી.**

હોડું કાળી કાંબળી, કોટે નવસર હાર;
દાસ સાંકો કહે શામળા, હાંરે તુંતો પશુ તણો પીંડાર રે. જાદવા૦
કેમ રસ્તે જાદ૦ દાણુ આપી જાદ૦ કોક કરશે. જાદવા૦ ૯

કૃશ્નજી— **સાખી.**

પશુ ચારૂ પ્રેમથી, વનમાં બારે માસ;
અભિમાન છે આવડો, હાંરે તું તો શીદ વેચે છે છાશ રે. દાણ૦
તું તો નિશ્ચે દાણુ, મારે લેવી, દાણુ૦ તારા કંસને. દાણુ હું૦ ૧૦

રાધાજી— **સાખી.**

સાચું કહેતાં દુઃખ લાગશે, ગંભીર વન છે ઘોર;
ઘેરી જાણી એકલી, હાંરે તુંતો કાળા જનમનો ચોર રે. જાદવા૦
કેમ રસ્તે. જાદવા, દાણુ આપી, જાદવા૦ કોક કરશે. જાદવા૦ ૧૧

કૃશ્નજી— **સાખી.**

ચોરી તારી શી કરી, કહેજે આણે ઠાર;
નહિ તો ફોડું ગોરસાં, હાંરે ઝાલી મોરલી મારૂ માર રે; દાણુ૦
તુંતો નિશ્ચે. દાણુ૦ મારે લેવી, દાણુ૦ તારા કંસને. દાણુ હું૦ ૧૨

રાધાજી— **સાખી.**

માર તું શું મારતો, ખાવા પુરે કાંઈ અન્ન;
લજ્યા રાખું લોકની, હાંરે શું સમજે છે તું મન રે. જાદવા૦
કેમ રસ્તે. જાદુ૦ દાણુ આપી જાદ૦ કોક કરશે. જાદવા૦૧૩

કૃશ્નજી— **સાખી.**

લજ્યા લોપી બોલતી, શાણી કેવા થાય;
છોડું નહિ હું દોકડો, હાંરે દાણ દહાડી તું ચોરી જાય રે. દાણુ હું૦
તુંતો નિશ્ચે, દાણુ૦ મારે લેવી, દાણુ૦ તારા કંસને. દાણુ હું૦ ૧૪

રાધાજી— સાખી.

ઘાણા પણ છોડું નહિ, અવગુણ તારા ક્રોડ;
દાસ સાંકો કહે શાં મળા, હાંરે આજે ઉતારવો મરોડ રે, જાદવા૦
કેમ રસ્તે, જાદ૦ દાણ આપી; જાદ૦ કોક કરશે. જાદવા૦ ૧૫

કૃષ્ણજી— સાખી.

મોટા મારૂ મહિપતિ, તારાથી શું થાય;
બળિયા સાથે બાથડી, હાંરે તું તો નાશીને કયાં જાય રે; દાણ૦
તું તો નિશ્ચે, દાણ૦ મારે લેવી, દાણ૦ તારા કંસને દાણ હું૦ ૧૬

રાધાજી— સાખી.

નાનો પણ મુમતા ઘણી, રાખે ઝાઝું વેર;
દેખી તારી સાહેબી, તુંતો પેટ ભરે પર ઘેર રે. જાદવા૦
કેમ રસ્તે, જાદ૦ દાણ આપી; જાદ૦ કોક કરશે. જાદવા૦ ૧૭

કૃષ્ણજી— સાખી.

મેણું બોલી મુજને, લાગ્યું મારે અંગ;
ગોરસ લૂટી ખાઈશું, હાંરે કોણ ચડે છે તારી સંગ રે; દાણ હું૦
તું તો નિશ્ચે, દાણ૦ મારે લેવી, દાણ૦ તારા કંસને. દાણ૦ ૧૮

રાધાજી— સાખી.

બીવરાવે બીહું નહિ, જાવું ઝાઝે પંથ;
વેળા વીતે ગોરસ નહિ ખપે, હાંરે તમે કહ્યું માનોને કંથ રે. જાદ૦
કેમ રસ્તે, જાદ૦ દાણ આપી; જાદ૦ કોક કરશે. જાદવા૦ ૧૯

કૃષ્ણજી— સાખી.

મીઠું બોલી રીઝવે, બેટી ભ્રખુભાણ;
ગરજે કહેછે કંથ તું, હાં રે તેં તો માર્યાં છે મુજને બાણ રે. દાણ૦
તું તો નિશ્ચે, દાણ૦ મારે લેવી, દાણ૦ તારા કંસને કરજે. દા૦૨૦

રાધાજી— સાખી.

બોલી હું તો બોલીએ, જાણ્યા નહિ જુગદિશ;
દાસ સાંકો કહે શાંમળા, હાંરે તમે ઉતારો મનની રીશ રે. જાદ૦
કેમ રસ્તે, જાદ૦ દાણુ આપી, જાદ૦ કોક કરશે: જાદવા૦ ૨૧

કૃશ્નજી — સાખી.

રીસ છોડું નહિ રાધીકા, કપટી તારાં નેણ;
બોલી માઠી બોલીએ, હાંરે મને સાલે છે તારાં વેણુ રે; દાણ૦
તું તો નિશ્ચે, દાણ૦ મારો લેવી, દાણ૦ તારા કંસ. દાણ૦ ૨૨

રાધાજી— સાખી.

છલકાશે ખાબોચીઆં, સાગર માઝા સાથ;
અબળા બોલી અદકી ઘણી, હાંરે હું તો જોડું છું તમને હાથ રે. જા૦
કેમ રસ્તે, જાદ૦ દાણુ આપી, જાદ૦ કોક કરશે. જાદ૦ ૨૩

કૃશ્નજી— સાખી.

ચાતુરી અબળા તણી, બોલે બોલી સાફ;
રાડ ભાગી રસ વાધીઓ, આજે દાણુ તમારાં માફ રે. દાણ૦
તું તો નિશ્ચે, દાણ૦ મારે લેવી, દાણ૦ તારા કંસને. દાણ૦ ૨૪

રાધાજી— સાખી.

રાધા રીઝી બોલીઆં, કૃષ્ણજી પ્રભુની સાથ;
દાસ સાંકો કહે શામળા, તમે જીત્યા ઓ દિનાનાથ રે. જાદવા૦
કેમ રસ્તે કરો રોકાણુ રે, જાદ૦ દાણુ આપીશું થવા ઘો વેચાણુ રે.જા૦
કોક કરશે આ કંસને જાણુ રે, જાદવા જાને દો જાને દો. ૨૫

ગરબી પહેલી

(હાંરે ઓ વેલ વાળા, તારીને વેલડીએ ગુઘરમાળ છે. એ રાગ.)

હાંરે નંદ ગોવાળા, રમવાને આવો તો રંગ ભેર રમીએ. નંદ. ટેક.
રૂડી રમવા સરખી રજની છે, તેમાં સહુ સરખી સુજની છે;
તેના શરીર પર શોભા અંબુજની છે રે. નંદ૦ ૧
શોભે સાડી રંગે રૂડી, નાકે નથવેસર છે રૂડી;
તેના કર મધ્યે ચળકે ચુડી રે. નંદ૦ ૨
રૂમઝુમ રૂમઝુમ નેપુર બાજે, તેનો શબ્દ જઈ ગગને ગાજે;
તારી મોરલીએ મારૂ મન બાજે રે. નંદ૦ ૩
કામણગારી આંખલડી છે તારી, તેણે વશ થઈ છે વ્રીજનારી;
શું લલચાવો તમે આ વારી રે. નંદ૦ ૪
લલચાવી લટકે તમારા, વાંસે ફરતી વ્રીજની દારા;
રમવા નાવો તો સમ છે મારા રે. નંદ૦ ૫
શું કરવા નાસો છોગાળા, રમવા આવો કીકી ચાળા;
ઘનશ્યામ દીસો છો રૂપાળા રે. નંદ૦ ૬
આઘા આવો હશી બોલો, મળી અંતરના પડદા ખોલો;
સાંકો કહેછે સહુ જય બોલો રે. નંદ૦ ૭

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

વ્રીજની નારી, રમવાને નહિ આવું રે તારા ચોકમાં. વ્રીજ૦ ટેક.
રમવા નહિ આવું વ્રીજ નારી, કુમ કુમ કેશર છાંટે બારી;
તેથી આંખડલી ખટકે મારી રે. વ્રીજ૦ ૧
કેસર છાંટી તું રીઝે છે; મારો જરીયન જામો ભીંજે છે;
તે દેખી આહીર ખીજે છે રે. વ્રીજ૦ ૨

તન ભીંજે કેસર રંગેથી, તે ડાઘ ખસે નહિ અંગેથી;
તેથી નાસું છું વ્રજ સંગેથી રે. ત્રીજ૦ ૩
આહીર ફરતા અહીઆં ઝાઝા, માટે નહિ આવું હું જા જા;
સાંકો કહે છે નહિ રહે માઝારે. ત્રીજ. ૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

છોગાળા છેલ, સાચું કહું છું તમને મારગ મેલજો—છોગા. ટેક
મારગડે મારે જાવું છે, શું અનર્થે અહીઆં આવું છે;
આ મહીડું લૂટી ખાવું છેરે. છોગા. ૧
સાચું કહું છું તમને અહીઆં, મુકી ઘો મમતા મન મહીયાં;
શું ફોસલાવો નાનાં છૈયાંરે. છોગા. ૨
છોગાળા સમજીને જાવો, નહિ પહોંચે આજ અહી દાવો.
નકામા શીદ ખોટી થાવોરે. છોગા૦ ૩
તમે ગાયોને જાણો ચારી, શું દાણમાં સમજો મોરારી;
વર્ણન કરતાં જાઉં હારીરે. છોગા૦ ૪
સાંભળતાં છોગાળો છુટી, લીધાં દાણ તહી ગોપી લૂટી;
સાંકો કહે છે મહોબત તુટીરે. છોગા૦ ૫

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

જોબન જાતાં, કોઈ નવ જાણે જગમાં કેઈ પેર જાય છે. જોબ. ટેક
જોબન આ જોતાં રૂડું છે, તે તો માંસ રૂધીરનું કુંડું છે;
તેમાં શું મોહ્યો રૂડું છેરે જોબ૦ ૧
બાળાપણમાં બુદ્ધિ કાચી, નાગો ફરતો નાચી નાચી;
કહું છું સહુને સાચે સાચીરે જોબ૦ ૨

ભરજોબનમાં મોહ્યો નારી, છૈયાં છોકર થયો ઘરબારી;
અંતે નથી મીલકત એ તારીરે જોબ૦ ૩
જોબનના મદમાં નવ સૂઝે, ચાલે તે તો ધરતી ધ્રુજે;
ચાલે છોગાં અતિ રમૂજેરે જોબ૦ ૪
આવ્યા વૃદ્ધપણે વિતી ઝાઝી, છૈયાં છોકરાં નારી માજી;
બેઠો તું તો જીતી હારી બાજીરે જોબ૦ ૫
થરથર ધ્રૂજે વાંકો ચાલે, ગયું જોબનને જરા સાલે:
પછી થઈ બેઠો તું બેહાલેરે જોબ૦ ૬
છોગાં સર્વે પડીઆં છુટી, અંતે ચાલ્યો ખાલી મુઠી;
એમ કરતાં દોરી ટપ તુટીરે જોબ૦ ૭
ધનદોલત દારાને મુકી, ચાલ્યો તું તો સર્વે ચુકી;
પછી સર્વે મળી મુકયો ફુકીરે જોબ૦ ૮
અંધારૂં આતો છે આખું, વૃથા છે આંખતણું બાખું;
હરિભજન વિના સર્વે ઝાંખુંરે જોબ૦ ૯
રવિ અસ્ત થયો હોય એમ જાણો, મિથ્યા સુખ સંસારનું માણો;
હરિ ભજન વિના દીવો રાણોરે જોબ૦ ૧૦
હરિ ભજન તણો મહિમા મોટો, આતો ખેલ રચ્યો બધો ખોટો;
કહે સાંકો પાણી પરપોટોરે જોબ૦ ૧૧

ગરબી પાંચમી.

ઓ હુંડાળા, પીતાંબર પહેર્યુંરે, કશબી કોરનું. ઓ હું૦ ટેક
તારા માથે જરીયન છે પટકો, શું સુંદિર કરતા મુખ મટકો;
થઈ વૃદ્ધ હવે આ શો લટકોરે ઓ હું૦ ૧
દાસી રીદ્ધિ સીદ્ધિ છે તુંજ સંગે, સીંદુર લેપન ઓપે અંગે;
આયુદ્ધ ગ્રહેલાં અતિ ઉમંગેરે ઓ હું૦ ૨

નૌતમ નારદીપુર છે ભારી, બહુ શોભા તેની છે સારી;
તારા હાથમાં કનકની છે ઝારીરે ઓ દું૦ ૩
નાગરવાડે જઈ વાસ કર્યો, ખારો કુવો ખૂબ જળથી ભર્યો;
ભાવસારો સાથે સ્નેહ કર્યોરે ઓ દું૦ ૪
ધન્ય ધન્ય દીવાળી હર્ષ ઘણા, ઢોળે વાયુ ચમ્મર તણા;
દીપમાળ રોશનીની બહુ મણારે ઓ દું૦ ૫
મંડપ રચના જરીયન કરતા, સહુ ધ્યાન રુદય તારૂં ધરતા;
ચોકી પેરા પોલીસ ફરતારે ઓ દું૦ ૬
દુકાનો સુંદિર છે સારી, ટુંકી છે અરજી આ મારી;
વર્ણન કરતાં જાવું હારીરે ઓ દું૦ ૭
ગાંડુ ઘેલું માફી કરજો, સાંકો કહે અરજી ઉર ધરજો;
ભાવસાર છું જ્ઞાતિ દુઃખ હરજોરે ઓ દું૦ ૮

ગરબો પહેલો.

રાધેકૃષ્ણનો સંવાદ.

ઘણું ઓપે આરાસુરી રાયરે અંબીકા દેવીરે—એ રાગ.

રાધા—મેલો મારગડો મહારાજરે મથુરાંમાં જાવુંરે,
નથી મળવાનું અહી કાંઈ દાણ ખોટી થાવુંરે. ૧
કૃષ્ણ—નથી બોલે શું મુખથી બોલરે ભાણુ કરી બેટીરે,
લેઊં લૂટીને મહીડાં આજ કાજ કરૂં ભેટીરે. ૨
રાધા—તમે બોલો વિચારી બોલરે હું નહિ એવીરે,
પેટ માટે તું ચારતો ગાય, થાય જોયા જેવીરે. ૩
કૃષ્ણ—જોજે જોજે અમારી પેરરે, વહેર કીધું ભારીરે;
તારા મનમાં તું સમજી બોલ, મુખ સંભાળીરે. ૪

રાધા—મારા મનને ઘણો વિચારરે, ભારશો તારોરે;
    દાસ સાંકો કહે શરણે નાથ, વાંક શો અમારોરે. ૫
કૃષ્ણ—વાંક કહેતાં ન આવે પારરે, હાર તારો તોડુંરે;
    લેવાં લૂંટીને મહીડાં આજ, ગોરસાં ફોડુંરે. ૬
રાધા—મારા માથે છે મહીનો ભારરે, ગોરસ બહેકેરે;
    તોડે તોડે શું નવસર હાર, દુરીજન દેખેરે. ૭
કૃષ્ણ—દેખે દુરીજન લાખો હજારરે, વાર નહિ લાગેરે;
    તુંતો આવી છે એકલી આંય, વનમાં આઘેરે. ૮
રાધા—નથી એકલડી આ વન માંયરે, આંય નથી તારૂંરે;
    દાસ સાંકો કહે શરણે નાથ, લડતાં નહિ હારૂંરે. ૯
કૃષ્ણ—તુંતો લડતી શું મારે સંગરે, અંગ રંગ ઉતારૂંરે;
    અમે મોટા મહારાજા લોક, શું જોર તારૂંરે. ૧૦
રાધા—તુંતો મોટી મોટાઈ પડી મેલરે, ઘેનો કયારે હોતીરે;
    તારા બારણે બાંધવા એક, બકરી નહોતીરે. ૧૧
કૃષ્ણ—નહોતી બોલે શું મુખથી બોલરે, તોલ જોયો તારોરે;
    તુંતો વેચે સદા લઈ છાશ, આજ લાગ મારોરે. ૧૨
રાધા—તમે બોલો વિચારી બોલરે, કહું આની વારેરે;
    દાસ સાંકો કહે શરણે નાથ, કામ ઘણું મારેરે. ૧૩
કૃષ્ણ—કેવી શાણી થઈ આ વારરે, ડોળ કરી ખોટારે;
    તુંતો બોલી છે કડવા બોલ, વાંક એ મોટારે. ૧૪
રાધા—અમે આહીર અજાણી જાતરે, જીવન જાણોરે;
    મારી લાખ ટકાની લાજ, આજ તમે માણોરે! ૧૫
કૃષ્ણ—વેણુ કાઢે અમૃત સમતોલરે, કોલ તને આપુંરે;

પટરાણી કરૂં આ વાર, મારૂં દાણુ દાપુંરે.
રાધા—તમે ઝીત્યા જદુપતિ રાયરે, ગોપીઓ હારીરે;
દાસ સાંકો કહે શરણે નાથ, હર્ષ થયો ભારી. ૧૭
ગોપીઓ—થયો હર્ષ ઘણો અપારરે, અંગમાં આજરે;
કીધાં અઘોર વનની માંય, સફળ સહુ કાજરે. ૧૮
વાજે નોબત નગારાં ઢોલરે, શરણાઇ સારીરે;
રમે રાસ ઉડાવે રંગ, ધુમ મચી ભારીરે. ૧૯
થયો શબ્દ જય જય જય કારરે, પાર નહિ પામેરે;
આવ્યા નારદને મુની વ્યાસ, દેવ દુઃખ વામેરે. ૨૦
થયો સુખી ગોપીઓનો સાથરે, હાથ લીધો ઝાલીરે;
ફરે ટોળુ થઈ વ્રીજનાર, લેઇ કર તાળીરે. ૨૧
રમો ગોપી રચાવી રાસરે, મમતા મેલીરે;
દાસ સાંકો કહે શરણે નાથ, થઈ હર્ષ હેલીરે. ૨૨

ગરબી પહેલી.

ઓધા આવડલાં કુડ નોતાં જાણ્યાં રે—એ રાગ.

નંદ દ્વારે આ ધુમ મચી ભારી, લ્યો રંગમાં રંગ તાળી,
રમે ગોપીને ગિરધારી, લ્યો રંગમાં રંગ તાળી. ટેક.
બની ગોપી ગોકુળની ઘેલી, લ્યો૦ લાજ મરજાદ કાજ સહુ મેલી. લ્યો. ૧
ગાય ગીતાં લે કુદડીની ફેરી, લ્યો૦ રહી ગોપી વિઠ્ઠલવર ઘેરી. લ્યો. ૨
અંગ આભુષણ ઓપતી સાડી, લ્યો૦ પછી પાતળીએ મોરલી વગાડી. લ્યો. ૩
થઈ વ્યાકુળ વ્રીજની નારી, લ્યો. આવી ઇંદ્ર એ આરતી ઉતારી લ્યો. ૪
મેઘ મળિયા ત્યાં શેષ થઈ સીધી, લ્યો. પછી પુષ્પની વૃષ્ટી કીધી. લ્યો. ૫
શીવ સરખા સમાધી મુકી, લ્યો. વીર બાવન આવ્યાછે ભોગ ચુકી. લ્યો. ૬
દેવ સઘળા વૈમાન ચડી જુવે, લ્યો. નાગ પાતાળે મોરલીને સુવે. લ્યો. ૭

સહુ સખીઓ મોહ પમાડી, લ્યો. મોહ પામ્યાં છે જુમનાજી માડી.લ્યો.૮
નાદ સાદ થયા દુંદુભી સુરી, લ્યો. પ્રભુ સર્વેની આશ તણી પુરી. લ્યો. ૯
ગાંડા ઘેલાની ખોડ નહિ દેવી, લ્યો દાસ સાંકાની વિનંતી છે એવી.લ્યો.૧૦

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

વંદ્રાવન મોરલી વાગી રે, ગોપીઓ થઈ ઘેલી;
શબ્દ સાંભળીને ચટપટી લાગી રે, ગોપીઓ થઈ ઘેલી. ટેક.
મોહ પામી છે સખીઓની ટોળી રે, ગોપી૦
લીધું મોરલીએ કાલજુ કોરી રે; ગોપી૦ ૧
રહ્યું નથી જાતું વેદના છે ભારી રે, ગોપી૦
થઈ વ્યાકુળ વ્રીજની નારી રે; ગોપી૦ ૨
સહુ સખીઓ કહે શું લલચાવો રે. ગોપી૦
પ્રભુ રાસની લીલા બતાવો રે; ગોપી૦ ૩
રાસ લીલાનો ખેલ છે મઝાનો રે, ગોપી૦
કરો એક ગોપી એક કાંનો રે; ગોપી૦ ૪
કામ મુકયાં છે આપની કાજે રે; ગોપી૦
થાય એટલું તો જીવ રાજી રે, ગોપી૦ ૫
એવી અરજી ઉરમાં આણો રે, ગોપી૦
પછી સુખેથી સુખ પ્રભુ માણો રે; ગોપી૦ ૬
કહ્યું એટલું ને મુછને મરોડી રે, ગોપી૦
થયા લાખ કાન લાખ ગોપી જોડી રે; ગોપી૦ ૭
મોર મુગટ મનોહર માથે રે, ગોપી૦
એક ગોપી રમે એક કાંન સાથે રે; ગોપી૦ ૮

સજ્યા શણગારને શોભતું સોળુ રે, ગોપી૦
થયું ગોપીને કાનનું ટોળુ રે. ગોપી૦ ૯
પાન રસ તંબોળ છે મોઢે રે, ગોપી૦
પછી ડાંડીયા રસ ત્યાં ઝુડે રે; ગોપી૦ ૧૦
તહીં ઢાગાંની ઢાગલી વાગે રે, ગોપી૦
આવી બ્રહ્માદીક પગે લાગે રે; ગોપી૦ ૧૧
દેવ તેત્રીસ ક્રોડ આવી નમીઆ રે, ગોપી૦
પ્રભુ સુખેથી રાસ તહીં રમીઆ રે. ગોપી૦ ૧૨
રાસ રમીઆને આશ થઇ પુરી રે, ગોપી૦
ગોરી રાધા કહે નથી અધુરી રે. ગોપી૦ ૧૩
ગાંડા ઘેલાની ખોડ નહી દેવી રે, ગોપી૦
દાસ સાંકાની વિનતી છે એવી રે. ગોપી૦ ૧૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

દેવી ચુવાળે બહુચરા બાળી રે. તુલજ્યા મહાકાળી;
સેવો સદાએ બરદાળી રે, તુલજ્યા મહાકાળી. ટેક.

વાસ તારો છે વરખડી મૂળે રે, તુલ૦
પછી વાસ્યાં છો સનખલપુરેરે. તુલ૦ ૧
ચોક ચુવાળે બહુચરા તું કાવે રે; તુલ૦
તહીં સૈન્યા લેઇ મુગલા આવે રે. તુલ૦ ૨
આવી જોઇ છે જુક્તિ સારી રે, તુલ૦
પછી ખાધા છે મૃગડા મારી રે. તુલ૦ ૩

ખાધા મૃગડાને વાત તહીં ફાવી રે; તુલ૦
રાત પ્રભાતે મૃગડા બોલાવી રે. તુલ૦ ૪
મૃગ બોલ્યાને વાત થઇ જુદી રે, તુલ૦
પેટ ફાડીને મૃગ પડ્યા કુદી રે. તુલ૦ ૫
કરો ક્ષમા ઉગરવા આરો રે, તુલ૦
બાળી બહુચરા ગુલામ હું તારો રે. તુલ૦ ૬
જઇ ચરણે શીશ મુકી દીધું રે, તુલ૦
તહીં અસુરને દુઃખ બહુ દીધું રે. તુલ૦ ૭
દુઃખ પામીને માન ભંગ કીધા રે, તુલ૦
દાસ સાંકો કહે દંડ બહુ દીધા રે. તુલ૦ ૮

ગરબી પહેલી.

નંદવાણી રે નંદવાણી લાખેણી મારી હેલ સઇયર કાંનુડે. એ રાગ.

માત મારી રે માત મારી, અંબીકાજી માય;
રૂડા ગરબે રમે છે દેવી અંબીકારે. માત૦ ટેક.
માતા ગરબે રમેને તાળી પડે;
માતા ગરબે રે માતા ગરબે લળી લળી ગાય. રૂડા૦ ૧
માતા ગરબો રમે ને ફેરી ફરે,
પાયે વાગે રે પાયે વાગે ઝાંઝર ઝમકાર. રૂડા૦ ૨
માએ પહેરી બાજુબંધ બેરખી,
ઘણી ઓપે રે ઘણી ઓપે ઘુઘરડી ઘેરાવ. રૂડા૦ ૩
ગરબો ખેલે ચોસટ જોગણી મળી,
જોવા આવ્યા રે, જોવા આવ્યા, વૈમાન ચડી દેવ. રૂડા૦ ૪
રાજા ઇંદ્ર જોઇને પ્રસન્ન થયા,
વરસાવે રે વરસાવે, પુષ્પોનો વરસાદ. રૂડા૦ ૫

દેવે દુદંભી નાદ વગાડીયા,
ધણો ગાજે રે ધણો ગાજે વાજાંનો ધમકાર. રૂડા૦ ૬
ડાક ડમરૂ ત્રિસુળ કરમાં ગ્રહી;
જોવા આવ્યા રે જોવા આવ્યા, ઉમિયાપતી ઈશ. રૂડા૦ ૭
બ્રહ્મા સમાધી મુકી પધારીયા;
નાદ સુણી રે નાદ સુણી, થયા છે ગુલતાન. રૂડા૦ ૮
શંખ ચક્ર મુગટ શીર શોભતો,
જોવા આવ્યા રે જોવા આવ્યા; લક્ષ્મી ધનસ્યામ. રૂડા૦ ૯
હાથે ખડગ ત્રિશૂળ રૂડું ઓપતું,
ત્રાસ પામે રે ત્રાસ પામે, અસુરને દલીત. રૂડા૦ ૧૦
ધમકાર પાતાળે જઈ પહોંચીયો,
મોહ પામી રે મોહ પામી, આવ્યા છે સહુ નાગ. રૂડા૦ ૧૧
વીર બાવન આરતી ઉતારતા,
પાઠ ભણતા રે પાઠ ભણુતા, જોશી કેરા તન. રૂડા૦ ૧૨
શુભ નવરાત્રી કેરા દીનને,
જોઈ ખુશી રે જોઈ ખુશી, થયા છે સહુ દેવ. રૂડા૦ ૧૩
ગરબો ભાવ કરી માજી ભાખીઓ,
સાય કરજો રે સાય કરજો, સાંકાને મારી માય. રૂડા૦ ૧૪

ગરબી બીજી.

પુંજુ પ્રીતે રે પુંજુ પ્રીતે,
નારદપુરીરાય મારી માતા કસુબાઈ માવડી રે. ટેક.
માજી મોસમ ગામથી પધારીઆં,
આવી વાસ્યાં રે આવી વાસ્યાં છો ઉત્તર દિશ. મા૦ ૧
શહેર સરીખું આ નગર સોહામણું,

માંહી વાસે રે માંહી વાસે છે વરણુ અઢાર. મા૦ ૨
શીર છત્ર દેવાય શોભતું,
રૂડી શોભે રે રૂડી શોભે, આશો પાલવ છાંય. મા૦ ૩
ખડગ ત્રીશૂળ કર મધ્યે ધરીને,
અંગે ધરીયા રે અંગે ધરીયા છે શોલ શણગાર. મા૦ ૪
આજુ બાજુ ઓપે ફુલવાડીઓ,
મહી ઓપે રે મહી ઓપે, તરે તરેનાં ઝાડ. મા૦ ૫
ઝાડ પુષ્પ ગુલાબ માંહી કેતકી,
રૂડો મરવો રે રૂડો મરવો, મોઘરો માંહી જાય. મા૦ ૬
દ્રાક્ષ દાડમડી લીંબુડી શીતાફળી,
માંહી કેળો રે માંહી કેળો તણો નહિ પાર. મા૦ ૭
ઝાડ ઝાઝાં કમળ ખીલ્યો કેવડો,
ખીલ્યો ડમરો રે ખીલ્યો ડમરો, જોવાની બહુ બહાર. મા૦ ૮
દેશ પરદેશના લોક ઘણુા માનતા,
માની ધરતા રે માની ધરતા હ્રદય સહુ ધ્યાન. મા૦ ૯
ધ્યાન ધરતા શરણુ સહુ આવતા,
આવી કરતા રે આવી કરતા, જયજયજયકાર. મા૦ ૧૦
આશ પુરણુ ત્યાં મન તણી થાય છે,
ફળ પામે રે ફળ પામે વીદેશી દેશી લોક. મા૦ ૧૧
કુપ ભરીઓ ગંગાજળ જળથી,
જળ મીઠું રે જળ મીઠુ દર્શનનો લાવ. મા૦ ૧૨
હવે ઝાઝું શું મુખ થકી વરણવું,
વરણુન કરતાં રે વરણુન કરતાં આ જીભ હારી જાય. મા૦ ૧૩
સંવત ઓગણીસ ચોપનની સાલ છે;

માસ આસો રે માસ આસો આઠમ રવીવાર. મા૦ ૧૪
દાસ સાંકો સુખે ગુણુ ગાય છે,
માજી પુરો રે માજી પુરોને મનના કોડ. મા૦ ૧૫

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

બહુચરબાળી રે બહુચબાળી ચુવાળનાં છો રાય,
મારી માતાજી બહુચર માવડી રે. ટેક૦
પ્રથમવાસ્યાંછો વૃખડીનેમૂળીએ,ત્યાંથીવાસ્યાંરે ત્યાંથીવાસ્યાં સનખલપુર મા.૧
રાય સનખલપુરનો કાવીએ, જેને કીધી રે જેને કીધી માતાજીની સેવ. મા.૨
રાય પુત્ર વિના હતો વાંઝીયો, કુંવરી આપીરે કુંવરી આપી પુર્યાછે મન કોડ.
મેહર કરી અભેપદ આપીયું, નારી હોતી રે નારી હોતી, કીધો છે નરેશ.મા.૪
પત્ત રાખી સોલંકી ભૂપની, એવી રાખો રે એવી રાખો, સાંકો કહે કરજોડ.૫

ગરબી પહેલી.

લાવજો લાવજો રાજ પાલણપુરની ટીલડી. એ રાગ.

આવજો આવજો માત અંબીકાજી આવજો. આવજો ટેક.
આરાસુરથી આપે આવજો, ચુવાળમાં તમે કહાવજો, આવ૦ ૧
બહુચરબાળીને મહાકાળી, દક્ષિણવાળી તેડાવજો. આવ૦ ૨
ચોસઠ બેની સંગે તેડી, ગરબો ઘુમાવા લાવજો. આવ૦ ૩
ગરબે રમવા તેડું હું તમને, ગરબાની ધૂમ મચાવજો. આવ૦ ૪
સેવક સાંકો કહે કરજોડી, વાણી અમૃત વરસાવજો. આવ૦ ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

સાંભળો સાંભળો બેન, મોહન મોરલી વાય છે: સાંભ૦ ટેક૦

નવલખ નંદની ઘેનો ચરાવા, ત્રીકમ તૈયાર થાય છે. સાંભ૦ ૧
મોર મુગટ પીતાંબર પહેરી, ઠમકા કરતો જાય છે. સાંભ૦ ૨
કાલંદરીને કાંઠે ઉભો છે, ગોવાળ પૂઠે ગાય છે. સાંભ૦ ૩
સાસરીયામાં સાસુ સંતાપે, નણુદીની ઘણી લાય છે, સાંભ૦૪
બારણા બહાર કદી નીકળીએ તો, દીયેર ફેરા ખાય છે; સાંભ૦૫
ઓઠે નહિ મને ઘરની માંહે, દહાડા દોહલા જાય છે, સાંભ૦૬
તેથી મૈયર આવી કાનાને મળવા, હળવાને ચીત ચાય છે; સાંભ૦૭
આહીર તો મને અળખા લાગે છે, વહાલો એ જાદવરાયછે, સાંભ૦૮
હજુ સુધી ઉભો જુમનાંની માંહે, ઘેનોને પાણી પાય છે; સાંભ૦૯
દાસ સાંકો કહે મોહનને મળવા, મન માંહે મકલાય છે. સાંભ૦૧૦

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

ઝાલીએ ઝાલીએ છેલ, છોગાળાને ઝાલીએ, ઝાલી૦ટેક.
જળ જુમનાં જળ ભરવાને ચાલો, ઘેલી કીધી ગોવાળીયે; ઝાલી૦૧
કાલંદરીને કાંઠે ઉભો છે, બેઠો કદમની ડાળીએ, ઝાલી૦૨
માખણ રોટલો આપીશું માવા, મંદિર અમારે ચાલીએ; ઝાલી૦૩
લલચાવી એને લાવો આંગણીએ, ઘેરીને ઘરમાં ઘાલીએ; ઝાલી૦૪
મન ગમતાં સુખમાંણી મોહનથી, માંખણ ખાવા આલીએ; ઝાલી૦૫
દાસ સાંકો કહે નીરખી મોહનને, ચલાવો તેમ ચાલીએ, ઝાલી૦૬

ગરબી પહેલી.

હાંરે વેગળો રહે વરણાગીયા—એ રાગ.

હાંરે વાલા ગોકુળ ગામને ગોંદરે, હાંરે રૂડી જુમનાંની તીર, ગોકુ—ટેક.

હાંરે વાલા કાલંદરીને કાંઠડે, હાંરે ઉભા બળીભદ્ર વીર; ગોકુ૦ ૧
હાંરે વાલા ગોકુળ ગામની ગોવાલણી, હાંરે ચાલી ભરવાનેનીર, ગોકુ૦ ૨
હાંરે વાલા પાંણી છાંટયું મારે વાલમે,હાંરેભીન્જ્યાં ચોળીને ચીર;ગોકુ૦ ૩
હાંરે વાલા જાજા નિર્લજ શું કહું તુંને, હાંરે તુંતો શ્યામ શરીર ગોકુ૦ ૪
હાંરે વાલા સાંકો કહે શરણે રહી, હાંરે ગાંઠ પડી એ લહીર; ગોકુ૦ ૫

રાગ ઉપર પ્રમાણે.

હાંરે વાલા ભાવે ભજો ભગવાનને, હાંરે ભજો જયશ્રીગોપાળ, ભાવે૦ટેક.
હાંરે વાલા સંસાર છે રેન સ્વપનું, હાંરે માથે મુકયો છે કાળ; ભાવે૦૧
હાંરે વાલા કોનાં છોરૂ કોનાં વાછરૂ, હાંરે કોનાં ઘરને બાર; ભા૦ ૨
હાંરે વાલા મૃત્યુ લોકમાં જાવું મરી, હાંરે આતો જુઠી જંજાળ. ભા૦ ૩
હાંરે વાલા મોહ મુકી મમતા તજી, હાંરે ભજો દીન દયાળ. ભા૦ ૪
હાંરે વાલા સાંકો કહે શરણે રહી, હાંરે અલ્પ બુદ્ધિ હું બાળ;ભા૦ ૫

ગરબી પહેલી.

હાંરે બોલમાં બોલમાં બોલમાંરે, રાધેકૃષ્ણ વિના બીજું બોલમાં. એ રાગ.
હાંરે રામજી રામજી રામજીરે, ભજી લ્યોને સીતા રામજી. ટેક.
હાંરે મોહ મુમત કાળ છોડી દઇને, પ્રભુ ભજ્યાની રાખો હામજી રે.ભ. ૧
હાંરે જુઠું જગત જુઠી જંજાળ જાણો, જુઠું માયાનું છે કામજીરે. ભ. ૨
હાંરે અંતકાળે એકલું રે જાવું, સાચું પ્રભુનું નામજી રે: ભ. ૩
હાંરે પ્રભુને ભજવા તત્પર રહેવું, એસે નહી કાંઇ દામજીરે. ભ. ૪
હાંરે દાસ સાંકો કહે શરણે તમારે, રાખોને સુંદિર શ્યામજીરે. ભ. ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

હાંરે કામની કામની કામની રે, આતો કાચી કાયા શા કામની. ટેક૦
હાંરે ધ્રુવ અમરિખને પ્રલ્હાદ તરીઆ, મોહ મુમત તજ્યા ભામની રે; ૧

હાંરે સગુ સંબંધી સાથે ન આવે, ખોટી માયા છે આ દામનીરે, આ૦ ૨
હાંરે મુકી દો માયા આ મોહ ભરેલી, માળા ફેરવો હરિના નામનીરે; આ૦૩
હાંરે ભવસાગર સાગર આ તરવા, સેવા કરોને શ્રી રામની રે આ૦ ૪
હાંરે લક્ષ ચોરાશી માફી કરવા, સાંકો હજુર રહે શ્યામની રે. આ૦ ૫

ગરબી પહેલી.

નંદલાલ લાગ્યો નેડો મને તમારો. એ રાગ.

વેગળો રહેને ઓ વિઠ્ઠલા વારૂ, મારે જાવું જળ ભરવા સારૂં મારા વાલા, ટેક•
મોક દેખે કાનાઓ સાસુ મારી, નાની નણુદી દેશે મને ગાળી. મારાવાલા. ૧
તમે મારો શું કાંકરીઓ કાંના, તમે નિર્લજ નંદના નાના મારા. વાલા. વે•૨
ફૂટે લાખ ટકાની માંણ્ય મારી, આતો ખોટી દીસે છે ટેવ તારી. મારાવા૦૩
દાસ સાંકો કહેછે કાજ સીધ્યું, ગોપી સુખેથી જળ ભરી લીધું. મારાવાલા૦૪

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

અંબીકા આશ છે એક આ તમારી,
હેજે કાને અરજ અમારીરે દેવી; અંબી૦ ટેક.
રહું ચરણે તમારે કર જોડી,
મે તો કુડી કલપનાયો છોડીરે દેવી; અંબી૦ ૧
નહિ છોડુ હું નામ મા તમારૂં,
કરો જન્મ મરણ માફ અમારૂરે દેવી; અંબી૦ ૨
રહી ચરણે કરે છે દાસ સેવા,
આઠ પહોર હજુરમાં રહેવારે દેવી; અંબી૦ ૩
દાસ સાંકો કહે છે માત મારી,
રાખી ચરણે ઉતારો પારેરે દેવી; અંબી૦ ૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

બહુચરી વાસ્યાં છો વૃખડી મૂળે,
પછી વાસ્યાં છો સનખલ પુરે રે દેવી, બહુ૦ ટેક૦
રાય વજીઓ ચુવાળની માંહે,
તે તો પુત્ર લેવા સેવા કરે ત્યાંહે રે દેવી, બહુ૦ ૧
વંઝ જાણી માજી થયાં બેલી,
ઘેર રાણી છે જાતની વાઘેલી રે દેવી, બહુ૦ ૨
આપી પુત્રી એના રાજમાં વધાઈ,
કીધો પુત્ર માએ મોઢે મુછ આવીરે દેવી, બહુ૦ ૩
નામ રાખ્યું તે મટીને અંબોડો,
માએ ઘોડીનો નીપજાવ્યો ઘોડો રે દેવી; બહુ૦ ૪
નવ ખંડે તું બહુચરા બાઈ,
ગુણ ગાયા છે દાસ સાંકાઇરે દેવી; બહુ૦ ૫

ગરબી પહેલી.

તને શાને બોલાવે શ્યામ સહચર શા માટે—એ રાગ.

શામળિયા મારગ મેલ મથુરા જાવા દે,
મારે માથે મહીની હેલ જાતાં વીખ વાધે. ટેક.
મારૂ મહીડું ખાટું થાય સમજો શાંમળિયા,
તેથી આ દીલ દુભાય ભાગ્ય થકી ભળીયાં; શા૦ ૧
મારા મહીની થાશે હાણુ મારગડે જાતાં;
આહીર તું મનમાં જાણ દીલગીર અહી થાતાં. શા૦ ૨
તેમાં શું સરશે કાજ મોહનજી તારૂં,
તમે મુકો મારગ આજ મન માને મારૂં. શા૦ ૩

ગોપી કહે સમજી નાથ મારગ ઘો મેલી;
સાંકો કહે જોડી હાથ હરપ થઈ હેલી. શા૦ ૪

ગરબી બીજી.

રાગ. ઉપર પ્રમાણે.

શું બોલે શાણી થઇ ગોકુળની ગોપી,
મનમાં શું સમજે અહિ લજ્જા મેં લોપી, ટેક૦
લેવાં છે મારે દાણ બાણુ તણી બેટી,
કરશું અહી મહીની હાણુ કાજ કરૂ ભેટી, શું૦ ૧
મારગડે મારી ચોર વ્રીજની તું નારી,
આવી છે વન અઘોર ચોટે અહિ મારી; શું૦ ૨
મુકું નહિ મારગ આજ શીરને છે સાટે,
આવે શું અહીયાં લાજ મથુરાંની વાટે. શું૦ ૩
જાને તું પાછી ઘેર પેર થઇ પુરી,
સાંકો કહે વાધે વહેર થાય વલે બુરી. શું૦ ૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

મોહનજી મારી માંણ્ય મહીથી છે ભારી,
લ્યો નંદ તણી છે આંણ્ય આપું ઉતારી. ટેક.
એમાં શું મોટું કામ આપું હું તમને,
રાધા છે મારૂ નામ કામ દીયે અમને; મો૦ ૧
રીઝયા ત્યાં જાદવરાય દાણુ કરી માપી,
રાધા પર કીધી સ્હાય સુખ સદા આપી, મો૦ ૨
પુર્યા ત્યાં મનના કોડ મમતા મન મેલી,
સાંકો કહે જુગતે જોડ હર્ષ થઇ હેલી. મો૦ ૩

ગરબી પહેલી.

ગોળી ફોડી રે મારી ફોડી, દેખો જશોદા મારી ગોળી ફોડી. એ રાગ.
માળા તોડી રે મારી માળા તોડી, નંદ મોહનજી મારી માળા તોડી.ટેક
સખીઓના સંગમાં આવીને ઝાલી, ઝડપ માળાને તોડી ચોરની ગો.ડી.નં.૧
એકેકુ મોતી મારૂ લાખ ટકાનું, જઇને કહું હું જશોદાને દોડી. નંદ. ૨
માતા જશોદા કહે કહો છો શું અમને, ઘેરથી ગએ તો વાર થઈ છે થોડી૩
દાસ સાંકો કહે શાંના શું રહો છો, ખોળ કરે છે ભ્રખુભાણુની છોડી.નંદ.૪

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

ખબર કરૂ રે તારી ખબર કરૂ, નંદ મોહનજી તારી ખબર કરૂ; ટેક.
ગોકુળ ગામમાં હું સાદ પડાવું, હાવું થાવું તે દુઃખ દીલને ધરૂ; નંદ૦૧
જોયા મંદિર મેડી ગોકુળની ગલીઓ, હવે મોહન ઝૂરી ઝૂરીને મરૂ, નંદ૦૨
દાસ સાંકો કહે શરણે શામળિયા, ગોપીકાનું કાજ કરજો શરૂ; નંદ૦૩

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

મળિયા હરી રે મને મળિયા હરી, જુમનાં તીરમાં મળીઆ હરી. ટેક.
ધન્ય ધન્ય ભાગ્યેગ આજે અમારૂં, સુંદિર શ્યામ હું તો તમને વરી.જુમ.૧
મોરલી નાદે મન હરી લીધું, દીધું દર્શન લાગું પાવલે લળી. જુમ૦ ૨
દાસ સાંકો કહે શરણે તમારે, ગોપી રહે નિત્ય ધ્યાન તો ધરી. જુમ૦૩

ગરબી પહેલી.

રાગ પરજીઓ.

આજ સખીઓ ગણુપતિના ગુણુ ગાવો, ગણુપતિના ગુણુ ગાવો;
ફરી અવસર નહી આવે હાવો રે. આજ ટેક.
ગુણુ ગાવો ગણુપતિ કેરા, જોત જોતામાં વહી જાય વેળા;

છૂટા જન્મ મરણના ફેરા રે, આજ૦ ૧
હાથ ગ્રહી કનકની ઝારી, બની શોભા મુગટની સારી;
સંગે શોભે સુદ્ધ બુદ્ધ નારી રે, આજ૦ ૨
શીર છત્ર ચમર નિત્ય થાએ, રૂંઢમાળા ઓપતી ઉરમાંએ,
શુભ કાર્યે વીશે દેવ એ પૂજાએ રે. આજ૦ ૩
દાસી રીદ્ધસીદ્ધ છે તુજ સંગે, શોભે સીંદુરનું લેપન અંગે;
લક્ષ લાભ એ પુત્ર છે ઉમંગે રે, આજ૦ ૪
રહો મોદીકના થાળથી મોહી, જપમાળ જપતા કર સોહી;
હસ્તે આયુદ્ધ ઓપતાં હોઇ રે. આજ૦ ૫
આતો ટુંકી છે અરજી મારી, ભજો ભાવે સદા સુખકારી;
વર્ણુન કરતાં આ જીભ જાય હારી રે. આજ૦ ૬
ઉર અરજી આટલી લેવી, હું તો અરજ કરૂં છું એવી;
દાસ સાંકો કહે ખોડ નહી દેવીરે. આજ૦ ૭

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

તાગ્ય મૂર્ખા સંસારી સાગર છોડી, સંસારી સાગર છોડી;
રહે પ્રભુ સાથે પ્યાર જોડી રે, તાગ્ય. ટેક.
ઘણા વરસ સુધી મુર્ખા કમાણો, નથી વાપર્યો તે પૂન્યમાં દાણો;
મુવા માયાનાં ફંદમાં ફસાણો રે. તાગ્ય૦ ૧
ધાઇ ધુતી ધન મેળવ્યું તેં તો, મુવા મુખે મારૂ મારૂ કહેતો:
રામનામ કદિ જીભે નથી લેતો રે. તાગ્ય૦ ૨
રહ્યો માયાના ફંદમાં મોહી, રહ્યો મોહી તું સેજને જોઇ,
નીર દરિયાનું બેઠો વલોઇરે. તાગ્ય૦ ૩
નથી કીધી તેં સંતની સેવા, કીધા ફરતા લંગોટા એવા;
દેવ માન્યા તે પથ્થર જેવા રે, તાગ્ય૦ ૪

ધન્ય જોબન જુવાની જોઈ, મુવા માયામાં ફરતો મોહી;
અંતકાળે સગુ નથી કોઇ રે; તાગ્ય૦ ૫
સગુ સંબંધી સાથ નહિ આવે, ઝાંપા સુધી તને સર્વે વળાવે;
માર જમ તણા કોણ મુકવે રે. તાગ્ય૦ ૬
જમ દુત તહીં ગેડી પ્રહારે, માર મોઘરીનો તહીં મારે;
ત્રાહિ ત્રહિ કરી જીવ ત્યાં પુકારે રે. તાગ્ય૦ ૭
સુખ સંસારનું છે એવું, રેન અડધીના સ્વપ્ના જેવું;
રામનામ આઠ પહોર જીભે લેવુંરે. તાગ્ય૦ ૮
રામ નામેથી પથ્થર તાર્યા, ઘણા ભક્ત જનોને ઓધાર્યા;
રામ નામેથી પાર્વ ઉતાર્યારે. તાગ્ય૦ ૯
દયા દાન ગાનતાન કરો ગઈ, પુણ્ય નેમ કરો ધનને કમાઈ;
દાસ સાંકો કહે શીશ નમાવીરે. તાગ્ય૦૧૦

ગરબી પહેલી.

કઠણ થયા માધવ મથુરા જઇ, કાગળ ના લખ્યો કટકોરે. એ રાગ.
સુરત તમારી નીરખી વહાલા, મોહ પામી વ્રીજનારીરે. ટેક.
મોહ પમાડી વ્રીજનીનારી, આંખડલી અણીયાળીરે, સુરત૦ ૧
રંગે કાળા કરતા ચાળા, લલચાવો નહી નારીરે; સુરત૦ ૨
વાંસે ફરતાં થાય વજારત, સાનમાં સમજો મારીરે, સુરત૦ ૩
વ્રીજમાં વશીને વશ કીધાં, મોરલીએ મોરારીરે; સુરત૦ ૪
સાંકાના સ્વામી સુખ આપો, એજ અરજ છે મારીરે. સુરત૦ ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

ચીર અમારાં હરણુ કરીને, કાનો કદમ ચડી બેઠોરે; ટેક.
વરણાગીમાં વાંકું જોતો, સંતાઇ કેવો પેઠોરે. ચીર૦ ૧

મોર મુગટ પીતાંબર પહેરી, બંસી બજાવા બેઠોરે; ચીર૦ ૨
નીરલજ નાથ ના થાશો આજે, ચીર હર્યાં કરી ઠેઠોરે; ચીર૦ ૩
લોકડીઆની લજ્જા રાખો, તો ફેંકો તમારો ફેટોરે; ચીર૦ ૪
સાંકો કહે સ્યામ સનેહી, સ્વાદ ચખાડો મીઠોરે. ચીર૦ ૫

ગરબી પહેલી.

બંસી બજાવે નંદલાલોરે— બંસી બજાવે. ટેક.
થેઈ થેઈ થેઈ થેઈકાર કરે છે, જોવા તેને ચાલોરે. બંસી૦ ૧
રાધા રસીલી રાસ રમે છે, રમે છે છોગાળોરે; બંસી૦ ૨
તાલ મૃદંગનું તાન મીલાવી, ઠમકો કરતો ઠાલોરે; બંસી૦ ૩
રાધા કહે છે અંતરજામી, હાથ અમારો ઝાલોરે; બંસી૦ ૪
વંદ્રા તે વનની કુંજગલીમાં, મનગમતુ તમે મહાલોરે; બંસી૦ ૫
સાંકો કહે છે સ્યામ સનેહી, પ્રેમ ધરી રસ આલોરે; બંસી૦ ૬

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

કાનો કદમ ચડી બેઠોરે, વાલો બેઠોરે— કાનો૦ ટેક.
વસ્ત્ર અમારાં હરણ કરીને, સંતાઈ કેવો પેઠોરે, કાનો૦ ૧
મોર મુગટ પીતાંબર પહેરી, બંસી બજાવા બેઠોરે; કાનો૦ ૨
વરણાગીમાં વાંકુ જોતો, ઉતરશે કેમ હેઠોરે, કાનો૦ ૩
લોકડીયાંની લજ્જા રાખો, તો ફેંકો તમારો ફેટોરે; કાનો૦ ૪
સાંકો કહે છે શ્યામ સનેહી, સ્વાદ ચખાડો મીઠોરે; કાનો૦ ૫

ગરબી પહેલી.

અરજી ધરજો ઊર, બહુચર બાળીરે.
વાસો સનખલપુર, બહુચર બાળીરે— ટેક.
બહુચર બાળી મા સુવાળ વાળી, રાખોને હજુર, બહુ૦ ૧

સોલંકી રાયને પુત્રી તેં આપી, વંઝ મેણું કરી દુર; બહુ૰ ૨
દાસીએ પુત્રીનો પુત્ર કીધો છે, શોભાવા સનખલપુર, બહુ૰ ૩
સગપણ કીધું પાટણ માંહે, જોયા વિના જરૂર; બહુ૰ ૪
પુત્રીના સાથે પુત્રી પરણાવી, ચાવડી છે ચતુર, બહુ૰ ૫
સમજી ગઇ એ ચતુર ચાવડી, જોબનમાં ભરપુર; બહુ૰ ૬
એળે ઉમ્મર જશે આ મારી, મનખો થાશે ધુળ, બહુ૰ ૭
શોકના થોકને ફોક કરીને, આપ્યું માએ નૂર; બહુ૰ ૮
ઘોડીનો મા ઘોડો કીધો છે, સ્વાનને આપ્યું શૂર, બહુ૰ ૯
મેરીનો મા મરદ કીધો તે, પુરૂષારથમાં પુર; બહુ૰૧૦
પત રાખી તમે સોલંકી ભૂપની, કઇ કરી ચકચુર, બહુ૰૧૧
રાખી સોલંકીની એવી મા રાખો, રાખોને હજુર; બહુ૰૧૨
કરગરતો દાસ સાંકો કહે છે, વસુ છું નારદીપુર. બહુ૰૧૩

ગરબી પહેલી.

સ્તુતિ.

અંબે મા અરજ ધરીને ઉર, સેવકને શરણે રાખો;
જશવંતિ જગ માંહે જરૂર, સેવકને શરણે રાખો. ટેક.
સેવક સાંકો મા છે તારો, ભવસાગરમાં બુડતાં તારો;
દુઃખ વિઘ્ન સમુળાં કરીને દુર. સેવક૰ ૧
પામર પ્રાણી પર મહેર કરી, ઉગારો બુડતાં હાથ ધરી;
સાગર તરવાને આપી શૂર. સેવક૰ ૨
ગાંડું ઘેલું મારૂં કરજો, સાંકાની અરજ તમે ઉર ધરજો;
દુઃખ હરજો વસુ નારદીપુર. સેવક૰ ૩

ગરબી પહેલી.

કૃષ્ણ નામ સાકરના છે કડકારે. એ રાગ.

મારી માતા કસુંબાઇ માડીરે, હું તો અરજ કરૂછું દહાડીરે, ટેક.

માજી સરવેનાં સંકટ કાપોરે, સહુ સેવકને સુખ આપોરે; ૧
માજી મોસમ ગામનાં વાશીરે, આવી નારદીપુર કીધું કાશીરે; ૨
માજી આસોપાલવની છાંયરે, ઘંટ ત્રિશળ દેહેરાની માંયરે; ૩
માજી વસો છો ઉત્તર દિશરે, આવી ચરણે નમે સહુ શીશરે; ૪
માજી મહીમા છે આપનો ભારીરે, તુજ દ્વારે જડી છે જારીરે; ૫
માજી મનના મનોરથ પુરેરે, સરવે સંકટ કરતાં દુરેરે; ૬
માજી અખંડ જોત બળેછેરે, નામ લીધેથી સુખ કરે છેરે; ૭
ધન્ય ધન્ય ભાએગ અમારાંરે, અમે દર્શન કરીએ તમારાંરે; ૮
માજી અરજ કરૂ છું એહરે, તમ ચરણે સોંપીને દેહરે; ૯
કરજોડી સાંકલચંદ કહે છે રે, તેતો નારદીપુરમાં રહેછેરે; ૧૦

ગરબી.

રાગ—ઘોળ.

સ્વસ્તિ શ્રી નારદીપુર સોહામણું, માંહી વસો છો શ્રી જદુનાથ,
સીતા સતિ સાથ, સેવક લખે સ્નેહથી. ટેક.
સીતા સાથે લક્ષ્મણ બાંધવા,
એલી બળવંત છે હનુમંત, અતિ ગુણવંત. સેવક૦ ૧
શંખ ચક્ર ગદા પદ્મ ધરી,
ધરી ધનુષ્ય ઉભા ઘનસ્યામ, સીતા પતિ રામ. સેવક૦ ૨
બાંયે શોભે બાજુબંધ બેરખા,
શોભે સાથે આ જનક કુમાર, સતિ અવતાર. સેવક૦ ૩
પહેરી પુચી પદારથ ચારની,
વેઢ વીંટી જડી સાચે નંગ, સતિ શોભે સંગ. સેવક૦ ૪
માથે મુગટ મનોહર મોરનો,

માંહે જડીઆં છે રત્ન અમુલ્ય, મોતીની દીસે ઝુલ, સેવક૦ ૫
શોભે કમર કટારી આ વાંકડી,
શોભે સેલુને સુરવાલ, સિતા અહી થાળ, સેવક૦ ૬
કાને કુંડળ જામો જરી તણો;
મોહી મુખપર વેણ્ય રસાળ, કેસરી શોભે ભાલ, સેવક૦ ૭
કોટે કંચન હાર હીરા તણો;
મુખ ઘણો શોભે તંબોળ, રૂડે રંગ રોળ. સેવક૦ ૮
દોરો તોરો કંદોરો છે કેડમાં;
કડું રૂડું શરીર દીસે શ્યામ, અવધપુરી ધામ, સેવક૦ ૯
મુની સુની ધુની કરે સેવના:
બ્રહ્મા ધરી રહે નિત્ય ધ્યાન, શંકર સુણે કાન, સેવક૦ ૧૦
રહે ધ્યાન ધરી સહુ દેવતા:
જોગી જતિ રતિના પામે પાર, લક્ષ્મણ શેષ અવતાર, સેવ૦ ૧૧
શીવ શક્તિ શરણે રહે શ્યામની;
નામી નમન કરે જુહાર, પામે નહિ પાર, સેવક૦ ૧૨
સંવત ઓગણીસે છન્નુનો સન છે;
માસ અષાડે ત્રેપન સાલ, ટુકામાં છે ખ્યાલ, સેવક૦ ૧૩
થોડી જોડી મેં લખી કંકોતરી;
વાંચી પહોંચશે મનડાના કોડ, દેવી નહિ ખોડ, સેવક૦ ૧૪
ગાંડુ ઘેલું માફી પ્રભુ કીજીએ;
રીઝ કરશો સેવકપર સહાય, પ્રિત્યે ગુણ ગાય, સેવક૦ ૧૫
પ્રીત્યે પૂર્ણ કરી આ કંકોતરી;
ધરી રહે છે અહરનિશ ધ્યાન, ગિરધરનો સંતાન. સેવક૦ ૧૬

થોડું લખીયું ઘણું કરી માનજો:
પ્રભુ રાખો સાંકાપર વહાલ, જાણીને કંગાલ. સેવક૦ ૧૭

લાવણી પહેલી.

ચીર ઘો જસોમતિ જાયા—એ રાગ.

છોડ ઘો મોહનજી છેડા, છોડ ઘો મોહનજી છેડા;
લાખ ટકાનું ચીર ફાટે, ફૂટી જશે બેડા. છોડ૦ ટેક.
મારગ જાતાં આળ શું કરતા, ગાળ દઇશ છૂટી;
વિઠ્ઠલ વર શું વળગો અમને, હાર જશે તુટી. છોડ૦ ૧
જળ જમુનાનું બેડું છે શીરપર, ખોટી મારગે ચાલું;
કંસનું રાજ શું ગયું ટળીને, અનર્થ છે હાલું. છોડ૦ ૨
પાલવ પકડી ઉભા છો અળગા, હું તમથી થાકી;
સાંકો કહે છે શ્યામ સનેહી હવે નથી બાકી. છોડ૦ ૩

લાવણી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

સોલસેં સંગ ચલી ગોપી, સોલસેં સંગ ચલી ગોપી;
કાંન કુવર વર મારગ રોકી, બેઠા છે કોપી. સોલસેં૦ટેક.
બેઠા કોપી મારગે રોકી, ગોપીકા ટોળી;
કૃષ્ણ કહે છે દાણ રીતની, કેમ કરો ચોરી. સોલસેં૦ ૧
કરતી ચોરી કૃષ્ણ કહે ગોરી, શું મનને જાણી;
મથુરાં જાતી મહી બેચનકુ, ભુલ ગઇ દાણી. સોલસેં૦ ૨
દાણી વાણી મધુરી જાણી, શાણી થઈ રાજી;
મોહન મુખ કો મોહ લગ્યોહે, એમ કહી બાઝી, સોલસેં૦ ૩
બાઝી રાજી થઇને ગોપી, સાંકો કહે તમને;
કાંન કુંવર વર મોહ લગ્યોહે, મોરલીએ અમને. સોલસેં૦ ૪

લાવણી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

મોહની મોરલીએ લાગી, મોહની મોરલીએ લીગી;
મુખનો મટકો કરતો લટકો, રાગ તણો રાગી. મોહ૦ ટેક
શીર પર ટોપી રહે છે ઓપી, કાળજડાં કોરી;
પીળે પટકે બાંસને કટકે, ચીત્ત લીધાં ચોરી. મોહ૦ ૧

લીલો જામો ઘુંટી સામો, પીતાંબર પહેરી;
સોળસેં ગોપી અરજ કરે છે, કાંન કુંવર ઘેરી. મોહ૦ ૨

અરજી આણી બોલ્યા વાણી, સાંકાની સાથે;
સુણે ગોપી સુખ માંણીયું, થઈ બાથો બાથે. મોહ૦ ૩

લાવણી પહેલી.

મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાગ.

તમે મુકો નીરખવી નાર, મોહની મેલી;
કરી લ્યોને પૂણ્યનો લેશ, સાથ એ બેલી. તમે૦ ટેક.

આ રત્ન સરીખો દેહ, જાય છે એળી;
રાખો દયા દીલની માંય, મમતા મેલી. તમે૦ ૧

જુવે ને પથ્થર પર, ખડ ઉગેલી;
ઉંડાં નહિ નાંખે મૂળ, માસ બે રહેલી. તમે૦ ૨

એવી આ કાયા જાણી, મોહ દ્યો મેલી;
કાચી છે રચના તેહ, વાડની વેલી. તમે૦ ૩

કરગર તો સાંકળચંદ, થાઓને બેલી;
પ્રભુ રાખો તમારી પાસ, અર્જ છે પહેલી. તમે૦ ૪

લાવણી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

જય જય શ્રી કસુંબાઈ માત, અકળગતિ તારી;
તુંજ મહિમા અપરમપાર, માતા મારી. જય૦ ટેક.
વાસ્યાં છો ઉત્તર દિશ, બાગ છે સારા;
ગજરા ગુંથ્યા છે હાર, વાસતે તારા. જય૦ ૧
આસોપાલવ શીર છાંય, કુપ જળ ભારી;
મંડપ રચના શી કહું, બની ગુલઝારી. જય૦ ૨
સોંપી તુજ શરણે દેહ, કહું કરજોડી;
રચ્યો ટુંકેથી ખ્યાલ, અર્જ છે થોડી. જય૦ ૩
કરગરતો સાંકળચંદ, થાઓને બેલી;
વસે છે નારદીપુર, અરે ગલએલી. • જય૦ ૪

બોધ.

મધુર સ્વર કયાંથી આ સંભળાય—એ રાગ.

રામ રામ રામા ભજોને બાઇ, રામ રામ રામા. ટેક.
રામ નામ બિન ઠામ ખાલી નહી;
ઘટ ઘટ ઘનસ્યામા, ભજો૦ ૧
પલ પલ લેત ખબર જગત નકી, કૃષ્ણ બલી રામા; ભ૦ ૨
સુબાહુ તાડીકા રાવણ મારી, મારે કંસ મામા; ભજો૦ ૩
ગુણીકા તારી મીરાં ઉદ્ધારી, અહલ્યા સુદામા; ભજો૦ ૪
ધન દોલત દારાને માળા, સર્વે નકામા; ભજો૦ ૫
અંત સમે કોઇ સાથ ન આવે, ખોટું તમામા, ભજો૦ ૬
એઉ કર જોડી સાંકો કહે છે, મુકી ધો ઉધામા. ભજો૦ ૭

ઇતિ શ્રી ભાગ પહેલો સમાપ્ત.

શ્રી.

ભાગ ૨ જો.

અંતર્બહિર્લાપિકા.

સાંભળને સાહેલડી, કાન ધરી આ ખ્યાલ;
નેચ ઉંચ જોતાં નથી. શ્રી સરસ્વતિજી હાલ. ૧
સરણે રાખે સરવને, રહીયાળી સાક્ષાત;
સ્વરગ વાસને મેળવે, તીપુરારી માત. ૨
જીભે વશી જસ આપતી, પ્રસન થઇને હાલ;
સરણે રહી સાંકો કહે, નમન કરી આ ખ્યાલ. ૩

લાવણી પહેલી.

જય જય શ્રી ગણપતિરાય, પ્રથમ પૂજાય; સદા સુખકારી;
તુજ શોભાનો નહિ પાર, સુરત ગુલઝારી. જય૦ ટેક.
છો ગવરી કેરા પુત્ર, સાથે ધરસુત્ર; ફુંડય ફૂડાળા;
ઉમિયાજી કેરા સુત, વિઘ્ન હરનારા. જય જય૦ ૧
સીંદુરનું લેપન અંગ, શોભે છે સંગ, સુદ્ધ બુદ્ધ નારી;
હસ્તે ધરીયાં આયુદ્ધ, અને જળ ઝારી. જય જય૦ ૨
દાસી છે રીધસીધ જોડ, નથી કાંઇ ખોડ, સદા સુખધામી;
છે લક્ષ લાભ બે પુત્ર, અવીચળ નામી. જય જય૦ ૩
મોદીકનો લીધો થાળ, ગળે રૂંઢમાળ, ચમ્મર નિત્ય થાએ;
શુભ કાર્ય વિશે એ દેવ, પ્રથમ પુજાએ. જય જય૦ ૪

નાગરવાડાની પાસ, કીધો છે વાસ, શુભ સ્થળ જોઈ;
નૌતમ નારદીપુર ગામ, કરીને સોઈ. જય જય૦ ૫
દુકાનો હારો હાર, તણી છે બહાર; ચાર તુજ સામી;
છે દર્શનનો પરતાપ, આપના નામી. જય જય૦ ૬
છો અખિલ વિશ્વના નાથ, ભાવસાર સાથ; રહ્યા છો મોહી;
દુઃખ વિઘ્ન અને પરિતાપ, નાંખીયાં ખોઇ. જય જય૦ ૭
દીવાળી ફેરે દિન, થઇને લીન, દિન ગુજારે;
મંડપની શોભા થઇ રહી, અતિ ભારે. જય જય૦ ૮
દીવાળીમાં બહુ બહાર, સજ્યા શણગાર, પ્યારથી અંગે;
દીપમાળ રોશની કરી, અતિ ઉમંગે. જય જય૦ ૯
છે મુખારવિંદ ગજદંત, અતિ ગુણવંત, મુખકની સ્વારી;
વર્ણન કરતાં આ જીભ, જાય છે હારી. જય જય૦૧૦
સંવત ત્રેપનની સાલ, ટુંકામાં ખ્યાલ; બારશને દહાડે;
સદીકા છે ઓગણીસ સાર, માસ આષાડે. જય જય૦૧૧
કરગરતો સાંકલચંદ, છોડાવો ફંદ, છંદ આ ગાએ;
ભુલ ચુકની માગતો માફ, લાગતો પાયે. જય જય૦૧૨

લાવણી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

શૂરવીર સયાજી શૂરા, પરાક્રમી પૂરા; શૂરા છો રાયે;
છો છત્રપતિ મહારાજ, બડોદા માંયે. શૂર૦ ટેક.
પૂર્વી પૂરવીઆ ઘણા, મહારાજા તણા; સૈન્યમાં શોભે;
જાણે ગગન વાદળી ચડી, મુનીવર લોભે. શૂર૦ ૧
દળ ચડે ડંકા ગરગડે, મહારાજા ચડે; ચડે શૂરાયે;
શુભદિન દશેરા સમી, પૂજવા જાયે. શૂર૦ ૨

મહારાજા રાજા મણિ, સયાજી તણી, વધજો વાડી;
પ્રભુ રાખો અવિચળ રાજ, ગાયકવાડી. શ૨૦ ૩
કહે છે સાંકો પ્યાસ, જાણો કંગાલ, વહાલથી ગાયે;
કરો ફતેસીંહની ફતે, અરે જગ રાયે. શ૨૦ ૪

બાલાજી મહારાજની ગરબી.

ડાહ્યા ડમરા તને પરની વાત લાગે પ્યારીરે—એ રાગ.

સખી ચાલો બાલાજી દરશન કરવા,
દરશન કરવા દરશન કરવા, સખી ચાલો બાલાજી દરશન કરવા. ટેક.
બાલાજી મહારાજને મંદિર ચાલો સખી આજ,
શ્રાવણે માસે કૃષ્ણ પક્ષમાં પ્રગટ થયા મહારાજ. સખી૦ ૧
અષ્ટમી દિન શુભ યોગ રોહણી રેન સુમારે બાર,
કંસ કબુદ્ધિ નરને કારણ મથુરાં લીયો અવતાર. સખી૦ ૨
વસુ દેવજી વિઠ્ઠલ લેઈ આવ્યા ગોકુળ માંય,
જશોમતિની કુંવરી લાવ્યા, મથુરાં નગરની માંય. સખી૦ ૩
કંસ કુબુદ્ધિ નરને ત્યારે તુરત થઇ છે જાણ,
પથ્થર સાથે પટકી દુષ્ટ એ, લીધા એના પ્રાણ. સખી૦ ૪
અરે દુષ્ટ અધર્મી આજે, અઘટીત કીધું કામ;
વહેર વાળવા પ્રગટ થયો છે, આજે ગોકુળ ગામ. સખી૦ ૫
તતક્ષણ વીજળી થઇ બોલી, બોલ ઘણો દુઃખદાય;
ભય ભીત થઇ કંસ કહે કાંય, કપટ થયું હાય હાય. સખી૦ ૬
છાતી કુટી કંસ કહે છે હવે કરીશું કેમ;
ઉગરવા નથી એકે આરો, નથી રહેવાના કુશળક્ષેમ. સખી૦ ૭
ગોકુળિયામાં પ્રગટી દીવાળી ઘેર ઘેર ઓચ્છવ થાય;
માતાજી ઝૂલાવે પારણે, ગોપી ગીતાં ગાય. સખી૦ ૮

થેઇ થેઇ થેઇકાર કરી ત્યાં નાચે વ્રિજની નાર,
અક્ષયપાત્ર પામ્યા જેથી, કોલવડાના દરબાર. સખી૦ ૯
ગાય શીખે જે કોઇ સાંભળે, કૃષ્ણજયંતી સાર;
જન્મ મરણ દુઃખ તે તો ટળશે, ઉતરશે ભવપાર. સખી૦૧૦

ગરબી ત્રીજી.

બાલાજીની બહાર, જોવા મંદિર ચાલો:
નોંધારાંના આધાર, પ્રગટયા મારો વહાલો. બાલાજી૦
અષ્ટમી દીને અંતરજામી, મથુરાં લીયો અવતાર. જોવા૦ ૧
મામા કંસને ઉંઘે ઘેર્યો છે, અડધી રેન સુમાર. જોવા૦ ૨

સાખી.

જોવા જુગજીવનને, ચાલો બેની આજ;
માતાજી ઝુલાવતાં, પારણીએ વ્રજરાજ.
જોવાને ચાલો મંદિર મારો વહાલો, સોળ સજી શણગાર. જોવા૦૩
કહાંને કાંબી અણુવટ વીંછવા, ઝાંઝરનો ઝમકાર, જોવા૦ ૪
ઝાંઝર ઝમકે નેપુર ઠમકે, આવી મળી વ્રીજનાર, જોવા૦ ૫

સાખી.

ધન્ય ધન્ય ગોકુળ ગામને, ધન્ય ધન્ય વ્રીજની નાર,
ધન્ય ધન્ય માત જશોમતિ, ધન્ય ધન્ય જુગ કીરતાર.
જય જયકાર કરે વ્રીજ નારી, કંસ કરે પોકાર; જોવા૦ ૬
શોક પ્રગટ થયો કંસને કેવો, મથુરાં નગર મોઝાર જોવા૦ ૭
શેજલડી શત્રુ થઈ લાગી, કેમ કરૂ આ વાર; જોવા૦ ૮
ઈંદ્રને જાચવા કંસ ગયો છે, વૃષ્ટી કરો અપાર, જોવા૦ ૯
ગોકુળ તાણી કરો પાણી પાણી, ક્ષણું ના લાગે વાર. જોવા૦૧૦

સાખી.

બાર મેઘ તત્પર થઇ, વૃષ્ટી કરે અપાર;
ગોવરધન ધારણ કરી, ઉગાર્યા નંદ કુમાર.
ધન્ય ધન્ય ગોવરધન ધારીને. ધન્ય ધન્ય એ વ્રીજ નારીને:
રાવ ઇંદ્રિ ગયો છે હારીને. ધન્ય૦ ૧૧

સાખી.

વ્રીજવાસીએ વ્રીજમાં કીધી લીલા લહેર;
દીવાળી પ્રગટ થઇ, ગોકુળમાં ઘેર ઘેર
ગોકુળિયામાં પ્રગટી દીવાળી, કહેતાં નાવે પાર; જોવા૦ ૧૨
ગાય શીખે જે કોઇ સાંભળશે, કૃષ્ણ જયંતી સાર, જો૦ ૧૩
જન્મ મરણ દુઃખ તેતો ટળશે, ઉતરશે ભવપાર: જો૦ ૧૪
બેઉ કરજોડી સાંકો કહે છે, ન્યાતે છું ભાવસાર. જો૦ ૧૫

ગરબી ત્રીજી.

કહું છું નશીબે દુઃખીઓ કીધો છે, ભેખ તો પ્રીયાને વિયોગે લીધો છે.

એ રાગ.

બાલાજીના મંદિર આજે (૨) ચાલો સખીઓ દર્શન કાજે. બાલાજી
અષ્ટમી દિન શુભ યોગે પ્રકાશી, કહેવાયા તમે ગોકુળ વાસી, બા૦ ૧
ગોકુળ વાસી લીલા બતાવી, માત જશોમતિને હરખાવી; બા૦ ૨
લલ્લુભાઈ લાડ લડાવે, કોલવડાના એ દરબાર કહાવે, બા૦ ૩
મંદિર માંહે પ્રગટી દીવાળી, બાળાઓ બહુ લે છે તાળી; બા૦ ૪
જય જયકાર કરે બહુ બાળા, પ્રગટ થયા આજે મોરલી વાળા, બા૦ ૫
નોંધારાના એ આધારી, વર્ણન કરતાં જાઉં હારી; બા૦ ૬
સેવક સાંકો કહે કરજોડી, રચ્યો છે ટુંકેથી ખ્યાલ અર્જ છે થોડી. બા૦ ૭

ગરબી ચોથી.

કોણ કરે જંજાળ જુગમાં જીવન થોડા—એ રાગ.

બાલાજીની બહાર, સખી દેખો મંદિર માંહે; બાલાજીની બહાર. ટેક.
અષ્ટમી દિન શુભ યોગે પ્રગટીયારે, દેવકીનંદ કુમાર. સખી૦ ૧
કંસને કારણ અધમ ઉધારણ, મથુરાં લીયો અવતાર: સ૦ ૨
ગોકુળ આવી પ્રભુ લીલા બતાવીરે, ઘેલી કીધી વ્રીજનાર, સ૦ ૩
વ્રીજમાં વાસી વહેરજ વાળ્યુંરે, ધન્ય ધન્ય જુગ કીરતાર: સ૦ ૫
દાસ સાંકો ગુણ હરનિશ ગાવેરે, ઉતરવા ભવપાર, સ૦ ૬

ગરબી પાંચમી.

મારા મન ગમતા મહારાજ, મારે ઘેર આવોરે—એ રાગ.

ધન્ય ભાગ્યેગ અમારૂ આજ, દર્શન પામ્યાં રે.
ઝુલે પારણીયે વ્રીજરાજ, હરષ રસ જામ્યારે. ટેક.
હરષ ભરી ગોરી રાધીકારે, હીંડે ટહુકે મોર:
અષ્ટમી દીન શુભ યોગ છે રે, ઝુલે પારણે જુગલ કીશોર. દર્શન૦ ૧
માતા જસોદા ઝુલાવતાંરે, ગોપી ગીતાં ગાય;
મંદિરીયાં રળિયામણાંરે, ત્યાં તો આનંદ ઓચ્છવ થાય. દર્શન૦ ૨
આનંદ ઓચ્છવ અતિ ઘણેરે, ગોપીકાને મન;
દાસ સાંકાની વિનંતીરે, ધન્ય અષ્ટમી કેરો દાન. દર્શન૦ ૩

ગરબી પહેલી.

હરિનાં મંદિર અતિ રઢીયાળાંરે—એ રાગ.

ધન્ય ધન્ય ગોકુળ રૂડું ગામરે, તેમાં નંદ બાવાનું ધામરે, ધન્ય૦ ટેક.
શ્રાવણ માસે નક્ષત્ર સારરે, કૃષ્ણ અષ્ટમીને બુધવારરે; ૧
રોહણીનો છે શુભ યોગરે, કૃષ્ણ પ્રગટયાને ચાલ્યો ઉદ્યોગરે. ૨

એવા જક્ત માંહે પ્રખ્યાતરે, પીતા નંદ જશોમતિ માતરે; ૩
સૌને આનંદ પ્રગટયો અપારરે, તરીયાતોરણ બાંધ્યાં છે દ્વારરે. ૪
ચાલો સખીઓ દર્શન કરીએરે, જઇ નંદ કુવરને મળીએરે; ૫
ગોકુળીયામાં પ્રગટી દીવાળીરે, ગોપી ગાયને લે છે તાળીરે, ૬
મારો વાલો પારણીયે ઝુલાવેરે, માતા હરખેથી લાડ લડાવેરે; ૭
ત્યાં તો ઘેર ઘેર ઓચ્છવ થાયરે, કૃષ્ણ કૃષ્ણ મુખે ગુણ ગાયરે. ૮
એવો કૃષ્ણ તણો મહીમાયરે, નામ લીધેથી વઇકુંઠ જાયરે; ૯
એવો અષ્ટમી દીન ગણાયરે, દાસ સાંકો મુખે ગુણ ગાયરે. ૧૦

ગરબી પહેલી.

આ જોને કોઇ ઉભીરે, આળસ મોડે—એ રાગ.

ચાલોને સખી જઇએરે, કાનાને મળવા, કાનાને મળવા, કાનાને મળવા;
ચાલોને સખી જઇએરે કાનાને મળવા. ટેક.
જુમનાંની તીરે વાલો બંસી બજાવેરે, ગોપીકાને છળવા; ચાલો૦ ૧
મોર મુગટ પીતાંબર પહેરીરે, ઉભો છે આપણને કળવા; ચાલો૦ ૨
કાલંદ્રીને કાંઠે ઉભો છેરે, બોલ્યું એતો પાળવા; ચાલો૦ ૩
વાટ જોઇને વહાલા પંથે પળાતોરે, હિંડજો હળવા હળવા; ચાલો૦ ૪
દાસ સાંકો કહે તત્પર થઇછેરે, માધવ તમને મળવા. ચાલો૦ ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

ઉભો સખી અલબેલોરે જુમનાંની તીરે,
જુમનાંની તીરે જુમનાંની તીરે; ઉભો૦ ટેક.
મોર મુગટ પીતાંબર પહેરીરે, બંસી બજાવે ધીરે ધીરે, ઉભો૦ ૧
એક પગે ઉભો ધેનો ચરાવેરે, ચરાવે હરજીરે; ઉભો૦ ૨
કાંબળી લાકડી ચાખડી ચરણેરે, મોહી છું શ્યામ શરીરે, ઉભો૦ ૩

બાંએ બાજુબંધ બેરખાંને પુચીરે, શણગાર સર્વે સજીરે; ઉભો૦ ૪
દાસ સાંકો કહે નીરખી તમનેરે, નીરખી છેલ છબીરે. ઉભો૦ ૫

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

આ જો સખી અલબેલોરે, માખણ માગે.
માંખણ માગે માંખણ માગે, આ જો સખી અલબેલોરે માંખણ માગે ટેક.
ઘુઘરા બાંધી ઘેર ઘેર ફરતોરે, ફરતો રાગે રાગે. આ જો૦ ૧
માંકડાં લાવી નાચ નચાવેરે, પીછાં ઘાલી એને પાઘે; આ જો૦ ૨
બંસી બજાવે મોહ પમાવેરે, રંગ છાંટી એને વાઘે, આ જો૦ ૩
ઝાલવા જાઉં તો હાથ ના આવેરે, નાસંતો આઘે આઘે. આ જો૦ ૪
દાસ સાંકો કહે મળવાને મોહન, આવોને લાગે લાગે. આ જો૦ ૫

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

મંદિર અમારે આવોરે, મળવાને માવા,
મળવાને માવા મળવાને માવા, મંદિર અમારેઆવોરે મળવાને માવા. ટેક.
તાંબા કુડીઓ જળ ભરીનેરે, આપીશું તમને નહાવા. મંદિ૦ ૧
શેવ સુંવાળી લાવશી બનાવીરે, આપીશું તમને ખાવા; મંદિ૦ ૨
વાટ જોઇને હુંતો બેસી રહીછુંરે, કેમ થાઓ હરિ હાવા. મંદિ૦ ૩
ઝાઝી વાર ન કરશો વાલારે, તુર્ત દેઇશું તમને જાવા; મંદિ૦ ૪
દાસ સાંકો કહે છાના રાખીશુંરે, નહિ કરૂ તમને ચાવા. મંદિ૦ ૫

ગરબી પાંચમી.

રાગ ઉપર પ્રમાણે.

કહેવા દેને કાંના રે માતને તારી.
માતને તારી માતને તારી, કહેવા દેને કાંના રે માતને તારી. ટેક.

વાટે ઘાટે વળગે આવીરે, લવરી કરતો નઠારી; કહેવા૦ ૧
વહાલો હોય તો તું તારી માનેરે, સાસુ દેખે છે મારી; કહેવા૦ ૨
નવલખ નંદની ધેનો દેખીરે, છકી ગયો રબારી, કહેવા૦ ૩
હાથ જોડું હવે આળ ન કરશોરે, તમે ઝીત્યા હું હારી; કહેવા૦ ૪
દાસ સાંકો કહે નીરખ્યા તમનેરે, ચરણ કમળ બલહારી. કહેવા૦ ૫

ગરબી પહેલી.

જુઠું જુઠું જીવત ખરૂં જાણમાંરે—એ રાગ.

શાની માગે તું મોહનજી રીત દાણનીરે. શાની૦ ટેક.
જળ જુમનાં જાવું છે મારે, તેમાં કાના શું તમારે;
વારંવારે બીક ઘણી રોકાણનીરે. શાની૦ ૧
આમ કરે કાના શું થાશે, બેડું શીરપર ફૂટી જાશે;
થાશે હાંણ્ય અમારી માંણનીરે. શાની૦ ૨
વાટે આવી વળગો અમને, નિર્લજ ઝાઝું શું કહું તમને;
આ રીત્ય માગતા નિત્ય તમે દાણનીરે, શાની૦ ૩
રાધા કહે છે અંતરજામી, નિરદય છો સાંકાના સ્વામી;
પામી હર્ષે બેટી ભ્રખુભાણની રે. શાની૦ ૪

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

પાલવ પકડી તું મોહનજી સાળુ તાણ્યમાંરે. પાલ૦ ટેક.
પાલવ ફાટે જાતાં વાટે, દુરીજન દેખે જુમનાં ઘાટે;
માટે વાટે આહીર મને આંણ્યમાંરે, પાલ૦ ૧
સુંદિર કસબ ભરેલી ચોળી, કાજળ મારાં નાંખ્યાં રોળી;
ગોરી રાધે કહે એક વાણ્યમાંરે, પાલ૦ ૨

રસ્તે જાતાં કરતા આડી, મોહન મારી ચોળી ફાડી;
દહાડી દહાડી સરસ રસ માંણ્યમાંરે, પાલ૦ ૩
રાધે કહે છે અંતરજામી, નિરદય છો સાંકાના સ્વામી;
નામી ચરણે રહી છું, જાણ્યમાંરે. પાલ૦ ૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

રોકી શું સમજી ગોપી, ગોકુળીયા ગામનીરે. રોકી૦ ટેક.
રોકી ગોપી લજ્યા લોપી, ઘાટ રહ્યો જુમનાનો ઓપી;
ચાંપી ચરણાં રહી છે, ભાંમનીરે, રોકી૦ ૧
મારગ જાતાં કરતા આળી, મોહન મુખથી દઇશું ગાળી;
હારી રહી છું શામળિયા તુંજ શામનીરે, રોકી૦ ૨
જળ જુમનાનું બેડું ભરીયું, મોહન માફી દાણુ ત્યાં કરીયું;
હરીયું હરીયું ચતુર ચીત્ત કામનીરે, રોકી૦ ૩
શીરપર બેડું કહે છે નામી, નિરદય નહિ સાંકાના સ્વામી;
પામી હર્ષ ગોરી ગોકુળ ગામનીરે. રોકી૦ ૪

ગરબી પહેલી.

મારા મોહનલાલ, પ્રીતો કરી તરછોડોરે, કહોને હરી—એ રાગ.

નીત્ય યાદ કરૂં, ખોડીયાર મા હું તમને, નારદીપુર મહી. નીત્ય. ટેક.
માજી સર્વેનાં સંકટ કાપો છો, સહુ સેવકને સુખ આપો છો;
તમે દરદીનાં દુઃખ કાપો છોરે. નીત્ય૦ ૧
તરગાળાને ચોરે વાસો, રમે ચાચર ચોકમાં માસ આસો;
કરી નવરાત્રીના અપવાસોરે, નીત્ય૦ ૨
ચાય હવન હોમ અતિ ભારે, વીપ્ર મુખે પાઠ ત્યાં ઉચારે;
માજી બિરાજે પશ્ચિમ દ્વારેરે, નીત્ય૦ ૩

ચડે શ્રીફળ તોરણુ બહુ દ્વારે, તરગાળા આવે વ્રજ પારે;
ગાએ ગીતાં ઝાંઝને ઝમકારે, નીત્ય૦ ૪
મંડપ રચના બહુ છે સારી, તેની અંદર રહે છે પુજારી;
વર્ણુન કરતાં જાઉં હારી રે. નીત્ય૦ ૫
કરજોડી સાંકળચંદ કહે, તેતો નારદીપુરની માંહી રહે;
અલ્પમતિથી આ ખ્યાલ કહે રે. નીત્ય૦ ૬

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

જસોમતિ જાયા, મારે મંદીર કયમ ના આવ્યા. જસો૦ ટેક.
હુંતો દીવલડો બાળી થાકી, મને પતિજ તો નહોતી પાકી;
જઈ સેજો માણી તમે રાધાકી રે. જસો૦ ૧
તારા કપટમાં હું નવ જાણું, શું કપટી માણસનું ઠેકાણું;
જોતાં વાટલડી વાયુ વાણું રે. જસો૦ ૨
ભરજોબન હું વ્રીજની નારી, ગોઠે નહિ ઘરમાં ગિરધારી;
કામણુગારી આંખલડી છે તારી રે. જસો૦ ૩
સેજલડી નિંદ્રા નવ આવે, ભોજનિયાં મુજને નવ ભાવે;
દાસ સાંકો ગુણ તારા ગાવે રે. જસો૦ ૪

ગરબી પહેલી.

તમે ઓરાને આવો રે, કહું એક વાતલડી. એ રાગ.

સખી દેખો વનમાં રે, બંસરી બાજત ઘોરી;
આ તન મન ચીતડાં રે, લીધું એને કાલજું કોરી. સખી. ટેક.
હવે કેમ કરીએ રે, મહારાગ છે અનુરાગી;
રહ્યું નથી જાતું રે, વ્રહની વેદના જાગી. સખી૦ ૧
સખી ચાલો વનમાં રે, સજી શણુગારને સોળું;
ફરે ગોપી સઘળી રે, થઈ વનમાં એક ટોળું. સખી૦ ૨

વિઠ્ઠલ વર ઘેરી રે, ગોપી સહુ અર્જ કરે છે;
ઝુરી ઝુરી મરીએ રે, આ નેત્રથી આંસુ ઝરે છે. સખી૦ ૩
કહે દાસ સાંકો રે, અરજ પ્રભુ ઉરમાં ધરીએ;
મહા દુઃખીયારી રે, ગોપીને સુખી કરીએ. સખી૦ ૪

શ્રી રાગ કલ્યાણ.

સર્વ સજ્જનો કરૂં હું વિનતી,
નઠોર ઠોઠ છોકરા ન રાખશો રતી. સર્વ૦ ટેક.
શા માટે દુઃખ વેઠો છો, તમે લક્ષ ધરોને ઊર;
બાળપણામાં બાળક બુદ્ધી, કરશે મનખો ધુળ. સર્વ૦ ૧
માબાપે માનીતું કીધું, શું ભણવાનું કામ;
ચોરીકે છીનાળી શીખે, બોળે આખર નામ. સર્વ૦ ૨
તે વેળા નીશાસા મુકી, કહે છે માબાપ;
કપુત પુત્ર તું પેટે પાક્યો, શે ના કરડ્યો સાપ. સર્વ૦ ૩
દુઃખ દુનીયામાં નજરે જોતા, રોતા ઝાઝા લોક;
શ્રીમંત માહારાજ સીયાજી, ટાળ્યા મનના શોક. સર્વ૦ ૪
માહારાજાજી મહેર કરીને, કીધું રૂડું કામ;
શા માટે દુઃખ વેઠો છો, શાળાઓ ગામે ગામ. સર્વ૦ ૫
સપ્ત ચોપડી છઠ્ઠું ધોરણ, ચાલે ઠામેઠામ;
બાળકને સુધારા માટે, કાઢ્યું છે ઈનામ. સર્વ૦ ૬
ઉતસાહી સાહેબ તણા, ગુણ ગણુતાં નાવે પાર;
વીધારૂપી વૃક્ષ ફેલાવી, કીધો છે આભાર. સર્વ૦ ૭
સરસ્વતિજી શીશ નમાવી, સાંકો કહે કરજોડ;
બાળકને સુધારા માટે, નાવે ખાંપણુ ખોડ સર્વ૦ ૮

બાસેઠની સાલમાં અશાડ શુદમાં થયો તે વરસાદ.

ગરબી પહેલી.

(સીતાપતિ રામની સેવા, જાણે મન મીઠા મેવા. એ રાગ.)

બાસેઠયાની રેલનાં પાણી, ગામોગામ નાંખ્યાં તાણી. બાસે૦ ટેક૦
વધાવે ગોરશી આણી, મીઠાં પશીયાનાં પાણી; બાસે૦ ૧
વરસે મુસળાધારે, વદી છઠ શનીવારે. બાસે૦ ૨
રવીએ રેલતો કીજે, વાસન તો બેંશનું બીજે. બાસે૦ ૩
હતું સંયોગીઉં તે તો, વરસે ઝડીઓ દેતો. બાસે૦ ૪
એવું અશાડમાં કીધું, સાતમે દુઃખ જ દીધું; બાસે૦ ૫
આઠમે આદરી એને, ઘણાં ઘર પાડીયાં તેને; બાસે૦ ૬
પડે ઘર બુમો પાડે, આવી રેલ માસ અષાડે. બાસ૦ ૭
નથી નીર માતુ નેવે, શું આ કોપ કીધો દેવે; બાસ૦ ૮
ખેતી તો નાખી બોળી, કીધી વાયરાએ હેળી. બાસ૦ ૯
કીધી આઠમની રાતે, પડયાં ઘર નોમની પ્રભાતે; બાસ૦ ૧૦
સરીતાઓ વગડે કીધી, ડુબાવી દુનીયાં દીધી; બાસ૦ ૧૧
આવ્યું બહુ એહું પાણી, નોમે નદીઓ ડુલલાણી. બાસ૦ ૧૨
માધુપુરા તાણીયું તેને, દયા દીલ નાવી એને. બાસ૦ ૧૩
રૂવે વેપારીઓ ઝાઝા, મુકી વરસાદે માઝા. બાસે૦ ૧૪
તણાયા માલ તો તેમાં, રૂવે વેપારીઓમાં એમાં; બાસ૦ ૧૫
મફત માલ વેચવા લાગ્યા, ઘણા વેપારીઓ ભાગ્યા; બાસ૦ ૧૬
એવું નીર આવતું છોળે, માધુપુરા ઘાલીયું બોળે; બાસ૦ ૧૭
લાગ્યું નુકશાન તો ઝાઝું; નથી એકે છાપરૂં સાજું. બાસ૦ ૧૮
તણાંયાં ઢોર તો વાટે, સરીતા સરોવર ઘાટે; બાસ૦ ૧૯

ઠેરોઠેર પાણી પાણી, ટપાલો રેલો રોકાણી; બાસ૦ ૨૦
એવી પ્રભુ તારી માયા, કીધા સરવેને કાલા. બાસ૦ ૨૧
અકળગતિ ઇશ્વર તારી, નોધારાંના ઓધારી; બાસ૦ ૨૨
ટુંકી છે અરજી મારી, વરણવતાં ઝીભ્યા હારી; બાસ૦ ૨૩
કહે છે સાંકો અષાડે, રહ્યો મેહ દશમને દહાડે. બાસ૦ ૨૪

ત્રેસેઠની સાલમાં ભાદરવા વદમાં થયો તે વરસાદ.

ગરબી બીજી.

(નારાયણ નામ લેને તું પ્રાણી રે, સાચે સાચા પરમાત્મા જાણી. એ રાગ.)
વાલા થઈ વ્રદ્ધ ફેલ ના કરીએ રે, નથી શોભતો ડોળ આ જરીએ. વાલા. ટેક.
લલચાવવા વીજળી નારી રે, ચડી વાદળની ફોજ ભારી રે;
મારી જાય છે દુનીયાં બચારી. વાલા૦ ૧
વરણાગી ના કરશો વાલા રે, હોય અશાડ તો કહીએ કાલા રે;
ભાદરવે શું કહીએ રૂપાળા. વાલા૦ ૨
હોય શ્રાવણ તો સહુ શોભે રે, દેખી દુનીયાનું મન લોભે રે;
આતો નેવાંનું પાણી મોભે. વાલા૦ ૩
ખોટો ભાદરવાનો ડોળ રે, દેખી દુનીયાં ચડી ચગડોળ રે;
થોળ આવેલું થાય કથોળ. વાલા૦ ૪
બની રસોઇ રૂડી રીતે રે, દીધી પીરશી આગળ પ્રીતે રે;
ખેંચી લેવા બેઠા છો ખચીતે. વાલા૦ ૫
આતો વગોણું વીશ્વમાં થાય રે, જરા સમજો ઓ મેઘરાય રે;
લળી લળી લાગું છું પાય. વાલા૦ ૬
થયા છપ્પન સાલે વેરી રે, દુનીયાને દુઃખમાં ઘેરી રે;
ફરી દરી ત્યારે ઝેરી. વાલા૦ ૭

જાઓ જાઓ સમજી જાઓ રે, વૃદ્ધપણે ના આકરા થાઓ રે;
તમે અશાડે વહેલા આવો. વાલા૦ ૮
કીધા સરવેને તમે કાલા રે, જીવ જંતુને અકળાવ્યા રે;
દાસ સાંકો કહે ઓ મેઘરાયા. વાલા૦ ૯

(થાળ–રાગ ઉપર પ્રમાણે.)

વીઠ્ઠલ વર આજ જમવા આવોરે, આવો જમવા ગોપીકાને ભાવો. ટેક૦
આવો જમવા ગોકુળ ગીરધારી રે, સ્વાદ સેવો તણો અતી ભારી રે;
જમો જુગતે દાળ વઘારી. વીઠ્ઠ૦ ૧
તાજી ભાજી બનાવી કચોળી રે, રૂડી રોટલી ઘી માં ઝબોળી રે;
દૂધ સાકરમાં લીધું ગોળી. વીઠ્ઠ૦ ૨
શાક પાક અથાણાં સાર રે, શીરો પુરીને કંસાર રે;
તેના ઉપર ઘીની ધાર. વીઠ્ઠ૦ ૩
કુર કમોદનો મેં તો કીધો રે, માંહી ઘીનો દોરો દીધો રે;
પ્રભુ પ્રીતેથી આરોગી લીધો. વીઠ્ઠ૦ ૪
પ્રભુ પ્રીતેથી આરોગી લીધો રે, દાસ સાંકાને પ્રસાદ દીધો રે;
લક્ષ ચોરાશી માફી કીધો. વીઠ્ઠ૦ ૫

ગરબી બીજી.

છેલાને કાંકરી કોને મારીતી રાજ. એ રાગ.

છોડોને શાંમળા છેડો અમારો આજ,
જાશે શ્રી જુમનામાં લાજ મહારાજા આજ. છોડો૦ ટેક.
દુરીજન દેખેને શું રોકો અમોને રાજ;
સમજી જાઓને વ્રીજરાજ મહારાજા આજ. છોડો૦ ૧
સોના ઉઢાણી માથે સોના બેડીલુ રાજ,
આવીછું જળ ભરવા કાજ મહારાજા આજ. છોડો૦ ૨
લાખ ટકાનું મારૂં બેડું નંદાશે રાજ;

મુકી દ્યો બાઝાબાઝ મહારાજા આજ. છોડો૦ ૩
વગર વિચાર્યું આવી વળગો અમોને રાજ;
તેમાં શું સરશે કાજ મહારાજા આજ. છોડો૦ ૪
આવો આવોને તમે મંદીર અમારે રાજ;
સાંકો કહે કરગરી આજ મહારાજા રાજ. છોડો૦ ૫

ગરબી ત્રીજી.

સખી એ નાથજી શે નાવ્યા રે. એ રાગ.

બહુચરમા વખટીએ જઈ વાસ્યાં રે, વાસ્યાં સનખલપુરની સીમાડે. બહુ. ટેક.
વાસ્યાં આરાતેસુર મા અંબીકા, વાસ્યાં ગબર ગોખ ગફાય. બહુ૦ ૧
વાસ્યાં ગાવે તે પાઢ મા કાળીકા, વાસ્યાં દક્ષીણે તુલજ્યા માય. બહુ૦ ૨
આરાસુરથી અંબીકા આવીયાં, આવ્યાં ગરબો ઘૂમાવાને લાવ્યાં. બહુ૦ ૩
ઘૂમે ગરબે કાળીકા મા તૂળજ્યા, ઘૂમે ચોસઠ જોગણી સાથ. બહુ૦ ૪
ઘૂમે ચાચર ચોક ચુવાળમાં, ઘૂમે બહુચર આરાસુરી રાય. બહુ૦ ૫
વીર બાવન આવી ઉભા રહ્યા, થયા દુંદભી નાદ અપાર. બહુ૦ ૬
બ્રહ્મા સાથે સાવિત્રી સોહાવીયાં, આવી હરખ્યાં નવ દુર્ગાય. બહુ૦ ૭
આવ્યા ડમરૂ બજાવતા દેવતા, આવ્યા શંકર ઉમીયા સાથ. બહુ૦ ૮
આવ્યા નારદ વેણા બજાવતા ૠષી કરતા ત્યાં જયજયકાર. બહુ૦ ૯
રાય ઇંદ્ર આકાશે આરંભીયા, કીધી પુષ્પની વૃષ્ટી અપાર. બહુ૦ ૧૦
દાસ સાંકો સુખે ગુણ ગાય છે, માજી રહેવાને ચરણાં માંય. બહુ૦ ૧૧

ઠુમરી.

દેખો યાર સજી શણગાર, લઈ કરથાળ; આ ચંચલ નાર રહી. દેખો૦ ટેક.
ચાલ ચલત હે રૂમઝુમ રૂમઝુમ, નેપુર પાવલે બાજ રહી. દેખો૦ ૧
ગાલ બને અતિ લાલ હે સુંદિર, રૂપ બન્યો અદભૂત બઈ. દેખો૦ ૨
ચંદ્ર સરીખો મુખડો બન્યો હે, મોહ ભરી મૃગ લોચનઈ. દેખો૦ ૩

કંકન કુંદન હાર હે નથની, શંકર ધ્યાનકુ ધુત ગઇ. દેખો૦ ૪
કુમકુમ કેસર ઓપત ટીલડી, મોહ ભરી એ જુગ મહી. દેખો૦ ૫
લટપટ પટીયાં આંજી છે અંજન, મેશ થકી મમ પ્યાર થઇ. દેખો૦ ૬
સાંકલચંદ કહે શું અતિ વિનવું હું, વાસુ છું નારદીપુર મહી. દેખો૦ ૭

બોધ.

મધુર સ્વર ક્યાંથી આ સંભળાય. એ રાગ.

મુકી દે માન ગુમાન, જીવ તું મુકી દે માન ગુમાન. ટેક.
કાચી છે કાયા માટીનો મણુકો, જેવું પીપળીયાનું પાન. જીવ૦ ૧
સગુ સંબંધી સાથ ન આવે, હોળી જલે સમશાન. જીવ૦ ૨
એક દીન રોશે નામજ ખોશે, પૂઠે ઉજડ રાન; જીવ૦ ૩
જો જો જો તું નજરે જો તું, બની ગયો શું બે ભાન. જીવ૦ ૪
રાવણુ સરખા કહીક અભિમાની, સુતા જઇ સમશાન. જીવ૦ ૫
ધ્રુવ અમરિખને પ્રહલાદ તરીયા. મોહ તજ્યા અભીમાન; જીવ૦ ૬
પ્રભુને ભજવા તત્પર રહેવું, ભક્ત વત્સલ ભગવાન. જીવ૦ ૭
બેઉ કરજોડી સાંકો કહે છે, મુકી દો માન ગુમાન. જીવ૦ ૮

ભાગ બીજો સમાપ્ત.

શ્રી

ભાગ ૩ જો.

અંતર્બાહિર્લાપિકા.

શૌ ગુણવંતિ બહુચરા, ચરણે નામુ શીશ;
રાખો બાળ હજુરમાં, જીભે વશી હરનીશ. ૧
પ્રસન થઇને રાખજો, સરણે દેવીદાશ;
નજર કરી કુળ દેવી મા, છે સાંકાને આશ. ૨

પદ પહેલું.

શ્રી ગુરૂને પાયે લાગું વહેલું વહેલું, શ્રી ગુરૂને પાયે લાગું. એ રાગ.
સરસ્વતીજીને પાયે લાગું, પહેલું વહેલું સરસ્વતિજીને પાયે લાગુ.ટેક.
પ્રથમ પહેલો પાયે લાગું, માગું છું સેવાએ;
મોરને વાહન માતું મારી, ત્રીપુરારી રાયે. સરસ્વ૦ ૧
ચંદન આરતી પુષ્પ ચડાવું, સરસ્વતિ કરજો રહાએ;
હરનિશ દેવી દાસ તમારો, જીભલડી જશ ગાએ સરસ્વ૦ ૨
જશજ આપો સંકટ કાપો, બીજું ન માગું કાંએ;
સાંકો કહે છે શરણે તમારે, રાખો ચરણની માંએ. સરસ્વ૦ ૩

પદ બીજું.

દાણ લીલા.

મેલો મારગડો મહારાજ રે, મુકી આવી હું ઘરનું કાજ રે;
મારે જાવું જળ ભરવા આજ રે, મને મોહન મારગે જાને દો. ટેક.
રાધાજી— સાખી.
જીમનાં જાવુ જોદવા, જળ ભરવાને કાજ;

મારગ મારો મુકી રહો પરા, હું તો રાખુ છું હજી સુધી લાજ રે;
તમે મુકી દ્યો બાઝા બાઝરે, ઠીક કહું છું તમોને આજરે. મને० ૧

કૃષ્ણજી— **સાખી.**

લાજ મુકી લોકની, બોલે બોલ કઠોર;
નજરે પડી કયાં જાય તું, તારા હૈડામાં ટહુકે છે મોર રે.
જોયું જોયું મે તારૂં જોર રે, તું તો મુકી દે સોર બકોર રે;
વ્રીજની નારી વિચારી બોલો રે. ૨

રાધાજી— **સાખી.**

હાથ આવી આજે અહી, ખાલી મારી માંણ્ય;
ઝાઝું કહીશું ઝગડો લાગશે, મારી સાસુજીને થાશે જાણ રે;
તમે મુકી દ્યો તાંણા તાંણુ રે, મારી માંણ્યની થાશે હાંણુ રે. મને. ૩

કૃષ્ણજી— **સાખી.**

સાસુ તારી શું કરે, સાસુના શા ભાર;
ઘેરી ઝોરી એકલી, આજે તોડું આ નવસર હાર રે;
મારૂ જુમનાં આરે માર રે, તારી કોણ કરે છે વાર રે. વ્રીજ० ૪

રાધાજી— **સાખી.**

હાર મારો હીરા તણો, વ્રીજવાસી તું જાણ;
ઘેલા થઇ ગોવાળિયા, તમે શાનાં માગો છો દાણ રે;
જોયું જોયું મેં તો પરમાણ રે, વ્રીજવાસી છો જાણ સુજાણ રે. મને० ૫

કૃષ્ણજી— **સાખી.**

વ્રીજવાસીને છેતરે, કપટી તારાં નેણ;
બોલી માઠી બોલીએ, મને સાલે છે તારાં વેણ રે;
અલી કીધાં તે કાહાં કેણ રે, મોહ બાણ છે તારાં નેણ રે. વ્રીજ० ૬

રાધાજી— **સાખી.**

છલકાશે ખાબોચીયાં, સાગર માઝા સાથ;

અબળા બોલી અટકી ઘણી, હું તો જોડું છું તમને હાથ રે;
તમે ઝીલ્યા દીનાનાથ રે, તમે ઝાલો અમારો હાથ રે. મને૦ ૭

કૃષ્ણજી— **સાખી.**

ચાતુરી અબળા તણી, બોલે બોલી સાફ;
રાડ ભાગી રસ વાધીઓ, આજે દાણ તમારાં માફ રે;
મને બોલી લાગે સાફ રે, માફ માફ કહું છું માફ રે. રીજ૦ ૮

રાધાજી— **સાખી.**

એડું ભરીયું બાવરી, રીઝયા જાદવરાય;
સુખેથી સુખ માણીયું, તમે સાંકાની કરશો સ્હાય રે;
ગુણ હરનિશ એ તો ગાય રે, પ્રભુ કરશો સ્હાય સદાય રે. મને૦ ૯

પદ પહેલું. વસંત પંચમીનું.

(આરોગવાને આવો મારા વ્હાલા, વળતી રમો હરી હોળી. એ રાગ.)

આજે આનંદનો દીન છે સખીઓ, આજે આનંદનો દીન. ટેક૦
વસંત પંચમી આનંદ વાધ્યો, વાધ્યો હરશ ઊર માંએ;
વસંત રૂતુ વન બાગ ખીલ્યો છે, આંબો ખીલ્યો વનમાં એ. આજે૦ ૧
આંબો ખીલ્યો સખી મોધરો મરવો, ગુલાબ પુષ્પ અપારે;
જાઇ જુઇ કમળ કેતકી વેલી, વનસ્પતિ ભાર અઢારે. આજે૦ ૨
વસંત વધાવા સખી ગુણ ગાવા, ચાલો વન મોઝારે;
તાલપખાજ ઝાંઝ ડફ વાજે, રાધે ગ્રહી લીધો થાળે. આજે૦ ૩
થાળ ગ્રહી ગોપી વનમાં રે ચાલી, આનંદ ઊર ન માએ;
ઘઉંની ઊંબી આંબા મોહોરને લાવી, આવી કદમની છાંએ. આજે૦ ૪
કદમની છાંએ કૃષ્ણજી રે મળીયા, મળીયા શ્રી નટવરલાલે;
સાંકો કહે સુખ વસંતનું માણી, વરસાવ્યો ગુલાલે. આજે૦ ૫

હોળી પહેલી.

તરીયા હર લાઓ બીરાની. એ રાગ.

જય ગણપતિ છો સુખકારી, છો સુખકારી, છો સુખકારી જય. ટેક
છો સુખકારી દીસો અતી ભારી, સાથે છે શુદ્ધ બુદ્ધ નારી;
ગવરી પુત્ર ગણેશ એ તમને, તો સમરે પ્રથવી સારી;
અરજ લ્યો કાને અમારી. જય. ૧
હસ્તે આયુદ્ધ જળ ભરી ઝારી, મુખકની છે સ્વારી;
સીંદુર લેપન અંગ તમારે. તો શોભા બની છે સારી. અરજ. જય. ૨
શોભા છે સારી રહું હું નીહાળી. મોદીક થાળ રસાળી;
અમ્મર હરનીશ થાય તમારે, તો જાઊં હું તો બલહારી. અરજ. જય. ૩
ટુંકી છે અરજી ઇશ્વરનીરે મરજી, વીનવું શું મુખથી ભારી;
દાસ સાંકો કહે શરણે તમારે, રાખી ઊતારજો પારી. અરજ. જય. ૪

હોળી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

ગોપી ગુણ ગાય છે તેરા, ગાય છે તેરા ગાય છે તેરા. ગોપી. ટેક
ગાય છે તેરા ગોપી ફરી ફેરા, કાંન કુંવર વર મેરા;
એમ કહી તહીં ગોપી લાડ લડાવત, ગાવત ગીત મીઠેરા;
કાન ગોપી ફરતહે ફેરા, ગોપી. ૧
ફરતહે ફેરા ગોકુળ કેરી ગલીએ, રાસ લીલા તો રચાવી;
રાધિકા ગોરી ભરી કર ઝોરી, તો હોરીકા કરત મજેરા. કાન ગોપી. ૨
રંગ ઉડાવત તાલ બજાત, આવત દેવ ઠરેલા;
દાસ સાંકો ગુણ હરનીશ ગાવે, તો ગાવે કૃષ્ણજી કેરા. કાંન ગોપી. ૩

રાગ ધુમાર.

છાયું છે ગોકુળ ગામને હો,
અનહો પ્યારી લલનારે. છાયું છે નંદાજીકે લાલ. છાયું છે. ટેક
ગોકુળ છાયું મહાબળ કહાવ્યું, કોપ્યો હે કંસ રાયબલજાઉ;
ગોકુળ તાણી કરૂ પાણી પાણી, તો તો મહા સુખ થાય, છાયું. ૧
નંદ મોહનજી ગોવરધન તોળ્યો, તોળ્યો હે જાદવરાય બલ જાઉ;
કાંબળી હોડી ગોવાળીયા જોડી, વન માંહે ચરાવતે ગાય. છાયું ૨
ઇંદ્ર આરંભી આકાશેરે ચડીયો, ચડીયા મેઘ મલાર બલ જાઉ;
ઝબુકત વીજળી પડતહે પાણી, ભોમી ના ઝીલે જેનો ભાર. છાયું. ૩
ગોકુળ ગામમાં ગોવંદજીરે રમતા, રમતા રચાવી ને રાસ; બલજાઉ;
ઇંદ્ર તણુ અભીમાન ઉતરીયું, રાખોને ચરણે કરી દાસ, છાયું. ૪
ગુણુજ ગણુતા સાંકળચંદ ભણુતા, ભણુતા હે રાગ ધુમાર બલજાઉ;
ગોકુળ ગામમાં કોઈ ન જાણે, ધન્ય ધન્ય જગ કીરતાર, છાયું. ૫

પદ પહેલું રંગ પાંચમનું.

(છોડો છોડો વાલમ મારો છેડીનો, એ રાગ.)

વાલા રંગ પાંચમ રૂડી રજની, આવો રમવાને નટવર લાલરે,
વાગે ઝાંઝ પખાજને તાલરે, વાલા. ટેક
વાલા પુષ્પ ગુલાબી કેતકી;
લાવી મોગરો મરવો જાયરે, રાધે અંગ હરખ નવ માયરે, વાલા. ૧
વાલા વાટ જોઊં છું ક્યારની,
આવો રમવાને રાતનો લાગરે, આતો આજનો દીન છે ફાગરે, વાલા. ૨
વાલા કનક ભરી પીચકારીઓ,
મારે સાંમા સાંમી ભરી રંગરે, બીંજે ચુંદડી ચોળી અંગરે, વાલા. ૩

વાલા મીજ્લ રચી અતી જોરથી,
મારે કેસર કેસુડી નીરરે, તે તો વાગે છે તનડામાં તીરરે, વાલા. ૪
વાલા તમે ઝીત્યા અમે હારીયાં,
હું તો જોડું છું તમને હાથરે, હવે રમવાની માગું છું માફરે, વાલા. ૫
વાલા દાસ સાંકાનીરે વીનતી,
પ્રભુ રાખોને ચરણાં પાસરે, પુરી રાધે સખીની આશરે, વાલા. ૬

લાવણી પહેલી.

નૌતમ નગરીનું નામ, શેરથા ગામ, નામ છે ન્યારૂ;
માંહી વડ વાળાનું ધામ, શોભિતું સારૂ. નૌતમ. ટેક
વડવાળા પરગટ પીર, શેવી હ્યો શીર, સદા સુખકારી;
મંદિર રચના શી કહું, બની ગુલઝારી. નૌતમ. ૧
દરવાજો દેખો એક, કરી વીવેક, કેવો રચેલો;
દક્ષિણ દ્વારે છે જુવો પેસતા પહેલો. નૌતમ. ૨
ચોપાસ પડાળી ચાર, બની ગુલઝાર, બહાર છે સારો;
જાળી જરૂખાં માળીયાં શોભતી બારી. નૌતમ. ૩
બારી હારો હાર, ચોક મોઝાર, વડ છે સારો;
ફેરા ફરવાનો તહી, તુલસી કયારો. નૌતમ. ૪
શોભા મંદીરની જુવો, શોભીતો કુવો જુવો નર નારી;
જળ મીઠું પાણી લાવે, ભેર પનીઆરી. નૌતમ. ૫
પનીઆરી પ્રીતે જાય, લાગતી પાય, વીરને નામી;
ગુણ ગાતી સૌ બજરંગ દુઃખને વામી. નૌતમ. ૬
સિંહાસન શોભે ઘણું, રામજી તણું, ભણું શું ભારી;
ઉગમણા શોભે દ્વાર જડેલા જારી. નૌતમ. ૭

જાઇ જુઈ કેતકી સાર, રામજી દ્વાર, મોગરો મહેકે;
માંહી પુષ્પ ગુલાબી ઘણી બહેકથી બહેકે. નૌતમ. ૮
ધરી ધનુષ્ય ઉભા ઘનસ્યામ, સીતાપતિ રામ, લક્ષમણ સાથે;
મોર મુગટ મનોહર ધર્યો શોભિતો માથે. નૌતમ. ૯
શોભે શેલું સુરવાલ, કેસરી ભાલ, લાલ પગ લુલા,
શુભ શોભે સીતા માત, જકતની મુલા, નૌતમ. ૧૦
તુરાઇ નાગ ફણીની વળી, લેઇને છડી, દાસ પોકારે;
ત્રણ કાળ આરતી થાય હર્ષથી ભારે. નૌતમ. ૧૧
ત્રણ કાળ આરતી થાય, પીર પુજાય, વડલાવાળા;
દેખી નાસે જમ દુત ભુત ભયંકારા. નૌતમ. ૧૨
ખુબ ખાન પાન ભંડાર, મંડલી ચાર, મોઝથી મહાલે;
સ્વામી છઠ્ઠાજી નામ જકતમાં ચાલે. નૌતમ. ૧૩
પરગટ પડછા ઘણા, છઠ્ઠાજી તણા, જગતમાં ભારી;
વણઝારા કેરી પોઠ પાર ઉતારી. નૌતમ. ૧૪
મહાનત સ્વામી જમનાદાસ સાધુનો વાસ, સેરથા ગામે;
જાણે ઇંદ્ર પુરીનું ધામ રચ્યું તે ઠામે. નૌતમ. ૧૫
ગાડી ઘોડા બહુ બહાર, ઝાંઝ ઝમકાર; બહાર છે સારી;
વરણુન કરતાં આ જીભ જાય છે હારી. નૌતમ. ૧૬
ઝાઝું શું વરણું હવે, ટુંકેથી લવે, માફી હું માગું;
પરગટ હમાત્યો ત્રણ પાય હું લાગુ. નૌતમ. ૧૭
સંવત ઓગણીસ ચોપન, સંતાણું સન, દન રવી વારે;
સુદ આઠમ આસો માસ દાસ દિલ ધારે. નૌતમ. ૧૮
કરગરી આ સાંકો કહે, નારદીપુર રહે, કહે કરજોડી;
રચીઓ ટુકેથી ખ્યાલ અર્જ છે થોડી. નૌતમ. ૧૯

ગરબી પહેલી.

ચરણે નમુંરે, ચરણે નમું સ્વામી જમનાદાસ ચરણે નમું, ટેક
ગુણ ગંભીર સુખ સાગર જાણી, ગુણ અક્ષરની વાંસે ભમું, સ્વા. ૧
રત્ન સ્વરૂપે સ્વામી અમારા, પ્રાણ વલ્લભ પ્રભુ પદને નમું, સ્વા. ૨
સરસ સરસ રસ પાનજ કરતા, અક્ષર એનું તત્વ સમું, સ્વા. ૩
કરગરતો દાસ સાંકો કહે છે, ચરણ કમળમાં નિત્ય રમું, સ્વા. ૪

રાગ—ક્ષત્રી કલંકનો.

શેવુ સ્વામી જમનાદાસ, સેરથા નગરની માંહીરે,
સહુ સેવકની પુરો આશ, સેરથા નગરીની માંહીરે,
ટાળો ત્રિવિધિના તમે તાપ, સે. સ્વામી છઠ્ઠાજીને પરતાપ. સેર ૧
વડવાળા કરો તમારી સ્હાય, સે. તે તો દુધરેજના કહેવાય, સેર ૨
નવ ખંડમાં રાખેલું નામ, સે. ગુણવંતા ગંગારામ. સેર ૩
ગુણવંતા એ ગુણભંડાર સે. ગુણ ગણતાં ન આવે પાર, સેર ૪
કરગરી કહું કરજોડ, સે. ભુલ ચુકની ના દેશો ખોડ, સેર ૫
વર્ણન કરતાં ના આવે પાર સે. છું જ્ઞાતિ હું ભાવસાર, સેર ૬
કરગરી કહે કંગાલ, સે. રાખો સાંકા ઉપર તમે વહાલ, સેર ૭

ગરબી પહેલી.

કહુંછું નસીએ દુઃખીઓ કીધોછે, ભેખ તો પ્રિયાના વિયોગે લીધોછે.
એ રાગ,

બેઉ કરજોડી અર્જ કરૂંછું (૨) હરનિશ ધ્યાન તમારૂ ધરૂંછું. બેઉ. ટેક.
ઘટઘટ વ્યાપીક અંતરજામી, સ્વામી છઠ્ઠાજી રહું શીશ નામી. બેઉ. ૧
વડવાળા પ્રગટ પ્રકાશી, કહેવાયા તમે દુધરેજ વાશી. બેઉ. ૨
હરણુ સજીવન કીધું જયારે, ગુરૂજી પ્રતાપ થયોછે ત્યારે. બેઉ. ૩
રૂગનાથ પુરીએ પ્રેમ ધરીને, બતાવ્યું હરણુ સજીવન કરીને. બેઉ ૪

પ્રતાપી પ્રતાપ વડેથી, પુજાયા બહુ પડછા પડેથી. એક ૫
લાધા સ્વામી શીશ કહાવે, વર્ણન કરતાં પાર ન આવે. એક ૬
કરગરી કહેછે દાસ તમારો, સાંકલચંદ કહે પાર ઉતારો. એક ૭

ગરબી પહેલી.

ક્યારે મુને મળશે કાન, જોશીડા જોશ જુવોને. ક્યારે. એ રાગ.
જોવાને જુગ કીરતાર, સખી ચાલો મંદિર માંહે. જોવાને ટેક.
અષ્ટમી દીન શુભયોગે પ્રગટીયારે, દેવકી નંદ કુમાર. સખી. ૧
કંસને કારણ અધમ ઉધારણ, મથુરાં લીઓ અવતાર, સખી. ૨
ગોકુળ આવી પ્રભુ લીલા બતાવીરે, ઘેલી કીધી વ્રજનાર. સખી. ૩
વ્રજમાં વાશી વહેરજ વાળ્યુંરે, ધન્ય ધન્ય જુગકીરતાર. સખી. ૪
દાસ સાંકો કેહ શરણે તમારે, આ ઉતરવા ભવપાર. સખી. ૫

ગરબી બીજી.

આજે પડયો મોરી કેડ. સખી પેલો કાંનુડો વનમાં. આજે પડયો. ટેક.
છાનો માનો આવી છાંટત છીરકત, પીચકારી મારે ઝીણી સેડય. સખી. ૧
ચુંદડી ચોળી મોરી રંગમાં રોળીરે, બહુ કરી રેહારેડય. સખી. ૨
દાસ સાંકો કહે શરણે તમારે, આ પુર્વજન્મની ખેડય. સખી. ૩

ગરબી પહેલી

અંબે જોયાની આડીરે નીરખું મોરી માડી. એ રાગ.
મારગ મેલોને દાણીરે, મારે જાવું છે પાણી.
જાવું છે પ્રાણી મારગ મેલો દાણી, રોકો શું મનમાં જાણીરે. મારે ટેક.
લાખ ટકાનું છે બેહું મારૂં, રત્ન જડીત છે ઉઢાંણીરે. મારે. ૧
સઘયર દેખે દેખે સાસુ મારી; આમ શું ચુંદડી તાણીરે. મારે. ૨
સાનમાં સમજી જાને ઘો મોહનજી, રોકો શું રાધીકા રાણીરે. મારે. ૩
દાસ સાંકો કહે અબળાની અરજી, મોહન રસ લીધો માણીરે. મારે. ૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

મોહન લાગી છે માયારે, જસોમતિના જાયા.
જસોમતિ જાયા ગોપીકાને ભાયા, સ્યામ દીસે તારી કાયારે. જસો. ટેક.
ગોકુળિયામાં રહ્યું નથી જાતું, દયા નહિ દિલ લાવ્યારે. જસો. ૧
મથુરાં નગરમાં જઈ સુખ માણ્યું, કુબજ્યાને મન ભાવ્યારે. જસો. ૨
હરનિશ ગોપી ધ્યાન ધરે છે, ફરીને ગોકુળ તમે નાવ્યારે. જસો. ૩
દાસ સાંકો કહે અબળાની અરજી, ગોપી કહે તોડી માયારે. જસો. ૪

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

મળવાને આવી છે ગોપીરે, પ્રભુ લજ્યા લોપી.
લજ્યા લોપીને આવી છે ગોપી, કંથ રહ્યા ઘેર કોપીરે. પ્રભુ.
રૂમઝુમ રૂમઝુમ નેપુર બાજે, ચંદ્રવદન રહ્યું ઓપીરે. પ્રભુ. ૧
મથુરાં નગરની છે નારી ધુતારી, જાદુથી રૂદીયે ચોંપીરે. પ્રભુ. ૨
કુબજ્યા કાળી પ્રભુ કીધી પ્યારી, રાખી છે હૈડે આરોપીરે. પ્રભુ. ૩
દાસ સાંકો કહે અબળાની અરજી, ધ્યાન ધરે નીત્ય ગોપીરે. પ્રભુ. ૪

ગરબી ચોથી.

રાગ ઉપર પ્રમાણે.

નાથ નમેરા થઇનેરે, રહ્યા મથુરામાં જઇને,
મથુરામાં જઇને જુઠા સમ ખાઇને, ખોટા દીલાસા દઇનેરે. રહ્યા.
વ્રદાવનને મારગે જાતાં, કોણ લૂટી ખાશે મહીનેરે. રહ્યા. ૧
આમ શું કોપ કીધો વનમાળી, કયારે રમીશું કર સાહીનેરે. રહ્યા. ૨
મામાને મારી થયા સુખકારી, રાજકંસનું લઇને રે. રહ્યા. ૩
દાસ સાંકો કહે અબળાની અરજી ગોપી રહે ગુણ ગાઇનેરે. રહ્યા. ૪

ગરબી પાંચમી.

રાગ ઉપર પ્રમાણે.

ઉદ્ધવ અરજી લેજોરે, જઈ નાથને કહેજો;
નાથને કહેજો સુખી તમે રહેજો, અબળાનો ઠપકો દેજોરે. જઈ. ટેક.
બાળા તે પણના સ્નેહી થઇને, મોહી મથુરાંની સેજ્યોરે. જઇ. ૧
ઝાઝુ શું મુખથી કહું હવે તમને, એકવાર ગોકુળ જાજોરે. જઇ. ૨
દાસ સાંકો કહે અબળાની અરજી, ગોપીકા સંગમાં લેજોરે. જઈ. ૩

ગરબી છઠ્ઠી.

માયામાં મનડું મોહ્યુંરે, પ્રાણી પાછું ના જોયું;
પાછુ ના જોયું હરીરસ ખોયું, તરીયા સાથે મન મોહ્યુંરે. પ્રાણી ટેક.
અંતકાળે સગું નથી તારૂં, મારૂ મારૂ કરી રોયુંરે. પ્રાણી. ૧
નારી છે તારી અતિરે સુવાલી, આખર લંછન લોયુંરે. પ્રાણી. ૨
પ્રભુને ભજવા તત્પર રહેવું, કામ છે એતો નભોયુંરે. પ્રાણી. ૩
દાસ સાંકો કહે સરણે તમારે, ચરણ કમળ ચીત્ત પ્રોયુંરે. પ્રાણી. ૪

ગરબી પહેલી.

અનીહો ચાલો સખી મળવાને જઇએરે, ઘેલાં કીધાં નંદને છઇઅરે.
અનીહો ઉભો જુમનાંની તીરેરે, મોહી એને શ્યામ શરીરેરે. અની. ૧
અનીહો ચરાવે નંદની ઘેનોરે, ઉભો સખી રંગનો ભેનોરે. અની. ૨
અનીહો લાકડલી ગ્રહી હાથેરે, મનોહર મુગટ માથેરે. અની. ૩
અનીહો જામો જરીઆનનો પહેરીરે, ઉભો વંદ્રાવન ઘેરીરે. અની. ૪
અનીહો કહે દાસ સાંકો વાલોરે, બજાવે બંસી ચાલોરે. અની. ૫

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

અનીહો સખી મને ગોઠે નહિ ઘડીએ, વાંસે ફરતાં ચાકે ચડીએ. ટેક.
અનીહો વજારત લોક મહી થાએ, તાતની આબરૂ તો જાએ. અની. ૧
અનીહો સાસરીઆમાં પતના રહે મોરી, તેથી કરૂ મળવાને ચોરી. અની.૨
અનીહો મોહનમને મળતા નથી જરીએ,હવે એનો ઉપાય શો કરીએ અ.૩
અનીહો જવું જળ જુમનાંનાં ભરવા, છેલ છબીલાને મળવા. અની. ૪
અનીહો કહે દાસ સાંકો એ વાલા, મળવા નંદ તણા લાલા, અની. ૫

ગરબી ત્રીજી.

રાગ ઉપર પ્રમાણે.

અનીહો મોહન મને મળોને આવી,ખાવા ખુબ માંખણ તો લાવી. અની.
અનીહો કરી મેં તો માત તણી ચોરી,આવી છું નંદ તણી પોરી. અની. ૧
અનીહો જાવુંછું જુમનાના ઘાટે, છબીલા મળવાને માટે. અની. ૨
અનીહો ઝટપટ તત્પર તો થાઓ, ચરાવા ધેનોને લાવો. અની. ૩
અનીહો આવીછું લાગ ખરો જોઈ,જાણે નહિ વાત બીજુ કોઈ. અની. ૪
અનીહો કહે દાસ સાંકો એવાલા, મળીયા નંદતણા લાલા. અની. ૫

ગરબી પહેલી.

રંગ ભીની રે હો જાદવા જાવા દે. એ રાગ.

સખી ચાલોરે હો દરશન કરવાને,પ્રભુ ધ્યાન રહૃદયમાં ધરવાને. સખી. ટેક.
લાવો પુષ્પ ગુલાબી છાબ ભરી,માંહી કપુર લ્યો આરતી ઉતારવાને સખી.૧
લાવો પેર પેર મેવા પાક ઘણા, જાવું લક્ષ્મીવર આ વરવાને. સખી. ૨
કહે સાંકલચંદ રહી ચરણે, માગી માગુંછું ચોરાસી ફેરો ફરવાને. સખી ૩

ગરબી બીજી.

સુખ લેવું રે હો કાંના સ્નેહ કરી, લાગું પાયે હુંતો તમને ફેરફરી. સુખ. ટેક.
આપો સુખેથી માગું તેહ તમો, માગું મોહન હુંતો તમને વરી. સુખ. ૧

મેં તો સુંદિર કીધી સુખલડી, આપું તમને હું દાળ ચણાની તળી. સુખ. ૨
લાવી પેરપેર મેવા પાક ઘણા, આવો જમવાને દિનદયાળ હરિ. સુખ. ૩
કહે સાંકલચંદ હરિ ચરણે, રાખો જન્મ મરણ દુઃખ માફ કરી. સુખ. ૪

ગરબી પહેલી.

હાંરે ચાલો ડાકોરમાં જઈ વસીએ—એ રાગ.

હાંરે છોડો છેડો એ કાનજી કાળા, સાળુ ફાટે નંદ ગોવાળારે. છોડે.
હાંરે ફુટે લાખ ટકાની માણ્ય મારી, તુટે ગળે મોતનની માળારે. છોડો. ૧
હાંરે રોકી રાખી મુને અહીં આજે, આમ છાજે શું છો ગાળારે. છોડો. ૨
હાંરે નાંખી મુને અતિ ગરજોળી, મારા નરમ થયા છે ગાળારે. છોડો. ૩
હાંરે કહે સાંકો લીધા પ્રભુ લાવા, જાવા ધોને દિન દયાળારે. છોડો. ૪

ગરબી બીજી.

રાગ ઉપર પ્રમાણે.

હાંરે તમે મુકો મોહનજી મમતા, આમ શીદ કરોછો રાખો સમતારે. તમે.
હાંરે બાળપણું ગાયો સંગ ગાળી, કાળી હોડી કાંબળી વન ભમતારે. તમે.
હાંરે લેવા માંખણ માંકડાં લાવી, આવી મારા ફળીયામાં તમે રમતારે. ૨
હાંરે રહે મંદિરજો પળ ખાલી, તોતો ચાલી આવી ઝાલી શિંકા જમતારે.
હાંરે હવે રહ્યાછો ફક્કડ થઈને, નથી બોલ્યું અમારૂં ખમતારે. તમે. ૪
હાંરે કહે સાંકો લીધા પ્રભુ લાવા, જાવા ધોને ગોપીને મન ગમતારે. તમે ૫

ગરબી પહેલી.

આ તન રંગ પતંગ સરખો, જાતાં વાર ન લાગેજી—એ રાગ.

કાચી કાયા માયા જુઠી, જાશે પળમાં ફુટીજી;
અંત સમે સહુ અળગા રહેશે, લેશે આખર લૂટીજી. ટેક.
લેશે લૂટી મળશો કૂટી, સાથ ન આવે કોડીજી;
ચાર જણા ઉપાડી ચાલે, ચાલે આગળ દોડીજી. ૧

આગળ દોડી માયા તોડી, છોડી જાવું સાચુંજી;
એક હરિના ભજન વિના, બીજાું છે સર્વે કાચુંજી. ૨
સંસારીનું સુખજ કાચું, સાચું ચાલ્યા ઉઠીજી;
ચેતી લે તું પામર પ્રાણી, જાવું ખાલી મુઠીજી, ૩
ખાલી મુઠી ચાલ્યો ઉઠી, રાવણ ગોથાં ખાતોજી;
જાગ્ય જાગ્ય તું જીવ અભાગી, ભજવા અવસર આતોજી. ૪
ભજવા તજવા અભિમાનને, દયા દીલમાં રાખીજી;
કુડ કપટ છોડી દે મમતા, સમતા તારી સાખીજી. ૫
ગુરૂ લાલ હે શરણે તમારે, વાળ ન કરશો વાંકોજી;
કરગર તો કંગાલ કહે છે, દાસ તમારો સાંકોજી. ૬

લાવણી.

શું રહ્યો માયામાં મોહી, સેજને જોઈ;
આ મૃત્યુ લોકની માંય, સ્વપ્ન તો હોઈ શું ટેક.
કોનું આ ઘરને સુત્ર, પુત્ર કોના એ,
અંતે તું એકલો જાય, સાથ નહિ કોએ શું. ૧
ધાઈ ધુતી મેળવી ધન તનને સાચે;
નવ દીધો દોકડો એક, પુણ્યની માંયે. શું. ૨
તું કરે કપટ વેપાર, જગતની માંએ;
બેલી છે તારો કોણ, જમને ત્યાંએ. શું. ૩
બેઠી નાર સજી શણગાર, હીંડોળામાંએ;
મુવા કેડે જાય તુર્ત, બીજાને ત્યાંએ. શું. ૪
નવ લીધું રામનું નામ, રહ્યો લપટાએ;
દીલ દયા નહી લગાર અંગની માંએ. શું. ૫
જ્યાં પડે જમના માર, ત્રાસ ત્યાં હોએ;
જુઠી માયા જંજાળ, જક્તની માંએ શું. ૬

કહે છે સાંકલચંદ શીશ નમાએ:
પ્રભુ રાખો તમારી પાસ ચરણુની માંએ. શું. ૭

બોધ.

મત ડારો પીચકારીરે મેતો ભીજ ગઇ હે—એરાગ.

રાખો અમારી લાજરે, આવી ચાલી ચાલી. રાખો. ટેક.

દુરિયોધન દુશ્યાસન બળીઓ,
હસ્તિના પુરનું રાજરે— આવી. ૧

સતીની લજ્યા સભામાં રાખી,
ચીર પૂર્યા મહારાજરે. આવી. ૨

મંઝારીનાં બચ્ચાં ઉગાર્યા,
ઉગાર્યા ગજ રાજરે. આવી. ૩

ગુણકા તારી અહલ્યા ઉદ્ધારી,
વાળી માર્યો વનરાજરે. આવી. ૪

સુગ્રીવને સુખ સંપતિ આપી,
મીત્રી કીધી મહારાજરે. આવી. ૫

અનેક દાખલા દાખુ એવા,
અનેકનાં કીધાં કાજરે. આવી. ૬

કૃપાળુ કંગાલની અરજી,
ઉર ધરોને આજરે. આવી. ૭

સાંકો કહે ભવસાગર તારો,
તારોને મહારાજરે. આવી. ૮

ગીતી.

ધન્ય ધન્ય ધન્ય મોરારી, ધન્ય ધન્ય ધન્ય છે ગોવરધન ધારી;
સાંકો કહે કરજોડી, રાખી ચરણે ઉતારોને ભવપારી. ૧

ભાગ ત્રીજો સમાપ્ત

ભાગ ૪ થો.

શ્રી કૃષ્ણલીલા નાટક.

અંતર્બહિર્લાપિકા.

મહારૂપ મહાદેવજી, હાર ગલેમે શેષ;
દેવાલય દીપે ઘણાં, વખાણું શું વેશ. ૧
જીને ઝીલ્યાં ગંગને. પ્રથવી પડતાં ધાર;
સરણે રહી સાંકો કહે, નમન કરી આવાર. ૨

અંક પહેલો.

સ્તુતિ.

રાગ ધનાશ્રી.

સદાચરણુનો દાસ પ્રભુજી સદાચરણુનો દાસ. ટેક.

અહલ્યા તારી મીરાં ઉગારી, વીખડાં પીધેલાં ખાસ. પ્રભુ. ૧
સતીની લજ્યા સભામાં રાખી, દુષ્ટ કીધો છે નિરાશ. પ્રભુ. ૨
વિદુરજીની ભાજી આરોગી, નંદની આરોગી ઘેંશ છાશ. પ્રભુ. ૩
ભક્ત વત્સલ પ્રભુ પ્રેમને વશ થઇ, વ્રજમાં રમીયા રાસ. પ્રભુ. ૪
જઠરાની ઝાળેથી ઉગારવા, રક્ષણુ કરોછો નવમાસ. પ્રભુ. ૫
બેઉ કરજોડી સાંકો કહે છે, વસવા ચરણુમાં વાસ. પ્રભુ. ૬

મંગળાચરણુ.

રાગ મારૂ.

કૃષ્ણુ લીલા તણો આ ખેલ, રૂડી રચના છે ઇશ્વર એલ. કૃષ્ણુ. ટેક
તેનો કોઈ ન પામે પાર, કહું ટુંકોતેનો વીસ્તાર. કૃષ્ણુ. ૧
બ્રખુભાણુ આહીરનું નામ, ગઢ ગોકુળ તેનું ગામ. કૃષ્ણુ. ૨
ઘેર પત્ની તણો વિવેક, તેની પ્રજામાં પુત્રી એક. કૃષ્ણુ. ૩
ગાયો ભેંસો રાખતા ઝાઝી, નામ પુત્રીતણું રાધિકાજી. કૃષ્ણુ. ૪
તે તો કંસના રાજમાં રહે છે, દાણુ દાપું શ્રીકૃષ્ણુજી લેછે. કૃષ્ણુ. ૫
દાણુ દાપું એ મહીનું લેતા, ગઢ ગોકુળમાં એ રહેતા. કૃષ્ણુ. ૬
રહેતા ગોકુળમાં પ્રખ્યાત, તે પણુ હતા આહીરની જાત. કૃષ્ણુ. ૭
જાતે આહીર કૃષ્ણુ કહેવાયા, કંસ કારણુ ગોકુળ આવ્યા. કૃષ્ણુ. ૮
આવ્યા ગોકુળ આણી મહેર, તે તો કંસનું વાળવા વહેર. કૃષ્ણુ. ૯

સ્થળ—જુમનાંજીનો કિનારો.

કૃષ્ણુજી— રાગ બનઝારો.

ભલે આવી સખી સહુ આજે, ઉભા મોહન મળવા કાજે. ટેક.
ઉભા મોહન મળવા કાજે, ભલે આવી સખી સહુ આજે,
સખી પાલવે નેપુર બાજે. ઉભા. ૧
સખી સાથ સજેલો દેખી, ઉભા મોહન કરતા શેખી;
નહી આજ તમારૂં છાજે. ઉભા. ૨
નહી છોડું સખીઓ તમને, કીધા લુધરી ગાહેલ અમને;
એવું કીધું તહી વ્રજરાજે. ઉભા. ૩

રાધાજી.— રાગ ઉપર પ્રમાણે.

આવી મોહી છે સ્યામ શરીરે, સખી કહે છે જુમનાં તીરે. ટેક.
સખી કહે છે જુમનાં તીરે, આવી મોહી છે સ્યામ શરીરે,

તમે કામ કરો ધીરે ધીરે. સખી. ૧
તમે સમજુ સમજજો મનમાં, ચાલો મળવું હોય તો વનમાં;
થઈ સખીઓ તણી મરજીરે. સખી. ૨
અહી આહીર દેખે અમને, તેથી મળવું ન ફાવે તમને;
ચાલો વનમાં મોહનજીરે. સખી. ૩

કૃષ્ણજી.— રાગ ઉપર પ્રમાણે.
શું માન્ય ચડાવો મોટે, નહી છોડું ચડીયાં ચોટે. ટેક
નહી છોડું ચડીયાં ચોટે, શું માન્ય ચડાવો મોટે;
તમે ડોળ કરીને ખોટે. નહી. ૧
નહી છોડું સખીઓ તમને, શું આહીર કરતા અમને;
આ દહી ચડેલે દહાડે. નહીં. ૨

સત્યભામાજી.— રાગ સોરઠી ગજલ.
છોડો શાંમળા સખીઓ તણો, સત્યભામાજી કહે કેડીલો;
હવે ક્યાં સુધી અમે ધીખીએ, ભરને દીએ કૃષ્ણ એડીલો. છોડો. ટેક.
જળ જમુનાનાં અમે આવીને, બેડાં માંજીઆં ભલી પેરથી;
લાવી લઇ શું કરો શાંમળા. ઘણીવાર થઈ આવે ઘેરથી. છોડો. ૧
સાસુ પૂછશે વહુજી શું કર્યું, તો ઉત્તર શો અમે દીજીએ:
કહું કૃષ્ણજી તમને અહીં, અમે લોક લજ્યાથી બીજીએ. છોડો. ૨

કૃષ્ણજી.— સોનાનું સ્વરૂપ સુણી ફર અકળાએ. એ રાગ.
ઘેલી ગોપી સતભામા તું શું મુજને સમજાવે,
શું મુજને સમજાવે ખોટાં બહાનાં શું બતાવે. ઘેલી. ટેક.
લબ્ધ થયું મન દેખી આજે, સતભામા સુન પ્યારી:
આંખતણે મરોડે મુને કટારી તે મારી. ઘેલી. ૧
ઘાહેલ કીધા નેન કટારી, હૈડામાં આરોપી;
વાર કીધે નહી છોડું ગોપી, લજ્યા મેં તો લોપી. ઘેલી. ૨

જાંબુવંતી.

રાગ મારૂને મળતો.

જાંબુવંતી બોલ્યાં, જોડી હાથ, તમે સાંભળો વઇકુંઠ નાથરે. ટેક.
હવે હદ થઈ છે વાલા, તમને સખીઓ કરે કાલાવાલારે. જાં. ૧
કાલાવાલા સખી સહુ કરતી, આવી તમને ખોળા પાથરતીરે. જાં. ૨
નથી કૃષ્ણ અમારૂ જોર, જળ ભરને ઘો જુગલ કીશોરરે. જાં. ૩

કૃષ્ણજી.— નીરભાગી હું સરદાર—એ રાગ.

પ્યારી શીદ જોડે છે હાથ, નહી છોડુ સખીઓનો સાથ.
નહી છોડુ સખીઓનો સાથ, પ્યારી શીદ જોડે છે હાથ ટેક.

શીદ જોડે છે હાથ સખી સહુ આવી મારે કાજ;
જળ ભરવાનું બાનુ લાવી આવી કાડે લાજ. પ્યારી. ૧

લાજ મુકી દઈ લોકડીયાની કરવું આજે કામ;
મળવા ચાહે મન અમારૂ લબ્ધ થયું આ ઠામ. પ્યારી. ૨

જાંબુવંતી સઘળી સખીઓ પ્રત્યે કહેવા લાગ્યાં.

રાગ—ઢીંડી.

સુણો આજ સખી છોડે નહિ કાળો, કાળો લાલ દીસે નંદનો રૂપાળો. સુ.
મુકી લાજ સખી આબરૂ ગુમાવી, કરે કૃષ્ણ કેવો આંખતણો ચાળો. સુ. ૧
રાજ આજ સખી કંસ તણા માંયે, ઘણો બહેકી ગયો મોરલીઓવાળો. સુ.

સત્ય ભામાજી.— રાગ ઉપર પ્રમાણે.

રહો શાન્ત સખી શીદ અકળાવો, થયા કૃષ્ણ તેવી આજ સહુ થાવો. રહો.
મુકી લાજ તેને આજ શું કહેવું, સખી સાથ માંહી કોઈ સમજાવો. રહો. ૧
ઘણો લાલચુ છે વ્રજ તણો વાસી, કાંઇક લાલચથી તેને લલચાવો. રહો. ૨

રાધાજી.— કૃષ્ણજીના સામું જોઇ હશી પડીને કહેવા લાગ્યાં.

માતાજી મુજને મહેર કરી રજા આપોરે—એ રાગ.

વીઠ્ઠલ વર વરવોછે સખી મારેરે—વીઠ્ઠ. ટેક.
વીઠ્ઠલ વર વરવોરે, ઉપાય હવે શો કરવોરે;
આ જગ જમુનાંના આરે, સખી સાથ મહી પુકારે. વીઠ્ઠ. ૧
આ કાનકુવરને જોઇરે, મે સુદ્ધ બુદ્ધ સઘળી ખોઇરે;
બેભાન થઇ આવોરે, સખી સાથ મહી પુકારે. વીઠ્ઠ. ૨

કૃષ્ણજી એકદમ હશી પડીને કહેવા લાગ્યા.

કરો તમે રાજ પરવાશી– એરાગ.

વદે શું વેણ લાચારી (૨) સખી શું ગઈ ગતિ તારી. વદે. ટેક
સખી છે સાલ લોકોનું (૨) રહે નહી હેત તો છાનું, વદે. ૧
સુખેથી સહુ સખી જાવો (૨) પુરણ મુજ મનનો લહાવો. વદે. ૨
નથી રહી હોંશ હવે બાકી (૨) પુરણ લાગી પ્રીત રાધાકી. વદે. ૩
રહુ હું સંગમાં તેરા (૨) વદન જોઈ ખુશ દીલ મેરા. વદે. ૪

સઘળી સખીઓ.

સહયર ગુથી લાવ્ય, ગુણીયલ ગજરો—એ રાગ.

હરિ થયો હર્ષ ઉર માંહી આજે, આવી સખીઓ શ્રીકૃષ્ણજી કાજે. હ.
આવી સખીઓએ લીધા લહાવા, જળ ભરીને દીધાં જાવા.
રહો અવીચળ દીન હાવા હાવા. હરિ. ૧
આવી સખીઓએ રસ લીધો માણી, કીધી કૃપા શ્રીનંદના દાણી:
જાવા દીધાં જાણી જાણી. હરિ. ૨
પુરી પ્રભુ આશ આજે અમારી, થઇ દાસ હવે વીજનારી.
જાએ ચરણ કમળ બલહારી. હરિ. ૩

અંક બીજો.

સ્થળ—વંદ્રાવનની ઝાડી.

રાધાજી.

મહા રાગી આ મોરલી વાગે છે.(૨) વાગે પ્રીય ઘણું લાગે છે. મહા. ટેક.
મોરલી નાદે મનડું હરેલું, (૨) વ્રહેની વેદના જાગે છે. મહા. ૧
રૂમઝૂમ રૂમઝૂમ નેપુર બાજે,(૨) શબ્દ ગગનમાં ગાજે છે. મહા. ૨
બંસરી સુણી બની બાવરી આ(૨) ચરણ કમળ ચિત્ત લાગે છે. મહા. ૩

સત્યભામાજી.

તમે ઓરાને આવો રે કહું એક વાતલડી—એ રાગ.

સખી દેખો વનમાંરે, બંસરી બાજત ઘોરી;
આ તન મન ચિતડાંરે, લીધું એને કાળજું કોરી. સખી. ટેક.
હવે કેમ કરીએરે, મહા રાગ છે અનુરાગી;
રહ્યું નથી જાતુંરે, વ્રહેની વેદના જાગી. સખી. ૧
વ્યાકુળ થઇ વ્રહેમાંરે, પુકારે વન મહી ચાલો;
આ ઝટપટ જઇનેરે, ઝાલો સખી મોરલીવાળો. સખી. ૨

(સઘળી સખીઓ એકદમ પુકાર કરી કહે છે)

લાવણી.

સખી સાથ કહેછે ઓ નાથ, કલપના ભારી કલપના ભારી;
રહી મોહી મોરલી નાદ, સકળ વ્રીજ નારી. ટેક૦
પ્રભુ ફરે વનની માંય, સૂઝે નહિ કાંય સૂઝે નહી કાંયે;
વ્રેહ તણી વેદના ઘણી પ્રજાળે આંયે. સખી. ૧
પ્રભુ હવે પ્રાણ આ જાય, સહન નવ થાય સહન નવ થાયે;
થઈ વ્યાકુળ વ્રજની નાર, ફરે વનમાંયે. સખી. ૨

પ્રભુ પુરો મનની આશ, રચાવી રાસ રચાવી રાસે;
માગીએ મુખથી એહ, પ્રભુ તુજ પાસે. સખી. ૩

સત્યભામાજી.

આકુળ વ્યાકુળ થઈ સઘળી સખીઓ પ્રત્યે કહેવા લાગ્યાં.

(રાગ ક્ષત્રી કલંક.)

સખી સાંભળો દીલની દાઝ, મોરલીએ મનડું હરી લીધુંરે;
કીધું કૃષ્ણજીએ અઘટીત આજ, મોરલીએ મનડું હરી લીધુંરે. ટેક.
સખી સોર કરે શું થાય, મોર. મહારાણી આ મોરલી વાય. મોર. ૧
સખી સાંભળી ઉપજે વાલ, મોર. કીધી ઘાયેલ આ નંદને લાલ. મોર. ૨

રાધાજી—સત્યભામા પ્રત્યે કહેવા લાગ્યાં.

રાગ. આશાગોડી

સાંભળ બેની તું મારી, અહા આજે સાંભળ બેની તું મારી. ટેક.
અઘોર વનમાં અલબેલાજીની વિનંતી કહું વીસ્તારી. અહા. ૧
વેણ્ય વગાડી વશ કીધી આજે, મારી આ છેલ કટારી. અહા. ૨
ઘાહેલ કીધી હૈડાની અંદર થાય છે વેદના ભારી. અહા. ૩
શાન્ત રહે નહી મનડું મારૂ, મળવાને ચાહે મોરારી. અહા. ૪
મોહ પમાડી મોરલી નાદે, ધીરજ રહે નહી ધારી. અહા. ૫

કૃષ્ણજી.

એકદમ પ્રગટ થઈ સઘળી સખીઓ પ્રતે કહેવા લાગ્યા.

રાગ ગજલ.

સાંભળી આ શબ્દ થયો લબ્ધ આજે હું,
મોરલીનો નાદ સુણી આવી પ્યારી તું. સાંભ. ટેક.
ઘોર શબ્દ મોરલીનો મોહીતું અહી;
ભલે સીધાવી ભામની આ વનની મહી. સાંભ. ૧

માગ્ય માગ્ય મુખથી આ વનમાં અરે,
પુરણ કરીશ પ્રેમદા વિચાર શો કરે. સાંભ. ૨

રાધાજી.

રાગ ઉપર પ્રમાણે.

માગીએ શું મુખથી છે આપની તો આશ,
ઇચ્છા પ્રભુ છે એટલી રમાડો આજે રાસ. માગી. ટેક.
રાસ તો રમાડવા પ્રભુ કરોને મહેર,
વદન જોઈ વીઠ્ઠલા થઇ છે લીલા લહેર. માગી. ૧
અર્જ મારી એટલી આ ઉરમાં ધરો;
લક્ષ ગોપી લક્ષ કાન રાસમાં કરો. માગી. ૨

ગરબો.—રાસલીલા.

તમે ઓરાને આવોરે કહું એક વાતલડી—એ રાગ.
આ મોહન મળીયારે વનમાં રાસ રચાવી,
ફરે ગોપી સઘળીરે અંગ ઉમંગેથી આવી. ટેક.
આ નાચે છે નટવરરે ગોપી તાળી લે છે;
ઠમકતી ચાલેરે કમ્મર વાળી લે છે. આ મો. ૧
રૂમઝુમ રૂમઝુમરે ઝાંઝરીયાં ઝમકે છે,
આ નેપુર બાજેરે ઘુઘરડી ધમકે છે. આ મો. ૨
આભુક્ષણ ઓપેરે ચુડીલા ચળકે છે;
કાજળીયાં સાર્યાંરે વાળીઓ લળકે છે. આ મો. ૩
આ સેંથે સીંદુરરે વેણી ગુંથી છે,
રાધાજી કહે છેરે આ રાસ પ્રભુથી છે. આ મો. ૪

અંક ત્રીજો.

સ્થળ રાધાજીનું મંદિર.

રાધાજી સઘળી સખીઓ પ્રત્યે કહેવા લાગ્યાં,

ચાલો બહેનો આપણે જુમનાંજી નહાવા જઈએ.

રાધાજી.

રચના આ કેવી કીધી જગકીરતાર—એ રાગ.

જાવુંછે સખી મારે જુમનાંજી નહાવા કાજ, જુમનાંજી નહાવા કાજ (૨)

જાવું છે સખી મારે જુમ. ટેક.

સાખી.

જુમનાં જાવું જાળવી, નહાવું નર્મળ નીર,

વસ્ત્ર ઉતારી કાંઠડે, કરવું સુચ્છ શરીર.

સત્ય ભામાજી.

સાંભળતું બેની મારી કહું સાચેસાચી વાત, સાચેસાચી વાત છે (૨)

સાંભર તું બેની મારી કહું. ટેક.

સાખી.

સાચુ કહું છું સાંભળો, બેની મારી આજ,

છાંનાં માંનાં સંચરો, જાણે નહિ વ્રીજરાજ.

રાધાજી.

કપટીછે બેની કાળો જશોદાજી કેરે દ્વાર, જશોદાજી કેરે દ્વાર. (૨)

કપટી છે બેની કાળો જશો. ટેક.

સાખી.

ઊભો જોયો આંગણે, હવડાં નંદને ઘેર;

ચાલો બેની લાગ છે, જાણે નહિ કોઈ પેર.

સુખેથી સખી ચાલો જુમનાંજી નહાવા કાજ, જુમનાંજી નહાવા કાજ (૨)
સુખેથી સખી ચાલો જુમ. જુમ૦

સ્થળ જુમનાંજીનો કીનારો.

સઘળી સખીઓ જુમનાંજીમાં જઈ કીનારા ઉપર કદમના વૃક્ષ નીચે વસ્ત્ર ઉતારી નગ્ન સ્વરૂપે નહાવા લાગી તે વખત એકદમ કૃષ્ણજી આવી સઘળા વસ્ત્રનો બચકો બાંધી કદમના ઝાડ ઉપર ચડી ગયા તે જોઇ સઘળી સખીઓ જંખવાણી પડી ગઈ ને કહેવા લાગી.

રાધાજી.

રાગ મલાડ.

કહું કૃષ્ણજી આજે આમન છાજે, આવી બાઝે, લાજે સખીનો સાથ,
લાજે સખીનો સાથ એ કૃષ્ણ લાજે સખીનો સાથ.
કહું કૃષ્ણજી આજે આમ ન છાજે આવી બાઝે, લાજે સખીનો સાથ ટેક.
લાજે સખીનો સાથએ કૃષ્ણ વસ્ત્ર વિના શરીર,
અવર કુંવર તમે અલબેલાજી આપો અમારાં ચીરરે. કહું. ૧
ચીર વિનાની ચતુરા નારી, ઉભી રહી જળ માંય;
વસ્ત્ર હરી તમે વિઠ્ઠલા, ચડી બેઠા કદમની છાંયરે. કહું. ૨
વસ્ત્ર અમારાં આપો ઉતારી, વાર ન કરશો લગાર,
અવર કુંવર તમે અલબેલા અમે વસ્ત્ર વિના આ વારરે. કહું. ૩
કંચુંકી ચુકી ચૈણીઓ આજે, સાડી ઉતારી પાર;
અંગ મધ્યે એક વસ્ત્ર મળે નહિ, સમજો દિન દયાળરે. કહું. ૪

કૃષ્ણજી.

રાગ ધનાશ્રી.

શાની આવે છે તને લાજ પ્યારી મારી, શાની આવેછે તને લાજ. ટેક.
જળ જુમનાં જળ ઝીલણુ કરતાં, સત્ય વચન કહું આજ. પ્યારી. ૧

એઠક અમારી વસ્ત્ર ભરાવ્યાં, ચોરી ચડાવાની કાજ. પ્યારી. ૨
જાવો જઈ ફરિયાદ કરોને, બીતો નથી વ્રીજરાજ. પ્યારી. ૩
નગ્ન શરીરે દોડતાં જાવો, વસ્ત્ર મળે નહી આજ. પ્યારી. ૪

રાધાજી.

મેતાજીરે શું મહીનું મુલ જણાવું—એ રાગ.

અલબેલારે વસ્ત્ર વિનાની નારી, તમે જળમાં નાખો મારી. ટેક.
તમે જળમાં નાખો મારીરે, જેથી નીકળવું નહિ પાળીરે.
મને તાતનીરે આજ નથી પતિયારી. તમે. ૧
જો જાણે માત આ મારીરે, ભાઈ કરતાં ભોજાઈ નઠારીરે,
વણુ મોતેરે મરવું પડે મોરારી. તમે. ૨
શું જીવન જીવી કરવુંરે, હવે વહાલું લાગે છે મરવુંરે;
અબળાનીરે અરજી ઉરમાં ધારી. તમે. ૩
શું ઝાઝું કહેવું તમનેરે, નથી જીવવું ઘટતું અમનેરે;
લજવાવીરે લાજ લીધી આવારી. તમે. ૪
શું વારવારી વરણુંરે લજવાવી લઉ છું તરણુંરે;
તરણાનીરે તોલે કીધી વ્રીજનારી. તમે. ૫

કૃષ્ણજી.

એ શું બોલો રાજાજી. એ શું બોલો રાજાજી—એ રાગ.

વ્રીજની નારી ધુતારી (૨) સુન પ્યારી મારી. વ્રીજ. ટેક.
ધુતપણામાં છે તું ધુતારી, (૨) નારી ભારી ઠગારી. (૨)
સુન પ્યારી મારી, વ્રીજ. ૧
આંખ મરોડે કાલજુ કોરે, (૨) મોરે મનની હરનારી. (૨)
સુન પ્યારી મારી. વ્રીજ. ૨
વસ્ત્ર મળે નહી હે મમ પ્યારી, (૨) મનની મોજે અમારી. (૨)
સુન પ્યારી મારી. વ્રીજ. ૩

સઘળી સખીઓ પ્રતે.

રાધાજી.

રાગ બલવાની ઠુમરી.

લજવી લજવી લજવી સખીઓ આ સ્યામ હવે તો શું કરશે, લજ. ટેક.
વસ્ત્ર વીનાનું શીથેળ વદન આ જળ માહે ધરણી ઢળશે. લજ. ૧
મતીઓ મતમાં આવી આજે બેઠો તે કેમ ઉતરશે. લજ. ૨
વારંવારી વિઠ્ઠલ આગે કોણ હવે તો કરગરશે. લજ. ૩

સત્ય ભામાજી.

રાગ મેવાડો.

તને ઝાઝુ શું કહેવું આજરે, વીયોગી વીઠુલા.
જળ જુમનાંમાં લીધી લાજરે વીયોગી વીઠુલા. ટેક,
વસ્ત્ર વીયોગી વીઠુલારે ઉભી રહી જળ માંય.
બળ્યું કહી અમે બીજીએરે (૨) શું સમજે છે તું આંય. તને. ૧
તમ તમ તો તું ફુગરીરે કરતો ઝાઝુ જોર;
લજ્યા ઉરમાં ધારીએ અમે લજ્યા ઉરમાં ધારીયે,
તું શું સમજે નઠોર ભલા તું શું સમજે નઠોર. તને. ૨
છાનો માનો સંચરીરે વસ્ત્ર ભરાવ્યાં ડાળ,
અકકલ પહોંચી એટલી ત્યા (૨) શું સમજે પીડાળ.
ભલા તું શું સમજે પીડાળ. તને. ૩

કૃષ્ણજી.

એ ફીકરસે રહેના બેટી હાર લાતા હું—એ રાગ.

ઘેલી ગોપી વીચારી આજે વાણી વદે તું,
આજે વાણી વદે તું આજે વાણી વદે તું. ઘેલી. ક.ટે

શું સમજે છે મનમાં તારા અલી વીચાર છું;
પાછળથી પસ્તાવું પડશે નક્કી સમજે તું. ઘેલી. ૧
સોર કરે શું કરવા ખાલી બકબક કરતી આજ,
જોબન કેરૂ જોર જણાવે આવે મુજને લાજ. ઘેલી. ૨
લજ્યા લોપી બોલે ગોપી કૃષ્ણ સખીને કાજ;
વસ્ત્ર તણી આશા નવ રાખે મેણું બોલી આજ. ઘેલી. ૩

સઘળી સખીઓ.

એકદમ પુકાર કરી કહે છે.

જુવો ઉધે ઘેરાણારે, કેવો લાગ બન્યો છે આહાર—એ રાગ.
સખી સઘળી પુકારેરે આપો વસ્ત્ર અમારાં મહારાજ. ટેક.
વસ્ત્ર વિનાનું વદન અમારૂ જળમાં છુપાવ્યું છે આજ. સખી. ૧
વગર વિચાર્યું બોલી તમોને, ક્ષેમા કરોને મહારાજ. સખી. ૨

સત્યભામાજી.

રાધાજી પ્રત્યે કહેવા લાગ્યાં બેન કાંઈ કરીને સમજાવો તો ઠીક હદ થઈ ગઈ છે, તે સાંભળી રાધાજી કૃષ્ણને કહે છે.

રાધાજી.

વિશ્વપતિ શું આ કોપ અબળાપરે—એ રાગ.

અરરર હાય હવે થાય શુંઅરે, નકામી વસ્તુઓ હરી કૃષ્ણ શુંકરે. અર ટેક
કાંમની વસ્તુઓ હરી હોતતો નકહેત, નકામીવસ્તુઓ હરીકરીરે ફજેત. અ. ૧
કાંમની વસ્તુઓ હરી હોતતો ખરી, કંચુકી મહી ચૈણીયા શું કરવાહરી અ. ૨
લીલી પીળી સાડીઓ બહુ કસએભરી,અબળાનાં ઓઢણાં શું કરવાંહરી અ. ૩
બીજી વાતેથી મુને પડેછે હવેવહેમ, સાડીઓ પહેરાવામાટે કર્યુંહશે એમ અ. ૪
સોળસે સખીનો પુરો વાયદો હશે, સાડીઓ પહેરાવીને શ્રીકૃષ્ણજીજશે. અ. ૫

એટલું કહેતામાં એકદમ કૃષ્ણજી હશી પડી પ્રસન્ન થઈ વસ્ત્ર સોંપી દીધાં તે જોઈ સઘળી સખીઓ વસ્ત્ર અંગીકાર કરી ખુશી થઈ ગરબો ગાવા લાગી.

ગરબો.

ચાલો સખી શ્રી બહુચર માતનો ગરબો ગઈએ,
નવરાત્રી નવ દિન માતાજીના ગુણને ગઈએ ટેક.
સોળ સજી શણગારનેરે લોલ, ગરબો ગુમાવાને કાજજો,
નેપુર બાજેછે રૂડે પાવલેરે લોલ. ૧
રૂમ ઝુમ રૂમ ઝુમ કરતી નાર, રમે છે રૂડા ચોકમાંરે લોલ.
ગોરી ખેલ કરે અપાર, ઠમકતી ઠાઠમાંરે લોલ. ૨
કરમાં લેછે તારી બાળા બની બાવરીરે.
કુંમકુંમ કેસર ગોળી છાંટેછેઅપાર રંગે રગીલી રમેછે રૂડા ચોકમાંરે

સાખી.

કેસર ગાગર કર ગ્રહી, છાંટે છે અપાર,
તાલ મ્રંદગ સીતારનો, એક થયો છે તાર.
થેઇ થેઈ થેઈ થેઈ કરતી ફરતી સઘળી નારીઓરે.
દોમ દોમ દીમ દીમ દીમ દીમ દનનન બાજે તાલ. રંગેરંગી. ૩

અંક ચોથો.

સ્થળ—વંદ્રાવનનો.

રાધાજી મહી લઈ મથુરાંમાં વેચવા જાય છે તે શ્રીકૃષ્ણજી એ જતાં દેખી કહેવા લાગ્યા.

કૃષ્ણજી.

રાગ બનઝારાને મળતો.

રહે ઉભી અલી વ્રીજનારી, વન મધ્યે તું ચોર અમારી ટેક.
વન મધ્યે તું ચોર અમારી, ગોરસ આ લેવું ઉતારી.
શું છે મનમાં, તેજ છે તનમાં, ઉભી રહે વનમાં;
પ્યારી મારી દીલ જાન, શું છાની રહે વ્રીજનારી. વન. ૧
અલી દહાડી ચોરી કરતી, દીલમાં તુંતો નવ ડરતી;
આવી હાથે, કોણ છે સાથે, ગોરસ માથે.
પ્યારી મારી દીલજાન આ વખત વાત છે તારી. વન. ૨
શું સમજી મારગ જાતી, ચાલે તું મદમાં માતી;
જોઈ જાણી, ભુલાવી દાણી, થઇ શાણી.
પ્યારી મારી દીલ જાન, આ વાત લે મન વીચારી. વન. ૩
સાંભળ તું શાણી આજે, મારગડે તત્પર થાજે;
નહી છોડું, પ્રીતિ તોડું, ગોરસ ફોડું.
પ્યારી મારી દીલજાન શું છાની રહે વ્રીજનારી. વન. ૪

રાધાજી.

રાગ ઉપર પ્રમાણે.

રહે છાનો આહીર આવારી, જોઈ જોઇ બહાદુરી તારી. ટેક.

બાહાદુરી તારી જોઈ, જાણે સ્યા બીજમાં કોઈ.
આચાળા, કૃષ્ણજી કાળા, મોરલીવાળા.
કાળા કરે શું આમ, આ વાત થશે બીજ મારી. જોઈ. ૧
અલ્યા આહીર ઓછી જાતે, સમજે નહી એકજ વાતે.
જોને વીચારી, સાસુ મારી, નણંદ નઠારી.
કાળા કરે શું આમ. શું રોકે ગોકુળ ગિરધારી. જોઈ. ૨
બખુ ભાણુ તણી હું બેટી, ઠીક કહું છું રહેજો છેટી.
નહી દેવા, શું લેવા, પડી હેવા.
કાળા કરે શું આમ, નહી દાણુ મળે આવારી. જોઈ. ૩

કૃષ્ણજી.

લાગે તબવેણુ ભગની આજ સરશમ—એ રાગ.

સુણી તુજ બોલરે મમ પ્યાર આ દનંમ,
લાગી જ્વાળ અરે બીજનાર આવનંમ. સુણી. ૧
કીધું વહેર વાપ્યું ઝેર આ દેહનંમ;
લેવું લાજ કરૂ કાજ થાય વીલંમ. સુણી. ૨
સાંભળ આજ નાવીલાજ આદનંમ,
સુતો સિંહ જગાવ્યો તીઆભુવનંમ. સુણી. ૩
અરે બીજનાર કરે શો વીચાર તુંજ મનંમ;
દે દાણુ શાની રોકાણુ આ વનંમ. સુણી. ૪

રાધાજી.

છાંનો રહે તું આહીરડા, તારા મનને વિચારજી,
અવની ઉથાપી ઊંધી વળે, દાણુ ન આપું આ વારજી. છાનો. ૧

કૃષ્ણજી.

એ શું બોલી ત્રીજ વિનતા, માર્યાં છાતીએ બાણજી,
દાણ લેવુંરે ક્ષણ એકમાં, બેટી જેને બખુ બાણજી. એ શું. ૨

રાધાજી.

બાંધે લાવી તુંતો ગોદડું, તાણી તાણીને કસજી;
મહીનાં મટુંકાં મહા મૂલનાં, રાજા કંસનો દસજી. છાનો. ૩

કૃષ્ણજી.

કંસ કુબુદ્ધી નર તાહરો, મારો એ છે મુશાળજી,
કાળ કરૂ અલી તે તણો, તારા તે શા બારજી. એ શું. ૪

રાધાજી.

કાળ કરે લ્યા શું તે તણો, એ તો મોટો ભુપાળજી;
મથુરાં નગરની એ ગાદીએ, તુંતો પશુંનો પીડાળજી. છાનો. ૫

કૃષ્ણજી.

પશું ચારૂ અલી પ્રેમથી, વનમાં હું બારે માસજી,
મેણું બોલી અલી રાધીકા, રાખે ન છુટવાની આશજી. એ શું. ૬

રાધાજી.

આશ અમારે લ્યા કંસની, વાસું તેને હું વાસજી;
દાણ મળે નહી દોકડો, સાચું માની લે આજજી. છાનો. ૭

કૃષ્ણજી.

ક્ષત્રી કલંક.

કેવાં ખોટાં વદે મુખ વેણ, મહીયારી મહી લુટી લેવુંરે;
તારાં કપટી દીસે છે નેણ, મહીયારી મહી લુટી લેવુંરે.
થઈ કંસથકી તું લીન, મહી તુંતો થઈ છે કંસ આધીન મહી. ૧

તારા કંસને કરજે જાણ, મહી. ક્ષણું એકમાં લેવું દાણ. મહી. ૨
બોલી બોલ ઘણા દુઃખ દાય. મહી. હાથેઆવી નાશી હવે કયાં જાયમ. ૩
કીધું તસ્કરનું તે કામ, મહી, લેવું લુટીઆજે બમણા દામ મહી. ૪

રાધાજી.

નજા બંધુ વીજય પ્યારા, ગયા સુખી દિવસ મારા—એ રાગ.

કેમ આ કોપ કરો આવો, પ્રભુ પહોંચે નહી દાવો. કેમ. ટેક.
અબળા સાથે આળશું કરતા, ફરતા ફરો જઈ વંન.
જશો મતિ તંન, અરે આ દંન, સમજ લ્યો મંન. કેમ. ૧
રાજ વીકટ છે કંસતણું આ, જાવોને કુશળ ક્ષેમ;
પડે નહિ વહેમ, કહું છું એમ, જાવો છોડી નેમ. કેમ. ૨
કહું છું સાચું આ વન માંહે, સમજોને શ્રીરામ;
કરો કેમ આમ, રાધા મારૂં નામ, મળે નહિ દામ. કેમ. ૩

કૃષ્ણજી.

રાગ ઉપર પ્રમાણે.

એ શું પ્યારી વદે મારી, રહે છાંની તું વ્રીજનારી. એશું ટેક.
ખોટું વદે શું મુખ થકી આ, લેવાનો અહી લાજ;
અલી વ્રીજરાજ, તે તરપર આજ, પડે જેમ બાજ. એશું. ૧
બાર શો તારો આ વંન માંહે, કહું છું કરી પુકાર;
થજે તેયાર, મારૂ અહી માર, કરે કોણ વાર. એશું. ૨

રાધાજી.

રાગ મહાડ.

ઓછી જાતછે તારી, બાલ કુવારી, છું મહીયાળી, આહીરડા અજાણ;

મુકી મારગ જાતું, અનર્થ થાતું, માંન ગમાતું, આહીરડા અજાણુ. ટેક.
આહીર ઓછી જાત છે તારી, જાણી હવે મે પેર;
મથુરાં નગરથી ગોકુળ આવી, પેટ ભરે પર ઘેરરે. ઓછી ૧
વાર કરે શું વાટે જાતાં, અન્યાથ મોટા એ;
સાચું કહેતાં દુઃખ લાગે, તને કન્યા કોઈ ન દે. ઓછી. ૨

કૃષ્ણજી.

ક્ષત્રીકલંક.

મેણું બોલી અલી ઠીજનાર, અઘોર વનની આ મહીરે;
ઓછી જાત તને ધીક્કાર, અઘોર વનની આ મહીરે.
અલી કંસની કરતી આશ, અઘો. તારે નાશવું હોય તેમ નાશ. અઘો. ૧
અલી વાવ્યું તે વીખનું મૂળ, અઘો. કરૂં ભાગી ગોરસ ચકચુર. અઘો. ૨
મેણું દેતાંના આવા લાજ. અઘો. કોપ્યા સાંકો કહે મહારાજ. અઘો. ૩

રાધાજી.

રાગ મહાડ.

પ્રભુ પાયે લાગું, જાતું હાગું, માફી માગું, અઘોર વંનની માય;
મારી રક્ષા કરજો, વેણુ વીસરજો, ફિર નવ ધરજો, અઘોર વનની માંય. ટેક
અઘોર વંનમાં અરજ કરૂંછું, ભુલી ગઈ હું ભાન,
વાયું ઝપાટે ઘેલી બની હું, સુધ રહી નહિ સાનરે. પ્રભુ. ૧
ગોરસ મારાં આપું ઉતારી, છોડો મનની રીશ;
વગર વીચારૂ બોલી હું તમને, જાણ્યા નહિ જુગદીશરે. પ્રભુ. ૨
દાણનું દાપું આપું તમને, અર્જ કરૂ છું છેક;
રાધે કહે છે અંતરજામી, રાખો જરા વીવેકરે. પ્રભુ. ૩

કૃષ્ણજી.

નજા બંધું વીજ્ય પ્યારા—એ રાગ.

કેવી શાણી થઈ ગોરી, કરવા દાણ તણી ચોરી. કેવી. ટેક.
શાણી થઈ શું છેતરવાને, ખોટા કરી ઉપાય;
અરે હાય હાય, આ દીલને દુભાય, અલી વંન માયે. કેવી. ૧
કઠણ વચન વાપ્યાં આ તનમાં, વનમાં કરે શું વાર;
અરે વ્રજનાર, ગોરસ આ ઉતાર, થયા હવે બાર. કેવી. ૨

રાધાજી.

લાગી છે તરશ મા પાણી પા—એ રાગ.

પ્યારા પ્રભુ ચરણ ચીત્ત જાયરે, (૨) જાએ આ મનહર ખાયરે. પ્યા. ટેક.
દાણનું દાપું આપું લ્યો તમને, જાને ઘો જાદવ રાયરે. પ્યારા. ૧
માફ કરો મુજ બોલ વિસારી, ભારી ગુન્હો મમ માયરે. પ્યારા. ૨
રાધે કહે પ્રભુ સરણે તમારે, જાવું મથુરાંની માયરે. પ્યારા. ૩

કૃષ્ણજી.

કરો તમે રાજ પરવાશી—એ રાગ.

સુનો વ્રીજનાર આ વંનમે, થયો હે વર્ષ આ તનમે. સુનો ટેક.
પ્રીત સમવેણ અરે પ્યારી, રહે તું સંગમાં મારી. સુનો. ૧
મુકી દેવું દાણનું દાપું, અલી લે કોલકર આપું. સુનો. ૨
રમીલે રંગ અરે ગોરી, મુકીદે વંન અલી ચોરી. સુનો. ૩
કહું છું છેક આ વાણી, અરે વ્રીજનાર લે રસમાણી. સુનો. ૪

રાધાજી.

સૈયર ગુંથી લાવ્ય ગુણીઅલ ગજરો—એ રાગ.

થયો પ્રભુ હર્ષ વનમાં અપારી. ૨ થઈ દાસ હવે વ્રજનારી. થયો. ટેક.

કરો પ્રભુ કાજ આજ અમારૂ, મને લાગે આ વંન બધું સારૂ;
પ્યારૂ લાગે આ વદન તમારૂ. થયો. ૧
કીધી છે કૃપા દયા દીલ લાવી, પ્યારી વંનમાં પ્રભુજી બચાવી;
હુંતો સરણે તમારે આવી. થયો. ૨
કીધી પ્રભુ મહેર આનંદે આણી, મોહ પામી રાધીકા રાણી.
મહેર કીધી શ્રી નંદના દાણી. થયો. ૩

ગીતી.

હર્ષ થયો પ્રભુ ભારી, વારણું લઉ વનમાં વારંવારી;
પ્યારી પારના પામી, નામી ચરણે આ મહીયારી. ૧

—— o ——

અંક ૫ મો.

સ્થળ વંદ્રાવંન.

રાધાજી મથુરે જઈ મહી વેચીને પાછાં આવતાં હતાં તે વખત પાછાં કૃષ્ણજીએ રોકયાં તે જોઈ રાધાજી કૃષ્ણજીના સામુ જોઈ હસી પડીને કહેવા લાગ્યાં.

રાગ બહેવાની ઠુમરી.

શીદ રોકત હો મહારાજ છે કાજ આ, લાજ તજી તુમ આગે ખડી. શીદ.
આમ શું આળ કરો મનમોહન, જાવું છે દુર વાટલડી. શીદ. ૧
મથુરેથી જાવું ગોકુળ નગરીઆ, દીન રહ્યો અબ એક ઘડી; શીદ. ૨
અધાર વનમાં અર્જ કરૂ છું, અબતો મોહન તુજ પાયે પડી. શીદ. ૩
રાધા કહે પ્રભુ અંતરજામી, આવી તમારી હું પાસે ખડી. શીદ. ૪

કૃષ્ણજી.

લાવણી.

દેખો આ નૌતમનાર, સજી સનગાર, હાર છે કેવો.
બહુ બની રહ્યો ગુલજ્યાર, હાર એ લેવો. દેખો. ટેક.

ગોરા છે કેવા ગાલ, મુખડું લાલ, લાલ લલકારી;
બહુ બની બાવરી આજ, સુરત ખુબ સારી. દેખો. ૧

કપટી છે કેવાં નેણુ, ઇપ્રીત સમવેણુ, અરે મદમાતી.
તાણી બાંધી છે કસ કઠણ છે છાતી. દેખો. ૨

રહી સજી સોલ સંનગાર, અરે મમ પ્યાર, હાર આ લેવા;
તને નહી મળે ફક્કડ અમારા જેવા. દેખો. ૩

કેસર કુમકુમ લેલાટ, ટીલડી ટાટ, ઓપતી સારી;
આંજી છે અંજન મેશ આંખમાં તારી. દેખો. ૪

કર કંકન કંચન જડી, ચાતુરી બડી, ચુડલી કેવી;
જોને તું આ ફક્કડ રાતડી શેવી. દેખો. ૫

ચાલે તું રૂમઝુમ ચાલ, મારતી ફાળ, લાલનું ગાલે;
મોહ્યો છે સારો જુગ મંનડું આલે. દેખો. ૬

શેંથે પૂર્યો સીંદુર, પાંથી છે પુર, કેશને છોડી;
શું સમજે મનની માંહ્ય, નાખીયે તોડી. દેખો.

ખુબ સુરત જોઇ આ વાર, લગ્યો હે પ્યાર, અરે અલબેલી;
સાંકો કહે છે સંસાર શોભતી વેલી. દેખો. ૮

રાધાજી.

કહુછું નશીબે દુઃખીઓ કીધો છે—એ રાગ.

હાજર તારી દાસ ઉભીઆ, મોહન મારગ અમારો મુકીજા. હાંજ.
મોહન મારગ આ મુકીજા તું, વાલમ વાટે દુઃખી દીલ થાતું. હા. ૧
દીન ઘડીઆ એક રહ્યા છે, આથમવા રવી ભાણુ થયો છે. હા. ૨
મથુરેથી પ્રભુ ગોકુળ જાવું, મોહન મારગે દીલને દુભાવું. હા. ૩
રાધા કહે પ્રભુ અર્જ છે થોડી, ગોકુળ જાવા કહું કરજોડી. હા. ૪

કૃષ્ણજી.

રાગ ઉપર પ્રમાણે.

સાંભળ પ્યારી અલી વ્રીજનારી, દેખી દીલ આજે થયો હર્ષ ભારી. સાં.
હર્ષ થયોછે દીલ અમારે, જાનેલી ગોપી મારગડે તું તારે. સાં. ૧
તુજ દેખી મુજને હર્ષ ઘણેરો, ઈંપ્રીત સમવેણ ચાહત દીલ મેરો. સાં. ૨

રાધાજી.

રાગ ઉપર પ્રમાણે.

શબ્દ સુણીને લબ્ધ થઇ છું, મોહન મારગે મોહી રહી છું. શબ્દ.
મારગ મોહી સાંકો કહે તમને, આશપુરી પ્રભુ શીખ દીએ અમને. શ. ૧

બોધ.

જગતમે જીવના થોરા, માંકુલે દેખી તન ગોરા—એ રાગ.

સદામે દાસ તો તેરા, નીભાવોને ગુન્હા મેરા. સદા. ટેક.
હજાર હાથથી વહાલા, કેરોને સહાય છોગાલા. સદા. ૧
ધરૂ છું ધ્યાન તો તારૂ, છે જક્તની માહે અંધારૂ. સદા. ૨
દીઠા નજરે જુવો કેવા, ભરે પાણી ઘરે દેવા. સદા. ૩

વળી વાશીદું પવન વાળે, એવા કરી ચોટ લીધા કાળે. સદા. ૪
મશાણે જઈ સુતા તેતો, નથી કાઇને હું શીખ દેતો. સદા. ૫
હશે ચુકો અરે મારી, અકળતો ગતિ વીભુ તારી. સદા. ૬
લીલા તારી અપારી, નાંધારાંના આધારી, સદા. ૭
કહે કરજોડીને સાંકો, સદા તારા છીએ રાંકો. સદા. ૮

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર મુબારક ગ્રાહકોનાં નામ.

મુ૦ વડોદરા.

રા. રા. વિઠ્ઠલદાસભાઇ નાગરદાસ ઈજીનિઅર

મુ૦ નારદીપુર.

રા. બાપાલાલ દોલતરામ જોશી
રા. સાંકળચંદ છગનલાલ દવે
રા. લાલજી પ્રાણશંકર ભટ્ટ
,, વિઠ્ઠલભાઈ છોટાભાઈ પંડયા
,, ઊગરચંદ ભુલાભાઇ જાની
,, હરગોવન વસંતરામ ઝાલા
,, રેવાશંકર મોતીરામ મહેતા
,, ગોવરધન બહેચરભાઇ જોશી
,, ડાહ્યાભાઇ લલ્લુભાઈ શાહ
,, લલ્લુભાઇ બાપુભાઇ ગાંધી
,, મોહનલાલ નાનદાસ પટેલ
,, નાથાલાલ મોતીરામ સોની
,, બબલભાઇ નાનચંદ સોની
,, ત્રીકમલાલ વેણીરામ ઝાલા
રા. લલુભાઇ ઘેલાભાઇ જોશી
રા. ભાઇશંકર ઉમીયાશંકર રાવળ
રા. માણેકલાલ જેશારામ પંડ્યા
રા. મોહનલાલ ગીરધરભાઈ ઝાલા
રા. મોહનલાલ મગનલાલ પંડ્યા
રા. ભાઇશંકર આદીતરામ મહેતા
રા. રતનલાલ મૂળશંકર મહેતા.
રા. કેશવલાલ પરભુદાસ શાહ
રા. અંબાઇદાસ છગનલાલ ગાંધી
રા. ઉમેદભાઇ છગુભાઇ પોલીસ પટેલ
રા. બબલભાઇ પાનાચંદ સોની
રા. મોહનલાલ નાનચંદ સોની
ભાવસાર મોહનલાલ ગીરધરભાઇ
ભાવસાર પાનાભાઇ વીરચંદ
ભાવસાર બબલભાઇ ગીરધરભાઇ
ભાવસાર બહેચરભાઈ પુંજાભાઈ
રા. મગનલાલ બેહેચરભાઇ પટેલ
ભાવસાર મોહનલાલ પુંજાભાઇ
ભાવસાર પરભુદાસ છગનલાલ
ભાવસાર છગનલાલ પાનાચંદ
,, અમુલખ નાગરભાઇ
,, ભાઇચંદ જીવાભાઇ
,, મનસુખભાઇ ભાઈચંદ
ભાવસાર રામાભાઇ પરસોતમ
રા. ગુલાબજી મોતીજી વાઘેલા
ભાવસાર દેવચંદ પુંજાભાઇ
ભાવસાર મગનલાલ દામોદર
ભાવસાર લલ્લુભાઇ ડુંગરભાઇ
,, છગનલાલ નથુભાઇ
,, શામળભાઇ જેઠાભાઇ
,, છગનભાઇ જીવાભાઈ
,, હરજીવન ડાહ્યારામ

,, ગીરધરભાઈ ડાહ્યારામ ,, પરસોતમ જેચંદ–સેહેજ
ભાવસાર વીરચંદ માનચંદ રૂપાલ. ,, ડાહ્યારામ જીવાભાઈ
ભાવસાર નાથાલાલ મુળચંદ ,, ઊમેદભાઈ માણેકચંદ

મુંબાઈ.

ભાવસાર હરગોવનદાસ તુળશીદાસ જર્મન સિલવરના વેપારી.
,, હાથીભાઈ તુળશીદાસ ભાવસાર મોહનલાલ તુળશીદાસ
,, ચુનીલાલ તુળશીદાસ ,, શામળદાસ લાલચંદ
,, છગનલાલ કસ્તુરદાસ ,, ત્રીભોવનદાસ ઊમેદરામ

સરસપુર.

ભાવસાર મોહનલાલ છગનલાલ ભાવસાર છગનલાલ ઘેલાભાઈ
ભાવસાર શામળભાઈ ભાઈચંદ ભાવસાર મુળચંદ રામદાસ
ભાવસાર છનાભાઈ રવીચંદ ભાવસાર અમથાભાઈ પ્રેમચંદ
,, કીશોરભાઈ મોતીચંદ ,, શોભાભાઈ જમનાદાસ
,, રણછોડલાલ ભાઈચંદ ,, ચુનીલાલ ગીરધરદાસ
,, ઇચ્છાભાઈ પાનાચંદ ,, ગુલાબચંદ ત્રીભોવનદાસ
,, ત્રીકમદાસ રાયચંદ ,, અમથાભાઈ ઘેલાભાઈ
,, ત્રીકમલાલ કુબેરદાસ કૉપીરાયટર ,, હરગોવનદાસ શામળદાસ
,, છગનલાલ શામળદાસ ,, ખુશાલભાઈ ભાઈચંદ

નાંદોલ.

ભાવસાર શામળદાસ વીઠલદાસ ભાવસાર ફકીરભાઈ પીતાંબરદાસ

કલોલ.

રા. ચુનીલાલ જેશીંગભાઈ દેશાઈ રા. વિઠલદાસ મુળચંદ સોની
રા. ભાઈજીભાઈ મનસુખરામ સોની રા. માનચંદ રાયચંદ સોની
,, નાથાલાલ હીરાચંદ સોની ,, લલુભાઈ ગંગારામ સોની

સાન્થળ

ગીરધરભાઈ ખેચરભાઈ સોની મગનલાલ ભાઈચંદ સોની
મણીલાલ ગીરધરભાઈ સોની ચકાભાઈ મગનલાલ સોની

અમદાવાદ.

રા. બાલાભાઈ નથુભાઈ શાહ રા. જેશીંગભાઈ હીરાલાલ

રા. મોહનલાલ છોટાલાલ શાહ
રા. જેશીંગભાઇ ઉમેદરામ શાહ
રા. કુબેરદાસ શીવલાલ પટેલ
નાનચંદ ગબડભાઇ ઘાંચી
મોહનલાલ ખુશાલભાઇ સોની
મનસુખરામ હીરાચંદ સોની
ચતુરભાઇ પરસોતમ સોની
રા. જેશીંગભાઇ છોટાલાલ શાહ
રા. મોહનલાલ દોલતરામ શાહ
રા. ચુનીલાલ હરીવલ્લભ શાહ
છગનભાઇ ડુંગરશી સોની મુ. સરસપુર
અંબાલાલ ગમલ શાહ
શીવરામ હીરાચંદ સોની
મોહનલાલ પરસોતમ સોની

પેથાપુર.

ભાવસાર ઘેલાભાઇ ભગવાન
ત્રીકમદાસ પાનચંદ ભાવસાર
માણેકચંદ નાનચંદ સોની
સોમાભાઇ નાગરદાસ સોની

વાસણા

ભાવસાર મુળચંદ છગનલાલ
ભાવસાર પરસોતમ લખમીચંદ
ભાવસાર નાગરદાસ છગનલાલ
ભાવસાર માધાભાઈ દેવચંદ

માણસા.

મુળચંદ છગનભાઇ સોની
ગીરધરભાઇ કેવળદાસ સોની
ભોગીલાલ હાથીભાઇ સોની
મોહનલાલ કેવળદાસ સોની
ગોકળભાઇ હરજીવનદાસ સોની
હરગોવનદાસ છગનદાસ સોની

વસાઇ.

મોહનલાલ જીવરામ સોની
માણેકચંદ મનસુખભાઇ સોની
ઘેલાભાઇ મોતીરામ સોની
લાલજીભાઇ પરશુદાસ સોની

લાકરોડા.

જેઠાભાઇ મુળચંદ સોની
મગનભાઇ હેમચંદ સોની

લાડોલ,

શોભારામ હરીચંદ સોની
હરગોવન મોતીરામ ,,
,, દામોદર સાંકળચંદ સોની
,, છગનલાલ નાલચંદ સોની

દહાદરા.

ચુનીલાલ છગનલાલ સોની
લલ્લાભાઇ રણછોડ સોની
તારાચંદ ચકારામ સોની મુ. વડનગર. ઠે. અરજનબારી દરવાજે.

જરા નજર કરો

વાંચો   વાંચોને   વંચાવો.

॥ ओम् तत्सत्परमात्माने नमः ॥

મહાશય નમસ્તે

વિનંતી પૂર્વક લખવાનું કે આપ આર્ય ધર્મના ઉદ્ધાર અમ તન મન અને ધનથી તથા પૂર્ણ પુરૂષાર્થથી ઉદયના ચીન્હોમાં મોટો ભાગ લેનાર છો જાણી વજ્ઞાપ્ના કરૂં છું કે આપણા આર્ય વૃતમાં સંસ્કૃત વિદ્યા બિલકુલ પછાત પડી છે. ઉંચામાં ઉંચી જ્ઞાતીના માણસો સંખ્યાદાક નોંધ કર્મ કરતા જાવલેજ માલુમ પડે છે તેમ જ સંસ્કૃતનું સારુ જ્ઞાન ધરાવનાર પણ થોડા જ છે આવું જોઈ બહુ ખેદ થાય છે કે આપણે કેવી અધમ ગતીએ પહોંચ્યા છીએ તે માટે સબળ ઉપાયો લેવામાં નહિ આવે તો હાલની ઉછરતી પ્રજા ભવિષ્યમાં કેવી સ્થીતીને ભોગ થઇ પડશે તે કહી શકાતુ નથી માટે તેના બદલ કાંઇ પણ કાર્ય કરવું તે એક દેશ સેવા બજાવ્યા બરાબર છે એવી દેશ લાગણીથી હાલમાં અમદાવાદમાં વેદ પ્રચારક સભા નીકળી છે તેનો મુખ્ય હેતુ એ છે કે ગમે તે પ્રકારે વેદનો ફેલાવો કરવો અને તે આપણી વિદ્યા પછાત પડી છે તેને પુનઃ પુરાતનમાં આણવા યોજતા ઉપાયો લેવા—આને માટે પ્રથમ એક ફંડ કરી પૈસા ભેગા કરવાનું કામ હાલમાં ચાલે છે સાગ પૈસા ભેગા થયે પંડિતો બોલાવી ઉછરતી વયના બાળકોને ધર્મ સંબધીનું જ્ઞાન આપવું એવી રીતે કે ઝટ તેમના કુમળા હૃદય ઉપર સારી રીતે અસર કરી શકે. આ સાહસ જે બંધુએ ઉઠાવ્યું છે તે જાણી અમને બહુ ખુશાલી થાય છે અને વિનવીએ છીએ કે એ ધર્માદા ફંડની વૃદ્ધી માટે જે ઉત્સાહ ભરેલો યત્ન હમણાં સુધી થાય છે

તેમા મદદ કરશે. બાદ મારા ઉત્સાહી સુજ્ઞજનોને વિનંતી કરું છું કે તેઓ ઉપરની સભાને પોતાની બનતી મદદ કરી દેશ સેવા બજાવવા તત્પર થશે તથા આવા મહાન કાર્યોમાં આશા છે કે આપ પુરતો ભાગ લેશો તેમજ આપના મીત્રો તથા સંબંધીઓને આવા શુભ રસ્તે દોરશે. એજ વિનંતી. લી૦ એક દેશ ભક્ત.

રતીલાલ મુલશંકર મહેતા.

નારદીપુર, અગર અમદાવાદ.

ખાડીઆ-મોટા સુતારવાડાની પોળ.

જાહેર ખબર.

આ ગ્રન્થ કવિત્વપણું તેમજ પંડિતાઈ માટે કર્યો નથી. ફક્ત મારી અલ્પમતિ પ્રમાણે મારા દેશીબંધુઓને હું મારા આરંભેલા કાર્યમા સાફલ્ય થાઉ ને આગળ જતાં મનુષ્ય તરીકે મારી ફરજ બજાવતાં શીખું તેટલોજ હેતુ છે. સુજ્ઞેષુ કિમધિકમ્.

પુસ્તક મળવાનું ઠેકાણું.

સાંકળચંદ ગીરધરભાઈ ભાવસાર. મુ૦ નારદીપુર.

તાલુકે કલોલ—પ્રાંત કડી. ઠે૦ મોટી ભાવસારવાડે.

કીંમત ૮ આના.

પોસ્ટ ખર્ચ જુદુ. નાકપોઠ પત્ર લેવામાં આવશે નહીં. એજ.

લી૦ સેવક,

સાંકળચંદ ગીરધરભાઈ ભાવસાર.